ગુજરાતી

દ્વિતીય/તૃતીય (સંપૂર્ણ)

# ગરવી ગુજરાતી

ધોરણ-આઠમું



# ભારતનું સંવિધાન

## ભાગ ૪ ક

## નાગરિકોના મૂળભૂત કર્તવ્યો

**અનુચ્છેદ ૫૧ ક**

**મૂળભૂત કર્તવ્ય - ભારતના પ્રત્યેક નાગરિકનું એ કર્તવ્ય છે કે તેણે -**

(ક) સંવિધાનનું પાલન કરવું. સંવિધાનના આદર્શો, રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનો આદર કરવો.

(ખ) સ્વાતંત્ર્ય ચળવળની પ્રેરણા આપનારા આદર્શોનું પાલન કરવું.

(ગ) દેશના સાર્વભૌમત્વ, એકતા અને અખંડતા સુરક્ષિત રાખવા પ્રયત્નશીલ રહેવું.

(ઘ) આપણા દેશનું રક્ષણ કરવું, દેશની સેવા કરવી.

(ઙ) દરેક પ્રકારના ભેદભાવને ભૂલીને એકતા અને બંધુત્વની ભાવના વિકસાવવી. સ્ત્રીઓના સન્માનને ઠેસ પહોંચાડનારી પ્રથાઓનો ત્યાગ કરવો.

(ચ) આપણી સંમિશ્ર સંસ્કૃતિના વારસાનું જતન કરવું.

(છ) નૈસર્ગિક પર્યાવરણનું જતન કરવું. સજીવ પ્રાણીઓ પ્રત્યે દયાભાવ રાખવો.

(જ) વૈજ્ઞાનિક દૃષ્ટિ, માનવતાવાદ અને જિજ્ઞાસાવૃત્તિ કેળવવી.

(ઝ) સાર્વજનિક માલમત્તાનું જતન કરવું. હિંસાનો ત્યાગ કરવો.

(ઞ) દેશની ઉત્તરોત્તર પ્રગતિ માટે વ્યક્તિગત તેમજ સામૂહિક કાર્યમાં ઉત્તમતા-શ્રેષ્ઠતાનું સ્તર જાળવી રાખવાનો પ્રયત્ન કરવો.

(ટ) ૬થી ૧૪ વય જૂથના બાળકોને તેમના વાલીએ શિક્ષણની તક પૂરી પાડવી.

પ્રથમાવૃત્તિ : ૨૦૧૮
પુનર્મુદ્રણ : ૨૦૨૨

© મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે ૪૧૧ ૦૦૪.

મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ પાસે આ પુસ્તકના બધા હક્ક રહેશે. આ પુસ્તકનો કોઈપણ ભાગ સંચાલક, મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળની લેખિત પરવાનગી વગર છાપી શકાશે નહિ.

**ગુજરાતી ભાષા સમિતિ સદસ્ય** : **સુશ્રી કલ્પના મહેતા, અધ્યક્ષ**
ડૉ. મધુ સંપટ
શ્રીમતી ભગવતી પંડ્યા
શ્રીમતી પ્રતિમા પંડ્યા

**ગુજરાતી અભ્યાસ જૂથ** : સુશ્રી ઇલા શુક્લ
શ્રીમતી સ્મિતા દવે
શ્રીમતી જ્યોતિ ખખ્ખર

**નિમંત્રિત** : શ્રી પ્રફુલ આર. શાહ
શ્રીમતી જનક દાવડા
શ્રીમતી હીના લિલાણી
શ્રીમતી વંદના પંચાલ
શ્રીમતી જિજ્ઞા કાપડિઆ
શ્રીમતી મંજરી ગુમાસ્તે
શ્રીમતી ઊર્મિલા શાહ
શ્રીમતી ધર્મિકા ધીરેન દોશી
શ્રી. ધીરેન મનસુખલાલ દોશી

**સદસ્ય-સંયોજક** : શ્રીમતી કેતકી નિતેશ જાની

**સંયોજન પ્રમુખ** : **શ્રીમતી કેતકી નિતેશ જાની**
વિશેષાધિકારી, ગુજરાતી વિભાગ,
પાઠ્યપુસ્તક મંડળ, પુણે -૦૪.

**મુખપૃષ્ઠ અને ચિત્ર** : શ્રી. સંજય પટેલ

**નિર્મિતિ** : **શ્રી. સચ્ચિદાનંદ આફળે**
મુખ્ય નિર્મિતિ અધિકારી
**શ્રી. સંદીપ આજગાંવકર**
નિર્મિતિ અધિકારી

**અક્ષરાંકન** : સમર્થ ગ્રાફિક્સ,
522, નારાયણ પેઠ, પુણે-30.

**કાગળ** : 70 GSM Creamwove

**મુદ્રણાદેશ** : N/PB/2022-23/Qty.

**મુદ્રક** : M/s

**પ્રકાશક** : **શ્રી. વિવેક ગોસાવી, નિયંત્રક**
પાઠ્યપુસ્તક નિર્મિતિ મંડળ,
પ્રભાદેવી, મુંબઈ - ૨૫.

## પ્રસ્તાવના

પ્રિય વિદ્યાર્થી મિત્રો,

ધોરણ ૮માં આપનું સ્વાગત છે.

ધોરણ ૮માંનું 'ગરવી ગુજરાતી'નું નવું પુસ્તક તમારા હાથમાં મૂકતાં ખૂબ જ આનંદ થાય છે.

મિત્રો, ગુજરાતીના આ પુસ્તકનો અભ્યાસ તમારે દ્વિતીય/તૃતીય ભાષા (સંપૂર્ણ) અંતર્ગત કરવાનો છે. આ પાઠ્યપુસ્તકમાં સામાજિક, બોધાત્મક, રમૂજી, ભાવનાપ્રધાન-જનજાગૃતિ પ્રેરક અને દેશપ્રેમ સંવર્ધક કૃતિઓ તેમજ કૃતિઓ અંતર્ગત આવતાં જીવનમૂલ્યો તમારે આત્મસાત કરવાના છે. તે સાથે જ નવું કરવાની જિજ્ઞાસા જાગૃત કરનારા અને જીવનમાં સકારાત્મક વલણ તરફ વળવાની દૃષ્ટિકોણ તરફ અગ્રેસર થાઓ તેવા કાવ્યો પણ આપેલા છે.

ભાષિક સમજ અંતર્ગત ખૂબ જ સરળ અને સાદી પદ્ધતિથી વ્યાકરણ આપ્યું છે. અલગ-અલગ પ્રકારના સ્વાધ્યાયનો અભ્યાસ કરવાથી તમારી સર્જન શક્તિનો વિકાસ થશે, કલ્પનાશક્તિ વધશે અને આકલન શક્તિ દૃઢ થશે તેવો વિશ્વાસ છે. આપેલા ઉપક્રમો વિચારશક્તિ વધારશે.

આ પુસ્તકને કારણે નવી ટૅક્નોલૉજી અને ઇન્ટરનેટનો તમારા વિકાસ માટે કેવો ઉપયોગ કરવો, તેની પણ જાણ થશે.

વર્ષાંતે આપ સૌ વિદ્યાર્થીઓને અધ્યયન નિષ્પત્તિ નિશ્ચિત પ્રાપ્ત થશે, એવો વિશ્વાસ છે.

આ પુસ્તક દ્વારા અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા સરળ અને રોચક બનશે એવી ખાતરી છે.

'ઍપ'ના માધ્યમથી ક્યૂ. આર. કોડ દ્વારા પ્રત્યેક પાઠ સંબંધિત વધુ માહિતી માટે આપને દૃશ્ય-શ્રાવ્ય સાહિત્ય ઉપલબ્ધ થશે. તે અભ્યાસ માટે ચોક્કસ ઉપયોગી સાબિત થશે.

આ પાઠ્યપુસ્તક ક્ષતિરહિત બનાવવાનો સંનિષ્ઠ પ્રયત્ન કર્યો છે. છતાં પણ કોઈ બાબતે ક્ષતિ જણાય તો તે માટેના સચોટ સૂચનો આવકાર્ય છે.

આપ સર્વેને શુભેચ્છા !

પુણે

દિનાંક : ૧૮ એપ્રિલ ૨૦૧૮, અખાત્રીજ
ભારતીય સૌર દિનાંક :
૨૮ ચૈત્ર, ૧૯૪૦

(ડૉ. સુનિલ મગર)
સંચાલક
મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ
અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે.

શાસન નિર્ણય ક્રમાંક : અભ્યાસ - 2116/(પ્ર.ક્ર.43/16) એસડી-4 દિનાંક 25-4-2016 અન્વયે સ્થાપિત થયેલ સમન્વય સમિતિની દિનાંક 29-12-2017 રોજની બેઠકમાં આ પાઠ્યપુસ્તક નિર્ધારિત કરવાની માન્યતા આપવામાં આવી છે.

## ગુજરાતી
## દ્વિતીય/તૃતીય (સંપૂર્ણ)

# ગરવી ગુજરાતી

## ધોરણ-આઠમું



**મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે - 411 004.**

તમારાં સ્માર્ટફોનમાં DIKSHA App દ્વારા પાઠ્યપુસ્તકનાં પહેલા પાનાં પરના Q.R. Codeથી ડિજિટલ પાઠ્યપુસ્તક અને દરેક પાઠમાં આપેલા Q.R. Codeથી તે સંબંધિત પાઠનાં અધ્યયન-અધ્યાપન માટે ઉપયોગી દૃશ્ય-શ્રાવ્ય સાહિત્ય ઉપલબ્ધ થશે.

8GKNTV

# ભારતનું સંવિધાન

## આમુખ

અમે ભારતના લોકો ભારતને એક સાર્વભૌમ સમાજવાદી બિનસાંપ્રદાયિક લોકતંત્રાત્મક પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત કરવાનો
તથા તેના સર્વ નાગરિકોને :
સામાજિક, આર્થિક અને રાજકીય ......................ન્યાય
વિચાર, અભિવ્યક્તિ, માન્યતા,
ધર્મ અને ઉપાસનાની ................................સ્વતંત્રતા
દરજ્જા અને તકની ..................................સમાનતા
પ્રાપ્ત થાય તેમ કરવાનો
અને તેઓ સર્વમાં
વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની
એકતા અને અખંડતા સુદૃઢ કરે એવી ................બંધુતા
વિકસાવવાનો
ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને

અમારી સંવિધાનસભામાં ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ આથી આ સંવિધાન અપનાવી, તેને અધિનિયમિત કરી અમને પોતાને અર્પિત કરીએ છીએ.

## રાષ્ટ્રગીત

જનગણમન - અધિનાયક જય હે
ભારત-ભાગ્યવિધાતા :
પંજાબ, સિંધુ, ગુજરાત, મરાઠા,
દ્રાવિડ, ઉત્કલ, બંગ,
વિંધ્ય, હિમાચલ, યમુના, ગંગા,
ઉચ્છલ જલધિતરંગ,
તવ શુભ નામે જાગે, તવ શુભ આશિષ માગે,
ગાયે તવ જય ગાથા,
જનગણમંગલદાયક જય હે,
ભારત ભાગ્ય વિધાતા ।
જય હે, જય હે, જય હે,
જય જય જય જય હે ॥

## પ્રતિજ્ઞા

ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈબહેન છે.

હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે. હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.

હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.

હું મારાં દેશ અને દેશબાંધવો પ્રત્યે વફાદારી રાખવાની પ્રતિજ્ઞા લઉં છું. તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ સમાયેલું છે.

# અનુક્રમણિકા


| ક્રમ | કવિતા/પાઠનું નામ | કવિ/લેખકનું નામ | પૃષ્ઠ ક્ર. | અપેક્ષિત પિરિયડ |
|---|---|---|---|---|
| ૧. | નાગદમન | નરસિંહ મહેતા | ૧ | ૬ |
| ❖ | મેહુલો ગાજે ને | નરસિંહ મહેતા | ૩ | ૨ |
| ૨. | શ્રેષ્ઠ દાન | નટવરલાલ પંડ્યા | ૪ | ૮ |
| ❖ | સાચી સંપત્તિ | વિપુલકુમાર આર. ઠાકર | ૯ | ૨ |
| ★ | સંધિ – ૧ | વ્યાકરણ | ૧૦ | ૪ |
| ૩. | બોલવું સમજી વિચારી | અંકિત ત્રિવેદી | ૧૧ | ૬ |
| ❖ | મારી માને ગમશે ? | ગુરુદયાલ મલ્લિક | ૧૩ | ૨ |
| ૪. | જેલમાં ખિસકોલી | કાકાસાહેબ કાલેલકર | ૧૪ | ૮ |
| ❖ | ખિસકોલી | ઉમાશંકર જોશી | ૧૯ | ૬ |
| ★ | સંધિ – ૨ | વ્યાકરણ | ૨૦ | ૪ |
| ૫. | યા હોમ કરીને પડો... | નર્મદ | ૨૧ | ૬ |
| ❖ | સાચને પડખે... | મકરંદ દવે | ૨૪ | ૨ |
| ૬. | વિશ્વાસનું વાવેતર | પન્નાલાલ પટેલ | ૨૫ | ૮ |
| ❖ | વિશ્વાસ | રંભાબેન ગાંધી | ૩૧ | ૨ |
| ★ | ચિત્રવર્ણન | | ૩૨ | ૨ |
| ★ | સમાસ | વ્યાકરણ | ૩૩ | ૪ |
| ૭. | હું એવો ગુજરાતી | વિનોદ જોશી | ૩૫ | ૬ |
| ❖ | એવી આ ગુજરાતી છે | તુષાર શુક્લ | ૩૭ | ૨ |
| ૮. | સોનાનો થાળ | હરભાઈ ત્રિવેદી | ૩૮ | ૮ |
| ❖ | જેવું કરીએ એવું ભરીએ | શૈલેષ સગપરિયા | ૪૪ | ૨ |
| ૯. | કૉમ્પ્યુટર વસંત | ડૉ.હર્ષદેવ માધવ | ૪૫ | ૬ |
| ❖ | પંચમી આવી વસંતની | ઉમાશંકર જોશી | ૪૮ | ૨ |
| ૧૦. | ડાયનેમો | નગેન્દ્ર વિજય | ૪૯ | ૮ |
| ❖ | કઠપૂતળી | અંજના ભગવતી | ૫૫ | ૨ |
| ★ | ચિત્રવર્ણન | | ૫૬ | ૨ |
| | | | કુલ | ૧૬૦ |


**નોંધ :** દર અઠવાડિયે ઓછામાં ઓછા ૨ પિરિયડ મૂળભૂત ભાષિક કૌશલ્યો આત્મસાત કરાવવા ફાળવવા. દરેક કૃતિને અનુલક્ષીને તે સંબંધિક લેખન કૌશલ્યનો મહાવરો આપવો પણ પર્યાપ્ત પિરિયડ ફાળવવા.

# ૧. નાગદમન

**નરસિંહ મહેતા**

૧૫મી સદીમાં ભાવનગર જિલ્લાના તળાજા ગામે તેમનો જન્મ થયો હતો. તેઓ પ્રેમલક્ષણા ભક્તિ અને જ્ઞાનમાર્ગની પરંપરાના ઉત્તમ કવિ હતાં. પ્રભાતિયાં, ઝૂલણાં છંદ, કૃષ્ણભક્તિના પદ અને કેદારો રાગ તેમના પ્રિય હશે, એવું તેમની રચનાઓ પરથી જણાય છે.

સાદી સરળ બોલચાલની ભાષામાં રચાયેલી તેમની ગેય રચનાઓ આજે પણ લોકોના હૈયે અને હોઠે રમે છે. તેમણે 'શામળશાનો વિવાહ', 'કુંવરબાઈનું મામેરું', 'હુંડી', 'ઝારીનાં પદ', 'સુદામા ચરિત્ર', 'દાણલીલા' વગેરે જેવા ૧૫૦૦થી વધારે પદો રચ્યા છે.

**સૂર કૃતિનો**

પ્રસ્તુત પ્રભાતિયામાં કૃષ્ણજીવન – લીલાના નાગદમનના પ્રસંગનું વર્ણન છે. કૃષ્ણ ગોપમિત્રો સાથે યમુના કિનારે ગેડીદડો રમતા હતા ત્યારે દડો નદીમાં પડી જાય છે. તે દડો લેવા કૃષ્ણ નદીના ઊંડા પાણીમાં કૂદી પડે છે. તે નદીમાં એક ઝેરી કાલિયનાગ રહેતો હોય છે. નાગ તો ત્યારે સૂતો હોય છે. પણ નાગણો કૃષ્ણને ચાલી જવા ખૂબ વિનંતી કરે છે. સવાલાખનો હાર આપવાની લાલચ પણ આપે છે. પણ કૃષ્ણને ક્યાં કોઈ લાલચ હતી ? તેણે તો નાગણોને તેમના જ ઘરમાં ચોરી કરવાની સ્પષ્ટ ના પાડી દીધી – ત્યારે ના છૂટકે નાગણોએ નાગને જગાડ્યો. નાગ બળિયો હતો તો કૃષ્ણ તેનાથી સવાયા હતાં. આ ઝેરી કાલિયનાગ સાથે લડાઈ કરીને તેને હરાવી દીધો. ત્યારે નાગણોએ વિનંતી કરતાં કહ્યું કે 'હે પ્રભુ, તમને ન ઓળખવાનો અમારાથી અપરાધ થયો છે તેને માફ કરી દો અને અમારા પતિને છોડી દો.' આમ કહી કૃષ્ણને મોતીથી વધાવે છે. દયાળુ પ્રભુ કૃષ્ણ નાગણોની વિનંતી માનીને (પોતાની લીલા કરીને) નાગને છોડી દે છે.

'જળ કમળ છાંડી જા રે બાળા ! સ્વામી અમારો જાગશે;
જાગશે તને મારશે, મને બાળહત્યા લાગશે. – જળ. (ટેક)
કહે રે બાળક ! તું મારગ ભૂલ્યો ? કે તારા વેરીએ વળાવિયો ?
નિશ્ચે તારો કાળ જ ખૂટ્યો, અહીંયાં તે શીદ આવિયો ?' – જળ
'નથી નાગણ હું મારગ ભૂલ્યો, નથી મારા વેરીએ વળાવિયો;
મથુરા નગરીમાં જુગટું રમતાં, નાગનું શીશ હારિયો.' – જળ
'રંગે રૂડો રૂપે પૂરો, દીસંતો કોડીલો કોડામણો;
તારી માતાએ કેટલા જનમ્યા, તેમાં તું અળખામણો ?' – જળ.
'મારી માતાએ બેઉ જનમ્યા, તેમાં હું નટવર નાનડો;
જગાડ તારા નાગને, મારું નામ કૃષ્ણ કહાનડો.' – જળ
'લાખ સવાનો મારો હાર આપું, આપું રે તુજને દોરિયો;
એટલું મારા નાગથી છાનું, આપું રે તુજને ચોરિયો.' – જળ

‘શું કરું નાગણ હાર તારો ? શું કરું તારો દોરિયો ?
શાને કાજે, નાગણ ! તારે કરવી ઘરમાં ચોરિયો ?’ – જળ
ચરણ ચાંપી, મૂછ મરડી, નાગણે નાગ જગાડિયો;
‘ઊઠોને બળવંત કોઈ, બારણે બાળક આવિયો.’ – જળ
બેઉ બળિયા, બાથે વળગ્યા, કૃષ્ણે કાળિનાગ નાથિયો;
સહસ્ર ફેણાં ફૂંફવે જેમ, ગગન ગાજે હાથિયો. – જળ
નાગણ સૌ વિલાપ કરે છે, નાગને બહુ દુઃખ આપશે;
મથુરા નગરીમાં લઈ જશે, પછી નાગનું શીશ કાપશે. – જળ
બેઉ કર જોડી વિનવેઃ ‘સ્વામી ! મૂકો અમારા કંથને;
અમે અપરાધી કાંઈ ન સમજ્યાં, ન ઓળખ્યા ભગવંતને.’ – જળ
થાળ ભરીને શગ મોતીડે શ્રીકૃષ્ણને વધાવિયા;
નરસૈંયાના નાથ પાસેથી, નાગણે નાગ છોડાવિયા.’ – જળ

### અધ્યાપન સંકેત

પ્રસ્તુત પ્રભાતિયાનું અધ્યાપન કરાવતા પહેલાં ‘જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા’ પ્રભાતિયું ગવડાવવું. પ્રભાતિયાની સંકલ્પના દઢ કરવી, કૃષ્ણની લીલાઓના બેચાર પ્રસંગોનો ઉલ્લેખ કરી નાગદમનના પ્રસંગનું વાર્તારૂપે વર્ણન કરવું, વિદ્યાર્થીઓને સક્રિય રાખવા સતત લઘુપ્રશ્નો પૂછવા, વિદ્યાર્થીઓ જાણતા હોય તેવા પ્રસંગો કહેવાની તેમને તક આપવી.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દ માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધો.**

(૧) રસ્તો (૨) માથું (૩) પાય (૪) આભ
(૫) પતિ (૬) શિશુ (૭) સમય (૮) પંકજ

**સ. ૨. પ્રાસયુક્ત શબ્દો લખો : દા.ત. : લાગશે – જાગશે.**

**સ. ૩. આપેલા શબ્દના અક્ષરો વડે બનતા શબ્દો બનાવો :** (૧) નાગદમન (૨) મથુરાનગરી

**સ. ૪. અર્થ લખી વાક્યમાં પ્રયોગ કરો :**

(૧) ચરણ ચાંપવા (૨) વિલાપ કરવો (૩) બાથે વળગવું (૪) કાળ ખૂટવો

**સ. ૫. કૃષ્ણના આવડે તેટલા નામ લખો.**

**સ. ૬. ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ લખો :**

(૧) મારી માતાએ બેઉ ____, તેમાં હું નટવર નાનડો. (૨) ઊઠોને____કોઈ, બારણે બાળક આવિયો.
(૩) જાગશે, તને મારશે, મને ____ લાગશે. (૪) લાખ ____ મારો હાર આપું.

**સ. ૭. નીચેના અર્થ દર્શાવતી પંક્તિ લખો :**

(૧) તને તારા દુશ્મનોએ મોકલાવ્યો છે કે પછી તું રસ્તો ભૂલી ગયો છે તે જણાવ.
(૨) કૃષ્ણ નાગને બહુ કષ્ટ આપશે એમ વિચારી નાગણો રડે છે. (૩) નાગણ, તારા હાર અને દોરિયાનું હું શું કરું ?
(૪) હું મથુરા નગરીમાં જુગટુ રમતા નાગનું માથું હારી ગયો તેથી આવ્યો છું.

સ. ૮. **ઓળખો :**

(૧) કૃષ્ણને નદીમાંથી ચાલ્યા જવાનું કહેનાર -
(૨) નાગનું શીશ હારવાનું નાગણને કહેનાર -
(૩) કૃષ્ણની સાથે બાથે વળગનાર -
(૪) શ્રીકૃષ્ણને મોતીઓથી વધાવનાર -

સ. ૯. **યોગ્ય વિકલ્પ પસંદ કરો :**

(૧) નાગણોએ કૃષ્ણને નદીમાંથી ચાલી જવા કહ્યું. કારણ કે તેમને_________________.
(અ) કૃષ્ણનો ડર લાગતો હતો (આ) બાળહત્યાનું પાપ લાગે (ઇ) નાગનો ડર લાગતો હતો

(૨) કૃષ્ણએ હાર લેવાની નાગણોને ના પાડી. કારણ કે _______________.
(અ) નાગણ ચોરી કરે તે યોગ્ય નહોતું (આ) કૃષ્ણને માત્ર દડો જોઈતો હતો
(ઇ) કૃષ્ણને નાગ સાથે લડાઈ કરવી હતી

(૩) નાગણોએ આખરે નાગને જગાડયો. કારણ કે__________________.
(અ) તેમની લાલચ કૃષ્ણને લલચાવી શકી નહિ (આ) કૃષ્ણએ નાગને જગાડવાની વિનંતી કરી
(ઇ) કૃષ્ણએ તેમને ચોરી ન કરવા કહ્યું

સ. ૧૦. **આ કાવ્યનો ભાવાર્થ તમારા શબ્દોમાં લખો.**

**સંભાષણ** ★ કૃષ્ણની બાળલીલાઓના જુદાજુદા પ્રસંગોની વર્ગમાં સમૂહચર્ચા કરો.

**પ્રકલ્પ** ★ 'માખણચોર' કનૈયાનું ચિત્ર દોરી અથવા ચોંટાડી નીચે ૮થી ૧૦ વાક્યો લખીને ચાર્ટ તૈયાર કરો.

## ભાષિક સમજ

★ **ઉદાહરણ પ્રમાણે નામ બનાવો :** દા.ત.: માંગવું – માંગણી

(૧) વાવવું (૨) કમાવું (૩) પજવવું (૪) લણવું

★ **કાવ્યમાંથી વિશેષણો શોધીને લખો :** દા.ત. : કોડીલો

★ **કાળ ઓળખો :**

(૧) બધી નાગણો વિલાપ કરે છે. (૨) કૃષ્ણ નાગને બહુ દુઃખ આપશે. (૩) કૃષ્ણ નાગનું શીશ હારી ગયો હતો.

## હું વાંચું ......... તમે પણ વાંચો.

### મેહુલો ગાજે ને

મેહુલો ગાજે ને માધવ નાચે
રૂમઝૂમ વાગે પાયે ઘૂઘરડી રે,
તાલપખાજ વજાડે રે ગોપી,
વહાલોવજાડેવેણુવાંસલડીરે.
પહેરણ ચીર, ચરણા ને ચોળી,
ઓઢણ આછી લોબરડી રે;

દાદુર મોર, બપૈયા બોલે,
મધુરી શી બોલે કોયલડી રે,
ધન બંસીવટ, ધન જમનાતટ,
ધન ધન આ અવતાર રે ;
ધન નરસૈયાંની જીભલડીને,
જેણે ગાયો રાગ મલ્હાર રે.

– નરસિંહ મહેતા

8GUJVI

માણ્યું તેનું સ્મરણ કરવું એય છે એક લ્હાવો.

# ૨. શ્રેષ્ઠ દાન

**નટવરલાલ પંડ્યા (ઉશનસ્)**

૨૮ ડિસેમ્બર, ૧૯૨૦ના રોજ વડોદરા નજીકના સાવલી ગામે તેનો જન્મ થયો હતો. કુટુંબ, વતન, પ્રકૃતિ, પ્રણય અને પ્રવાસના અનુભવ કેન્દ્રમાંથી ઉદ્ભવેલી તેમની રચનાઓ છે. વિવેચનક્ષેત્રે પણ તેમણે નોંધનીય ખેડાણ ખેડ્યું છે. 'પ્રસૂન', 'નેપથ્યે', 'આર્દ્રા', 'કિંકિણી', 'ભારતદર્શન' વગેરે તેમના કાવ્યસંગ્રહો છે. વાર્તા અને કવિતાના સંપાદનો પણ તેમણે કર્યા છે.

કુમાર ચંદ્રક, નર્મદ સુવર્ણચંદ્રક, રણજિતરામ સુવર્ણચંદ્રક, ગુજરાત ગૌરવ પુરસ્કાર તથા સાહિત્ય અકાદમીના અન્ય પુરસ્કાર દ્વારા તેમને સન્માનિત કરવામાં આવ્યા છે. તેમના સન્માનમાં ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા 'ઉશનસ્' પુરસ્કાર દર બે વર્ષે કવિઓને અપાય છે. ૬ નવેમ્બર, ૨૦૧૧ના રોજ વલસાડમાં તેમનું અવસાન થયું હતું.

**સૂર કૃતિનો**

એક નાના ગામના એક મંદિરમાં સાધુઓના વડાએ ગૌતમ બુદ્ધની મૂર્તિ બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો અને તે માન્ય થઈ ગયો. પછી તે મૂર્તિ બનાવવા માટે ધાતુઓનું દાન માંગવામાં આવે છે, તે ગામના અમીર, ગરીબ દરેકે પોતપોતાની શક્તિ પ્રમાણે સોના, ચાંદી જેવી કિંમતી ધાતુનું દાન કર્યું. તે ગામના એક શેઠના ઘરે કામ કરતી પવિત્ર હૃદયની સુશી પણ તેમાં દાન દેવાની ઇચ્છા ધરાવતી હતી. તેને કચરામાંથી મળેલો એક તાંબાનો કટાઈ ગયેલો સિક્કો દાનમાં આપવો હતો. પણ દાન માંગવા આવેલા યુવાન સાધુએ એ સિક્કાને તુચ્છ ગણી સ્વીકાર્યો નહિ. પણ પછી એવો પ્રસંગ બને છે કે એ જ સિક્કો શ્રેષ્ઠ દાન સાબિત થાય છે. લોકો પણ એ જ ભેટને અમૂલ્ય માને છે. આ બધું કેવી રીતે થાય છે તેનો પરિચય લેખકે અહીંયા પ્રસંગો દ્વારા તદ્દન સરળ અને સાદી ભાષામાં તેમજ ભાવવાહી શૈલીમાં દર્શાવ્યું છે. જે આપણા હૃદયને સ્પર્શી જાય છે.

ઘણાં વર્ષો પહેલાંની વાત છે. એક નાનકડા ગામમાં એક ગરીબ માણસ રહેતો હતો. તેને એક દીકરી હતી. એનું આખું નામ સુશીલા પણ બધા એને સુશી કહે. સુશી આઠેક વરસની થઈ એટલે એની મા એને કોઈ પૈસાદાર શેઠને ઘેર કામવાળી તરીકે મૂકી આવી.

શેઠની શેરીમાં અને ઘરમાં બાળકો રમે તે સુશી જોયા કરે. ઘણુંય મન થાય કે લાવ, રમવા દોડી જાઉં. પણ એને કોણ રમાડે ? એ તો ઠરી કામવાળી નોકરડી ! એની સાથે રમે પણ કોણ ? આથી સુશી રમવાની વાત છોડી ઘરકામે વળગી જતી. આખો દિવસ ગજા ઉપરાંતનું કામ કરે. રાત્રે થાકીને લોથપોથ થઈ સાદડી ઉપર પડતી તેવી જ ઊંઘી જતી. પોતાને ઘેર હતી, ત્યારે તો બા કેવી કેવી વાતો કહીને એને ઊંઘાડી દેતી !

એક દિવસ શેઠાણીએ એને બજારમાં કશુંક ખરીદવા મોકલી. રસ્તામાં લોકોને એણે વાતો કરતા સાંભળ્યા કે નગરના મંદિરમાં ભગવાન બુદ્ધની ધાતુની પ્રતિમા તૈયાર કરાવી મૂકાવવાની છે અને આ માટે ઘેરઘેરથી ઉઘરાણું

થવાનું છે. સુશી તો આ સાંભળીને હરખથી ગાંડા જેવી થઈ ગઈ. તે મનમાં વિચારવા લાગી, 'હું શું આપીશ ? એકાદ ઘરેણુંય હોત ને, તો આપી દેત. પણ અરેરે, મારી પાસે તો કશુંય નથી.' રાત્રે થાકીને સૂઈ ગઈ, ત્યારે પણ તેના મનમાં આ જ વિચાર ઘોળાયા કરતો હતો.

સવારે ઊઠીને સુશી શેઠનું ઘર વાળવા લાગી, ત્યાં તેને કચરામાં કશુંક ચળકતું દેખાયું. સુશીએ હાથમાં લઈને જોયું તો તાંબાનો નાનકડો સિક્કો ! સુશીને થયું, 'હાશ, હું આ સિક્કો જ આપી દઈશ ભેટમાં.'

શહેરમાં ધાતુઓના દાન ઉઘરાવવાનું શરૂ થયું. કોઈએ સોનું આપ્યું, તો કોઈએ રૂપું. કોઈએ કુંડળ તો કોઈએ કંકણ કાઢી આપ્યાં. આવું ટાણું વારંવાર કંઈ ઓછું આવે છે !

સુશીના મહોલ્લામાં પણ એક બૌદ્ધ સાધુ ધાતુ ઉઘરાવવા નીકળ્યા છે. તેનો સાદ સંભળાય છે, 'આપો રે સૌ આપો. નગરના મંદિરમાં ભગવાન બુદ્ધની ધાતુની મૂર્તિ મૂકાવવાની છે. ઘરેણાં આપો, સોનું આપો, રૂપું આપો.' શેઠના ઘરમાંથી સોનારૂપાનું દાન આપવામાં આવ્યું. સુશી તો લાજની મારી સંકોચાઈ ખૂણે જ ભરાઈ ગઈ. મનમાં તે બોલી, 'મારી પાસે તો આ તાંબાનો નાનો સિક્કો જ છે. ભગવાન મારી આ ભેટ સ્વીકારશે ?' પછી જરા હિંમત કરી બહાર આવી અને તેણે સાધુને કહ્યું, 'પ્રભુ, મારે પણ આ ભેટ આપવી છે. આ સિક્કો લેશો ?'

સાધુએ પૂછ્યું, 'સિક્કો ? તું ક્યાંથી લાવી એ ?'

સુશીએ કહ્યું, 'ભગવન્, મને કચરામાંથી જડચો છે, લેશો ?'

સાધુએ તો એને તરછોડી જ નાખી, 'જા, જા. ફરી આવી વાત ન કરતી. આવો સિક્કો તો વળી અપાતો હશે આવા ઉમદા દાનમાં !' સાધુએ એની ભેટ લેવાની ના પાડી દીધી.

બિચારી સુશીનું મોઢું જ પડી ગયું. તે મૂંગીમૂંગી ઘરના કામે વળગી ગઈ. વચમાં તેને વિચાર આવ્યો, 'આ સિક્કો કાટવાળો છે એટલે સાધુએ ના પાડી હશે. હું એને ઘસીઘસીને ઊજળો કરીશ.' આ પછી સુશી ઘરકામથી પરવારે એટલે સિક્કો લઈને બેસે અને માંજીમાંજીને ઊજળો કરે.

બીજી બાજુ નગરલોકોએ સોનારૂપાનો ઢગ મંદિરમાં ઠાલવ્યો. મંદિરના વડા સાધુએ કહ્યું, ''આ ધાતુઓને ભઠ્ઠીમાં ઓગાળી નાખો.' લોકોએ તરત આજ્ઞા ઉઠાવી. વડા સાધુએ ફરી આજ્ઞા કરી, 'ભગવાનના બીબામાં આ ધાતુના રસને ઢાળો.' લોકોએ તરત તેમ કર્યું.


લોકોના કૌતુક અને હરખનો પાર ન હતો. કાલ સવારે તો બીબું ખોલવામાં આવશે ને ઉત્તમ ધાતુઓની ભગવાનની મૂર્તિ નીકળશે એ કેવી અદ્‌ભુત હશે ! પણ બીજી સવારે જ્યારે બીબું ખોલવામાં આવ્યું, ત્યારે તો ટોળામાં અને સાધુઓમાં હાહાકાર ફેલાઈ ગયો. ભગવાનની મૂર્તિ ખાંડી અને કદરૂપી નીકળી ! વડા સાધુ દુઃખથી બોલ્યા, 'અરેરે પ્રભુ, આ શું ? અમારો શો અપરાધ થયો છે કે આ કોપ ?'

આખી મેદની આઘાતમાં સ્તબ્ધ અને મૂંગી ઊભી હતી. વડા સાધુને થયું, 'નક્કી ક્યાંય ભેટ લેવામાં અજુગતું થયું છે.' તેમણે ગંભીર સ્વરે પૂછ્યું, 'તમારામાંથી કોઈએ કોઈની ભેટ બળજબરીથી તો નથી લીધી ને ?'

બધા સાધુએ જવાબ આપ્યો, 'ના બાપજી, એવું તો ક્યાંય થયું નથી.'

વૃદ્ધ સાધુએ ફરી પૂછ્યું, 'તો કોઈની સ્વેચ્છાભેટ લેવાની ક્યાંય ના તો પાડી નથી ને ?'

આ સાંભળી એક જુવાન સાધુએ આગળ આવીને કહ્યું, 'ભગવન્, હું જ્યારે એક મહોલ્લામાં ગયો, ત્યારે એક નાની છોડીએ મને તાંબાનો કટાયેલો નાનો સિક્કો આપવા માંડચો. મેં તે લેવાની ના પાડી દીધી હતી.'



વૃદ્ધ સાધુ શું કહેશે તે સાંભળવા મેદની તલપાપડ થઈ હતી. વૃદ્ધ સાધુ બોલ્યા, 'બેટા, આ તેં ઠીક કર્યું નથી. જા, જા, તું જલ્દી જા અને એ છોકરીની ભેટ લઈને જ પાછો આવ. એ તો શ્રેષ્ઠ દાન હતું, બેટા !'

તે જુવાન સાધુને કંઈ સમજાયું નહીં કે એ શ્રેષ્ઠ દાન શી રીતે કહેવાય ? તેણે વૃદ્ધ સાધુને પૂછ્યું, 'એ કેવી રીતે શ્રેષ્ઠ દાન ભગવન્, તે સમજાવશો ?'

વડા સાધુએ કહ્યું, 'બેટા, તને આટલુંય સમજાયું નહીં કે ભગવાન તો ભાવના ભૂખ્યા છે. બેટા, શેઠિયા ને રાજાનાં ઘરેણાં એ એમનું સર્વસ્વ નથી. પણ આ છોકરીએ તો એનું સર્વસ્વ ભગવાનને ચરણે ધરી દીધું હતું, એની પાસે જે કંઈ હતું તે બધું જ.'

યુવાન સાધુ સમજ્યો, શરમાયો અને સીધો ઊપડ્યો પેલા મહોલ્લામાં. રસ્તે મનમાં શંકા ઊઠી, 'સુશીએ એ સિક્કો ખરચી તો નહીં નાખ્યો હોય ને !' જોતજોતામાં તે સુશીની સામે આવીને ઊભો રહ્યો. શેઠનાં ઘરનાં અને શેરીનાં બધા જ આ કૌતુક જોઈ રહ્યાં.

સાધુએ કહ્યું, 'બેટા, પેલો સિક્કો માગવા આવ્યો છું. મને તારો પેલો સિક્કો આપ. ખુદ ભગવાને માગ્યો છે.'

સુશી તો રાજી થઈ ગઈ. તે બોલી, 'તમે ના કહીને ગયા ને તે પછી તો મેં ઘસીઘસીને ઊજળો બનાવ્યો છે. પ્રભુને જરૂર ગમશે.' આમ કહી તે ઘરમાં જઈને પેલો સિક્કો લઈ આવી અને બોલી, 'લો, આ સિક્કો.'

સાધુ તો સિક્કો લેતોકને દોડ્યો અને વૃદ્ધ સાધુને સિક્કો સોંપી દીધો. બીજે દિવસે પેલી મૂર્તિને સિક્કાસહિત ફરી ઓગાળવામાં ને બીબામાં ઢાળવામાં આવી.

બીજી સવારે મંદિરના મેદાનમાં આખું ગામ ઊમટ્યું. વૃદ્ધ સાધુએ બીબું ખોલ્યું. લોકોના આનંદનો પાર રહ્યો નહિ. આ વાર ભગવાનની મૂર્તિ અણિશુદ્ધ સરસ નીકળી હતી. ક્યાંય ખોડખાંપણ નહોતી. મોં જાણે હસું હસું હતું. અને પેલા સુશીના સિક્કાની છાપ બરાબર ભગવાન બુદ્ધના હૃદય આગળ ઊપસી આવી હતી. જાણે બરાબર એ જ સિક્કો જોઈ લો ! વૃદ્ધ સાધુ સાથે આખી મેદની હર્ષનો ઉદ્ગાર કરી ઊઠી, 'વાહ પ્રભુ, વાહ તારી કરુણા !'

આ વાત સુશીના કાને પહોંચી હશે, ત્યારે તેનું હૈયું કેવું આનંદથી ઊભરાઈ ગયું હશે !

### અધ્યાપન સંકેત

પ્રસ્તુત કૃતિના અધ્યાપનની શરૂઆતમાં 'દાન'ની સંકલ્પના સ્પષ્ટ કરવી. વચ્ચે વચ્ચે જરૂર જણાય ત્યાં પ્રશ્નો પૂછીને વિદ્યાર્થીઓને સક્રિય રાખવા. તેમના અભિપ્રાયો જાણવા અને શક્ય હોય ત્યાં સત્ય બાબતથી તેમને વાકેફ કરવા. 'દાન' વિશેના પ્રચલિત દોહાઓ – સુભાષિતોનું સમૂહમાં લયબદ્ધ ગાન કરાવી તેને ઉદાહરણ આપી સમજાવવા અને વિષયવસ્તુ સાથે અનુબંધ જોડવો. 'શ્રેષ્ઠ દાન' શીર્ષકની યથાર્થતા ઉપર સરળ ભાષામાં પ્રકાશ પાડવો અને 'ભગવાન ભાવના ભૂખ્યા છે' – દ્રવ્યના નહિ તે બાબત તેમના મનમાં દૃઢ કરવી.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દ શોધો :**

(૧) ઉત્તમ (૨) ધનિક (૩) રાંક (૪) ઘરડા
(૫) અલંકાર (૬) ગુસ્સો (૭) નવાઈ (૮) ટોળું

**સ. ૨. અધોરેખિત શબ્દને બદલે તેનો ઉલટો અર્થ દર્શાવતો શબ્દ લખી વાક્ય ફરીથી લખો :**

(૧) શેઠાણીએ સુશીને બજારમાં કશુંક <u>વેચવા</u> મોકલી.
(૨) આવો <u>તુચ્છ</u> સિક્કો તે વળી દાનમાં અપાતો હશે ?
(૩) ભગવાનની મૂર્તિ ખોડી અને <u>સુંદર</u> નીકળી.
(૪) <u>દિવસે</u> થાકીને લોથપોથ થઈ સાદડી ઉપર પડતી.

**સ. ૩. વિસંગત શબ્દ ફરતે ગોળ કરો :**

(૧) સોનું રૂપું કબાટ તાંબુ
(૨) વૃક્ષ રાહ રસ્તો વાટ
(૩) ઘર ગૃહ ધરતી સદન
(૪) રાંક શ્રીમંત ગરીબ દીન

**સ. ૪. આપેલ શબ્દના અક્ષરનો ઉપયોગ કરીને અર્થપૂર્ણ શબ્દો બનાવો :**

(૧) નાનકડો (૨) તલપાપડ

**સ. ૫. રૂઢિપ્રયોગ અને તેના અર્થને યોગ્ય રીતે જોડો :**

| વિભાગ 'અ' | વિભાગ 'બ' |
|---|---|
| (૧) ગજા ઉપરાંતનું કામ | (અ) કોઈપણ ખામી ન હોવી |
| (૨) હાહાકાર ફેલાઈ જવો | (આ) અધીરું થવું |
| (૩) તલપાપડ થવું | (ઇ) ખૂબ જ આનંદ થવો |
| (૪) ખોડખાંપણ ન હોવી | (ઈ) સર્વત્ર શોકની લાગણી ફેલાઈ જવી |
| (૫) હરખનો પાર ન રહેવો | (ઉ) વધુ પડતું કામ |
| (૬) લોથપોથ થવું | (ઊ) ખૂબ જ થાકી જવું |

**સ. ૬. પાઠના આધારે નીચેનાં વિધાનો પૂર્ણ કરો :**

(૧) શહેરમાં ધાતુઓનું દાન...
(૨) સુશી તો આ સાંભળી હરખથી...
(૩) બેટા, શેઠિયાને રાજાનાં ઘરેણાં એ...
(૪) બીજે દિવસે પેલી મૂર્તિને સિક્કા સહિત...

**સ. ૭. નીચેનાં વાક્યોને ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો :**

(૧) યુવાન સાધુ સમજ્યો, શરમાયો અને સીધો ઉપડ્યો પેલા મહોલ્લામાં.

(૨) વૃદ્ધ સાધુ શું કહેશે તે સાંભળવા મેદની તલપાપડ થઈ હતી.

(૩) શેઠના ઘરના અને શેરીના બધા જ આ કૌતુક જોઈ રહ્યાં.

(૪) તે જુવાન સાધુને કાંઈ સમજાયું નહિ કે એ શ્રેષ્ઠ દાન શી રીતે કહેવાય ?

**સ. ૮. યોગ્ય વિકલ્પ પસંદ કરો :**

(૧) સુશી સાદડી પર પડતી કે તરત જ ઊંઘી જતી કારણ કે તે આખો દિવસ_ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _

(અ) દોડાદોડી કરીને થાકી જતી (આ) કામ કરીને થાકી જતી (ઇ) રમીને થાકી જતી

(૨) લોકો મૂર્તિ જોઈને આઘાતથી સ્તબ્ધ બની ગયા. કારણ કે મૂર્તિ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _

(અ) સુંદર બની નહોતી (આ) ખોડી અને કદરૂપી હતી (ઇ) સાવ નિસ્તેજ હતી

(૩) ઘેરઘેરથી ઉઘરાણું કરવાની શરૂઆત થઈ. કારણ કે ભગવાન બુદ્ધની_ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _

(અ) પ્રતિમા બનાવવાની હતી (આ) જયંતિ ઉજવવાની હતી (ઇ) મંદિર બંધાવવાનું હતું

(૪) ભગવાન બુદ્ધની પ્રતિમા ઘડવા માટે શેઠના ઘરમાંથી _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _

(અ) તાંબાનાં વાસણોનું દાન આપ્યું (આ) પૈસાનું દાન આપ્યું (ઇ) સોના રૂપાનું દાન આપ્યું

**સ. ૯. સમજીને લખો :**

(૧) ટોળામાં અને સાધુઓમાં હાહાકાર ફેલાવાનું કારણ (૨) મૂર્તિ કદરૂપી બનવાના વડા સાધુએ કલ્પેલાં બે કારણો

(૩) સુશીને જે સાંભળીને ખૂબ આનંદ થયો તે વાત (૪) સુશી પોતે ભેટ આપી શકે તેવી નિર્માણ થયેલી સ્થિતિ

**સ. ૧૦. 'સુશીનું દાન જ શ્રેષ્ઠ હતું.' તમારા શબ્દોમાં સમજાવો.**

**સંભાષણ** ★ 'વર્તમાન સમયમાં બાળમજૂરી એ ભયંકર ગુનો ગણાય છે' વર્ગમાં આ વિધાનની સાર્થકતા બાબત સમૂહચર્ચા કરો.

**પ્રકલ્પ** ★ પૌરાણિક પાત્રોના વિશિષ્ટ દાનના પ્રસંગોમાંથી કોઈપણ એક પ્રસંગનું ચિત્ર સાથે સંક્ષિપ્ત વર્ણન લખી સુંદર ચાર્ટ બનાવો.

## ભાષિક સમજ

★ **યોગ્ય વિરામચિહ્ન મૂકી વાક્ય ફરીથી લખો :**

(૧) સાધુએ પૂછ્યું સિક્કો તું ક્યાંથી લાવી એ (૨) પણ એને કોણ રમાડે એ તો ઠરી કામવાળી નોકરડી

(૩) હું શું આપીશ એકાદ ઘરેણુંય હોત ને તો આપી દેત (૪) વડા સાધુ દુ:ખથી બોલ્યા અરેરે પ્રભુ આ શું

★ **રેખાંકિત ક્રિયાપદ પરથી ક્રિયાપદનું બીજું રૂપ બનાવી ખાલી જગ્યામાં લખો :**

દા.ત. : બધાં બાળકો <u>રમે</u> પણ મને કોઈ <u>રમાડે</u> નહિ.

(૧) બા <u>ઊંઘી</u> જતી અને મને પણ _ _ _ _ _ _ _ _ દેતી.

(૨) મેં થોડું કામ <u>કર્યું</u> અને બાકીનું કામ નોકર પાસે _ _ _ _.

(૩) હું ચા <u>પીઉં</u> છું અને મિત્રોને પણ _ _ _ _ _ _ છું.

★ **જાતિ બદલો.**

(૧) શેઠ (૨) સાધુ

(૩) દીકરી (૪) નોકરડી

(૫) બા (૬) વૃદ્ધ

(૭) રાજા (૮) યુવતી

## હું વાંચું ......... તમે પણ વાંચો.

### સાચી સંપત્તિ

કુદરતે આપણને અનેક સ્વરૂપે સંપત્તિની ભેટ ધરી છે. તે ભૌતિક સાધન સંપત્તિ જેવી કે મકાન, મોટરગાડી, સેલફોન, ફાર્મહાઉસ, ફેક્ટરીઓ તરીકે હોઈ શકે, કે વિદ્યા સ્વરૂપે કે બુદ્ધિ સ્વરૂપે પણ હોઈ શકે. તો વળી કોઈ કલાકારની કિલકિલાટ કરતી કળાસ્વરૂપે પણ હોઈ શકે. પરંતુ ઈશ્વરે આપેલી આ સંપત્તિનો સદ્ઉપયોગ કરવો એ જ સુખી થવાનો માર્ગ હોઈ શકે.

માનવ આજે દિવસ - રાત જોયા વગર ભૌતિક સંપત્તિ પાછળ આંધળી દોટ મૂકી દોડવા જ માંડ્યો છે. ત્યારે સંપત્તિ પાછળ પોતાની સુખ-શાંતિ-આનંદ ખોઈને વિપત્તિમાં ફસાઈ ગયો છે. સમગ્ર પ્રકૃતિ અને પોતાની અંતઃચેતનાનું સુખ ખોઈને માનવ માત્ર ધનને જ પોતાનું સર્વસ્વ માની બેઠો છે. પરંતુ સાચાં અર્થમાં તો પરવરદિગાર તરફથી આપણને જે કંઈ મળ્યું છે. તેમાં આનંદથી જીવન વિતાવવું, ઈશ્વરનું ઋણ અદા કરી જગતમાં ભલાઈની જ્યોત જલતી રાખવી અને સંતોષથી, આનંદથી જીવવું તે જ આપણી મોટામાં મોટી સંપત્તિ છે.

પરંતુ અરે રે... માનવ તો આજે સંપત્તિ પાછળ દોટ મૂકી અધીરો બની ગયો છે. આ ઘેલછામાં જ પોતાનાં જીવનનાં અણમોલ વર્ષો ગુમાવી પોતાની જીવન-સંપત્તિ નષ્ટ કરી રહ્યો છે. જેમ કમળનો ઉપભોગ કરવાની ઘેલછામાં ભ્રમર સૂર્યાસ્ત થતાં જ કમળમાં જ બીડાઈ મૃત્યુ પામે છે. તેમ સંપત્તિ પાછળની માનવીની આંધળી દોટ મનુષ્યને ખતમ કરી નાખે છે.

**એક દષ્ટાંત છે -** એક મનુષ્યને ઈશ્વરે કહ્યું કે તારે જેટલી સંપત્તિ જોઈતી હોય તેટલી જમીન સ્વરૂપે આપું. તું જેટલું ચાલીશ એટલી જમીન તારી; પરંતુ શરત એટલી કે સૂર્યાસ્ત થતાં પહેલાં તારે મારી પાસે પરત આવી જવું પડશે. તે માણસ તો દોડવા માંડ્યો. દોડવા જ માંડ્યો. ચાલતાં ચાલતાં આ માણસને સમયનું ભાન ન રહ્યું. સૂર્યાસ્તનો સમય નજીક આવ્યો. છેલ્લે તો પ્રભુ પાસે પાછા વળવા તે માણસે દોટ મૂકી. પરંતુ તે ઘણો જ દૂર નીકળી ગયો હોવાથી તેનાં ગાત્રો દોડવાથી શિથિલ બની ગયા અને અધવચ્ચે જ ફસડાઈ પડ્યો અને સ્વ-ધામ પહોંચી ગયો.

તો આવો દોસ્તો... આવી વિપત્તિ આપે તેવી સંપત્તિ તરફ દોટ મૂકવાને બદલે ઈશ્વર તરફથી મળેલ સંપત્તિનો સર્વની સુખાકારી માટે ઉપયોગ કરી, વિપત્તિનાં વાદળો હટાવી, સમગ્ર જીવનસૃષ્ટિની સુખાકારી માટે પ્રયત્નશીલ બની ઈશ્વરનું ઋણ અદા કરીએ.

– વિપુલકુમાર આર. ઠાકર

**ધ્યાનમાં રાખો :** આપેલી મુખ્ય કૃતિ 'શ્રેષ્ઠ દાન'નો બોધ ઈશ્વર પ્રત્યે અનન્ય અહોભાવ અને મનથી કરાતા દાનનો મહિમા વધારવાનો છે. તેમાંનું બાળમજૂરીનું તત્ત્વ નિંદનીય અને ગેરકાયદેસર છે.

8H4FX6

નામ રહંતા ઠાકરા, નાણા નવ રહંત, કીર્તિ કેરા કોટડાં, પાડ્યા નવ પડંત.

# સંધિ - (૧)

સંધિ

સ્વરસંધિ | વ્યંજનસંધિ

અહીં આપણે સ્વરસંધિ વિષે સમજીશું. જ્યારે સ્વરનું જોડાણ સંધિના નિયમ પ્રમાણે થાય ત્યારે તેને સ્વરસંધિ કહે છે.

દા.ત. : દેશ + અભિમાન = દેશાભિમાન ⟶ સરખી જાતિના સ્વરનું જોડાણ

પરમ + ઈશ્વર = પરમેશ્વર ⟶ જુદી જાતિના સ્વરનું જોડાણ.

મહત્ત્વની સ્વરસંધિ નીચે પ્રમાણે છે.

(અ) અ + અ = આ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | ભાવ + અર્થ | = | ભાવાર્થ | | (૨) | પર + અધીન | = | પરાધીન |
| (૩) | સ્નેહ + અધીન | = | સ્નેહાધીન | | (૪) | વૃદ્ધ + અવસ્થા | = | વૃદ્ધાવસ્થા |

(બ) આ + આ = આ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | મહા + આત્મા | = | મહાત્મા | | (૨) | તૃષા + આતુર | = | તૃષાતુર |
| (૩) | ચિંતા + આતુર | = | ચિંતાતુર | | (૪) | મહા + આલય | = | મહાલય |

(ક) ઇ + ઇ = ઈ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | રવિ + ઇન્દ્ર | = | રવીન્દ્ર | | (૨) | પરિ + ઇક્ષા | = | પરીક્ષા |
| (૩) | યતિ + ઇન્દ્ર | = | યતીન્દ્ર | | (૪) | જતિ + ઇન્દ્ર | = | જતીન્દ્ર |

(ડ) ઈ + ઈ = ઈ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | નારી + ઈશ્વર | = | નારીશ્વર | | (૨) | યોગી + ઈશ્વર | = | યોગીશ્વર |
| (૩) | રજની + ઈશ | = | રજનીશ | | (૪) | પાર્વતી + ઈશ | = | પાર્વતીશ |

(ઈ) ઉ + ઉ = ઊ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | ભાનુ + ઉદય | = | ભાનૂદય | | (૨) | ગુરુ + ઉત્તમ | = | ગુરુત્તમ |
| (૩) | સુ + ઉક્તિ | = | સૂક્તિ | | (૪) | લઘુ + ઉત્તર | = | લઘૂત્તર |

(ફ) ઊ + ઊ = ઊ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | વધૂ + ઊર્મિ | = | વધૂર્મિ | | (૨) | સિંધૂ + ઊર્મિ | = | સિંધૂર્મિ |

# ૩. બોલવું સમજી વિચારી

## અંકિત ત્રિવેદી

૯ માર્ચ, ૧૯૮૫ના રોજ અમદાવાદ ખાતે તેમનો જન્મ થયો હતો. શાળાકીય તથા કૉલેજનું શિક્ષણ અમદાવાદમાં જ લીધું. ગઝલ સંગ્રહ ‘ગઝલપૂર્વક’, ગીત સંગ્રહ ‘ગીતપૂર્વક’, નિબંધ સંગ્રહ ‘મૈત્રી વિશ્વ’ વગેરે તેમનાં પ્રકાશિત થયેલાં પુસ્તકો છે. આ ઉપરાંત ‘અવિનાશી અવિનાશ’, ‘મેંદીના પાન’, ‘મિસીંગ બક્ષી’, ‘કહેવત વિશ્વ’ જેવા સંપાદનો પણ તેમની પાસેથી મળ્યા છે. પત્રકારત્વ ક્ષેત્રે પણ તેઓ કાર્યરત છે. કેટલાંક સામયિકોના સંપાદક તરીકે પણ તેઓ કામગીરી બજાવે છે. તખ્તસિંહ પરમાર પુરસ્કાર, શયદા એવૉર્ડ તથા યુવા ગૌરવ પુરસ્કારથી તેમને નવાજવામાં આવ્યા છે.

## સૂર કૃતિનો

પ્રસ્તુત કૃતિ એક બોધકાવ્ય છે. મૂલ્યશિક્ષણના ઉત્તમ પાઠ ભણાવતા આ કાવ્યમાં બહુ સાચી વાત સરળ શબ્દોમાં કહી હોવાથી આપણા હૃદય સોંસરવી ઊતરી જાય છે. હાડકાં વગરની જીભ ગમે તે બોલી ન નાંખે તે માટે આપણે સજાગ રહેવું જોઈએ. યોગ્ય શબ્દો ફૂલો વરસાવે પણ અયોગ્ય શબ્દો કાંટા વેરે. માટે સમજી-વિચારીને બોલવું જોઈએ.

જેમ ગમે તેમ ન બોલાય તેમ યોગ્ય વાત યોગ્ય સમયે જ સાચી અસર કરે, અયોગ્ય સમયે યોગ્ય વાત પણ દુશ્મની નોતરે છે. યોગ્ય સમયે બોલેલા શબ્દો આપણને તારી દે અને અયોગ્ય સમયે બોલેલા શબ્દો ડૂબાડી દે.

વળી કવિ અહીં એક સરસ મજાની વાત કરે છે કે, બીજાએ આપણા પર કરેલા ઉપકારો હંમેશા યાદ રાખવા પણ આપણે બીજા પર કરેલા ઉપકારો હંમેશા ભૂલી જવા.

આ કાવ્યમાં વિરોધી કહેવતોના આપેલાં ઉદાહરણથી આપણને સાચી સમજ મળે છે.

બોલવું સમજી વિચારી, જીભ નથી તારી કે મારી,
વરસે તો ફૂલોની ક્યારી, નહીંતર કાંટા બિછાવશે પથારી.
બોલ્યાનાં બોર ભલે વેચાતાં હોય, આપણને રસ નથી બોરમાં,
ના બોલ્યાનાં ભલે ગુણગાન ગાઓ, પણ બોલવું સમયસરના પ્હોરમાં.
આવું કરો તો હશે યારી, કરો નહીં એકલા રહેવાની તૈયારી,
કોઈના માટે કર્યું જો હોય, તો રુદિયેથી બ્હાર કદી કાઢ મા.
યાદ જેને રહેવાનું હોય એને રહેશે, ને તારો દુઃખાવો તારી દાઢમાં,
રાખો એને ગણકારી, જેણે રાખ્યા આપણને ઉગારી.

### અધ્યાપન સંકેત

પ્રસ્તુત કૃતિનું અધ્યાપન કરાવતા પહેલા કાવ્યને અનુરૂપ ગુજરાતી ભાષાની કહેવતો વિશે ચર્ચા કરી કહેવતોની સમૃદ્ધિનો ખ્યાલ આપવો. કાવ્યપંક્તિઓ સ્પષ્ટ કરવા પ્રશ્નોના માધ્યમથી વિસ્તૃત ચર્ચા કરવી. જુદા જુદા સંદર્ભે જીભ વિશે પણ ચર્ચા કરવી.

'બોલે તેના બોર વેચાય' અને 'ન બોલવામાં નવ ગુણ' જેવી વિરોધાભાસી કહેવતના ઉદાહરણને ધ્યાનમાં રાખી અન્ય વિરોધાભાસી કહેવતોનો પરિચય કરાવવો.

સારા વચનો મિત્રો બનાવે અને અયોગ્ય વચનો દુશ્મન ઊભા કરે તે વાત ઉદાહરણ આપીને સમજાવવી. ઉપકાર અને અપકારની સંકલ્પના દઢ કરાવ્યા પછી અહીં આપેલ ઉપકારની વાત વિદ્યાર્થીઓના મનમાં દઢ કરાવવાનો પ્રયત્ન કરવો.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે કવિતામાં વપરાયેલા શબ્દો શોધો :**

(૧) જિહ્‌વા (૨) પુષ્પ (૩) કંટક (૪) દોસ્તી
(૫) હૃદય (૬) નહિ (૭) કળતર (૮) શૈયા

**સ. ૨. કાવ્યમાંથી પ્રાસયુક્ત શબ્દો શોધીને લખો.**

**સ. ૩. કોઈપણ પાંચ વિરોધાભાસી કહેવતો લખો : દા.ત. :** ઓળખાણ મોટી ખાણ છે. જવાબ : ઓળખીતો સિપાહી બમણું મારે.

**સ. ૪. 'સર' ઉપસર્ગ લગાવી પાંચ શબ્દો બનાવી તેનો વાક્યમાં ઉપયોગ કરો : દા.ત.:** સમય સર – ટ્રેન આજે સમયસર આવી.

**સ. ૫. એક કરતાં વધારે સમાનાર્થી શબ્દો લખો.**

(૧) પુષ્પ -____,____,____ (૨) માતા -____,____,____ (૩) હૃદય -____,____,____

**સ. ૬. કાવ્યને આધારે ખાલી જગ્યા પૂરો :**

(૧) જીભ નથી તારી કે મારી વરસે તો ____ ક્યારી.
(૨) આપણને ____ નથી બોરમાં
(૩) ____ જેને રહેવાનું હોય એને રહેશે.
(૪) ના બોલ્યાનાં ભલે ____ ગાઓ.

**સ. ૭. નીચેના અર્થ દર્શાવતી પંક્તિ લખો :**

(૧) હંમેશાં સમજી વિચારીને બોલવું જોઈએ.
(૨) સમય જોઈને બોલીએ તો બધાંની સાથે દોસ્તી રહે.
(૩) કોઈને માટે કરેલાં સારાં કાર્યો કદી યાદ રાખવા નહિ.
(૪) બીજાએ કરેલા ઉપકાર સદા યાદ રાખવા.

**સ. ૮. નીચેની પંક્તિઓને યોગ્ય ક્રમમાં ગોઠવો :**

(૧) આવું કરો તો હશે યારી
(૨) જેણે રાખ્યા આપણને ઉગારી
(૩) નહીંતર કાંટાં બિછાવશે પથારી
(૪) કરો નહીં એકલા રહેવાની તૈયારી

**સ. ૯. યોગ્ય વિકલ્પ પસંદ કરી વાક્ય ફરીથી લખો :**

(૧) આપણે સમજી વિચારીને બોલીએ તો __________________.
(અ) ફૂલો વરસે (આ) કાંટા વરસે (ઇ) અમી વરસે

(૨) આપણે હંમેશાં યાદ રાખવા જોઈએ ________________.
(અ) આપણે બીજા પર કરેલા ઉપકાર (આ) બીજાએ આપણા પર કરેલા ઉપકાર
(ઇ) બીજાએ આપણા પર કરેલા અપકાર

(૩) આપણે સમય જોઈને બોલીએ તો ________________.
(અ) બધાં આપણા મિત્ર બને (આ) બધાં આપણાં દુશ્મન બને (ઇ) બધાં આપણી સાથે ઝઘડો કરે

**સ. ૧૦. પ્રસ્તુત કાવ્યનો ભાવાર્થ તમારા શબ્દોમાં લખો.**

**સંભાષણ** ★ 'બોલો બોલ વિચારીને, પસ્તાવો નવ થાય; બોલેલું ખેંચાય ના, કરતાં કોટિ ઉપાય.'
ઉપરોક્ત સુભાષિતને યોગ્ય રીતે સમજવા વર્ગમાં સમૂહચર્ચા કરો.

**પ્રકલ્પ** ★ નીચેના અવયવો ઉપરથી ત્રણ-ત્રણ રૂઢિપ્રયોગો શબ્દકોશમાંથી શોધીને કાર્ડપેપર ઉપર લખી એક સુંદર ભીંતપત્રક બનાવો.
(૧) જીભ (૨) આંખ (૩) કાન (૪) હાથ (૫) મોઢું (૬) માથું (૭) પગ (૮) દાંત

## ભાષિક સમજ

★ **વચન બદલો :** (૧) ફૂલ (૨) કાંટાં (૩) બોર (૪) દાઢો

★ **સર્વનામ શોધી નીચે લીટી કરો :**
(૧) કોઈના માટે કર્યું જો હોય. (૨) યાદ જેને રહેવાનું હોય એને રહેશે.
(૩) જેણે રાખ્યા આપણને ઉગારી. (૪) જીભ નથી તારી કે મારી.

★ **કૌંસમાંથી યોગ્ય વિશેષણ પસંદ કરીને લખો :** (સુંદર, નવ, રંગબેરંગી, મધમીઠા, સુંવાળી, અણીદાર, દુઃખતી, લાંબી)
(૧) __ ફૂલો (૨) __ કાંટાં (૩) __ બોર (૪) __ દાઢ (૫) __ ક્યારી (૬) __ જીભ (૭) __ શૈયા (૮) __ ગુણ

## હું વાંચું ......... તમે પણ વાંચો.

### મારી માને ગમશે ?

તે વખતે હું અગિયારેક વરસનો હોઈશ. એક દિવસ હું રસ્તા પરથી પસાર થતો હતો. એવામાં એક ફકીરબાબા સામેથી આવ્યા. તેમણે મને ઊંચકી લીધો અને મારી આંખમાં આંખ મિલાવીને બે ઘડી તે જોઈ રહ્યા. પછી મને નીચે મૂકી દીધો. ફરીથી તેમણે મને ઉપાડી લીધો ને એ જ પ્રમાણે નિહાળીને પાછો નીચે મૂક્યો. આમ તેમણે ત્રણેક વાર કર્યું. પછી ફકીરબાબાએ કહ્યું, ''બચ્ચા, એક વાત તું હંમેશા યાદ રાખજે. જ્યારે તું કંઈ પણ કરે, બોલે, વિચારે ત્યારે તારા દિલને એક સવાલ પૂછજે કે, મારી માને આ ગમશે કે નહીં?'' એટલું કહીને ફકીરબાબા ચાલ્યા ગયા. એ પછી મેં તેમને કદી જોયા નથી. પણ તેમની એ શિખામણ મારા દિલમાં જડાઈ ગઈ છે. ત્યારથી મને એક ટેવ જ પડી ગઈ છે કે, કંઈ પણ હું કરું, બોલું અથવા વિચારું ત્યારે મારી આંખ સામે સવાલ ખડો થઈ જાય છે કે, ''મારી માને આ ગમશે કે નહિ?'' આ શિખામણથી હું ઘણા દોષમાંથી બચી ગયો છું. માને હંમેશાં નજર સામે રાખવાની મને ટેવ પડી ગઈ છે. તેથી કંઈ પણ અનિષ્ટ વિચારતાં, બોલતાં કે કરતાં મને સંકોચ થઈ આવે છે અને એ કુવિચાર, કુવચન કે કુકર્મના દોષમાંથી હું બચી જાઉં છું.

– ગુરુદયાલ મલ્લિક (અનુ. મુકુલ કલાર્થી, નિરંજના કલાર્થી)

8HDBYT

વિવેક અને વિનય સમસ્ત ગુણોની આધારશિલા છે.

# ૪. જેલમાં ખિસકોલી

**કાકાસાહેબ કાલેલકર**

૧ ડિસેમ્બર, ૧૮૮૫ના રોજ સતારામાં તેમનો જન્મ થયો હતો. પુણેની ફર્ગ્યુસન કૉલેજમાંથી ફિલોસોફી વિષય સાથે બી.એ. થઈ, બેંગ્લોરમાં આચાર્ય તરીકે જોડાયા. 'રાષ્ટ્રભાષા સમિતિ'ના સભ્યપદે રહી હિંદી ભાષાનું રાષ્ટ્રીય કક્ષાએ પ્રચારકાર્ય કર્યું હતું. ગુજરાતી સાહિત્ય પરિષદના વીસમા અધિવેશનના પ્રમુખ હતાં. કાકાસાહેબે હિમાલયનો પગપાળા પ્રવાસ કર્યો હતો. તેમણે પ્રવાસવર્ણનના ઉત્તમ પુસ્તકો આપ્યા છે. જેવા કે, 'હિમાલયનો પ્રવાસ', 'રખડવાનો આનંદ', 'ઉગમણો દેશ' વગેરે. ચિંતનાત્મક તથા પત્રકારત્વ ક્ષેત્રે તેમણે નોંધપાત્ર પ્રદાન કર્યું છે. ૧૯૬૪માં તેમને પદ્મવિભૂષણનો ખિતાબ મળ્યો હતો. ગાંધીજીએ તેમને 'સવાઈ ગુજરાતી'નું બિરુદ આપ્યું હતું. તેમનું અવસાન ૨૦ ઑગસ્ટ, ૧૯૮૧ના થયું હતું.

**સૂર કૃતિનો**

પ્રસ્તુત પાઠમાં માતૃત્વનું મંગળ ચિત્ર ખૂબ જ કોમળતાથી અંકાયું છે. લેખક જ્યારે જેલમાં હતાં ત્યારે તેમને પ્રાણીજીવનનો એક મર્મસ્પર્શી અનુભવ થયો હતો. તે અનુભવને લેખકે ખૂબજ સરળ શબ્દોમાં અને વાચકના દિલને સ્પર્શી જાય તેવી હળવી શૈલીમાં વર્ણવ્યો છે. એક ખિસકોલી અને તેના બચ્ચાંનો પ્રેમ લેખક વર્ણવે છે ત્યારે તેની સાથે પોતાના દિલમાં મૂંગા જીવો માટે રહેલો પ્રેમ પણ અનાયાસે જ વ્યક્ત થઈ જાય છે. તે ખરેખર આપણા દિલ સુધી પહોંચી આપણને પણ સીધી અસર કરે છે અને એક ખિસકોલી જેવડા નાના પ્રાણી વિશે વધુને વધુ જાણવાની આપણામાં જિજ્ઞાસા ઉત્પન્ન કરે છે.

એક દિવસ શામળભાઈ ખિસકોલીનું એક નાનકડું બચ્ચું કેદીની ટોપીમાં મારી પાસે લઈ આવ્યા અને કહેવા લાગ્યા : 'એક કાગડો આને લઈ જતો હતો. અમે બે જણાએ ચાલાકી કરી એને બચાવ્યું છે. હવે એનું શું કરીએ ?' મને કૉલેજના દિવસો યાદ આવ્યા. એક ચીંથરાની દિવેટ બનાવી દૂધમાં બોળી એ બચ્ચાને ચૂસવાને આપી, પણ એ ગભરાયેલું બચ્ચું કેમે કર્યું દૂધ ચૂસે જ નહિ. રોટલો આપ્યો, ખીચડી આપી, ભાત આપ્યો, પણ પેલું બચ્ચું તો એમાંથી કશાને અડે જ નહિ. આખરે મારા નાહવાના ડબામાં એક લૂગડું પાથરી તેમાં એને બેસાડી દીધું ને અમે સૂઈ ગયા. બીજે દિવસે તો એણે ચીસો પાડી-પાડીને આખું વાતાવરણ કરૂણ કરી મૂક્યું. શામળભાઈ બિચારા વ્યાકુળ થઈ ગયા.

બચ્ચાનું શું કરવું એ કોઈને સૂઝે નહિ. દરેક જણ આવીને બચ્ચાને હાથમાં લે. બિચારું બચ્ચું જાન બચાવવા ખાતર હાથમાંથી કૂદી પડે. થાકી જાય, પેશાબ કરે અને ફરી દોડે. એક વખત તો ઠાકોરસાહેબના ઓરડામાં બળતણ પડ્યું હતું તેમાં જઈને ભરાઈ બેઠું. મુશ્કેલીથી અમે તેને બહાર કાઢ્યું. કાગડા અને બિલાડી બંનેનાં મોંથી એનું રક્ષણ કરવું એ સહેલી વાત નહોતી. બીજો દિવસ પણ પૂરો થવા આવ્યો.

બે દિવસ થયા. બિચારાને કડાકા હતા. ભૂખે મરતું એને તે કેમ બચાવાય અને કાગડા-બિલાડીનાં મોંથી પણ એને કેમ બચાવાય એ અમને બેવડી ચિંતા થઈ પડી હતી. અંતે બપોરના ચાર વાગ્યે મેં જોયું કે ખિસકોલી ઝાડે-ઝાડે ને ઓરડીએ-ઓરડીએ વ્યાકુળ થઈને ફરે છે. એ જ આ બચ્ચાની મા હોવી જોઈએ. જે ઓરડામાં મેં ડબો રાખ્યો હતો એ ઓરડી તરફ એ જાય એટલા માટે મેં એને એક-બે ઠેકાણેથી હાંકી. કઈ ભાષામાં હું એને સમજાવું કે તારું બચ્ચું મારી ઓરડીમાં છે ને એની સલામતી ખાતર જ એને અંદર રાખ્યું છે. બિચારી માને થયું હશે કે દુખિયારી હું બચ્ચાની શોધમાં રખડું છું, ત્યાં આ જમદૂત મારી કેડે પડચો છે, જંપવા પણ નથી દેતો. આખરે ઠાકોરસાહેબ, શામળભાઈ, એક-બે પોલીસો, ઠાકોરસાહેબનો કેદી-રસોઈયો અને સૌએ મળીને એક કાઉન્સિલ બેસાડી અને હામ ભીડી એક યોજના ઘડી કાઢી.

ક્રિકેટની રમતમાં જેમ ઠેકઠેકાણે ક્ષેત્રપાલો ઊભા રહે છે તેમ બધા દૂરદૂર ઊભા રહ્યાં. મેં બચ્ચાવાળો ડબો ઓરડીમાંથી બહાર આણ્યો અને જે ઝાડ ઉપર પેલી મા ખિસકોલી ફરતી હતી, તેની નીચે આડો મૂકી દીધો. બે-ત્રણ કાગડાઓએ આ જોયું. પછી કંઈ એ મહાશયો ત્યાંથી ખસે ? લોભી આંખે તેઓ એકીટસે જોવા લાગ્યા. પણ અમારા ક્ષેત્રપાલો પૂરેપૂરા સાવધાન હતા. બચ્ચું ડબામાંથી બહાર નીકળ્યું અને એણે કિલકિલ કરી કારમી ચીસ પાડી. મારું ધ્યાન આ ખિસકોલી તરફ હતું. તે વખતની એની મુદ્રા જોવા જેવી હતી. એનો જીવ કાન અને આંખમાં આવી રહ્યો હતો. બચ્ચાનું દર્શન થયું. એટલે બાકીની બધી સૃષ્ટિ એને માટે શૂન્ય થઈ ગઈ. ખિસકોલીની દોટથી એ ઉપરથી દોડતી નીચે આવી. સ્ટેશન નજીક આવતાં રેલગાડી જેમ સિસોટી વગાડે તેમ અવાજ કરતાં એ આવી. બચ્ચું પણ મા તરફ દોડ્યું. બંનેનો ભેટો થયો. તરત જ મા ચોમેર નજર નાખવા લાગી. અમારે એ માને બીક ન લાગે એટલા દૂર, પણ કાગડા ફાવી ન શકે એટલા નજીક ઊભા રહેવું જરૂરી હતું.

હવે એક ભારે દૃશ્ય જોવાનું મળ્યું. માને થતું હતું કે એક ક્ષણનો પણ વિલંબ કર્યા વગર આ બચ્ચાને માળામાં લઈ જાઉં તો જગ જીતી. બચ્ચાને એનો ખ્યાલ ક્યાંથી આવે ? તે તો બે દિવસનું ભૂખ્યું હતું. માને જોઈ કે તરત જ તેને ધાવવાને દોડ્યું. મા એને મોઢામાં પકડીને ઊંચકવા જાય અને બચ્ચું તેમાંથી છટકી ધાવવા જાય : મિનિટ-દોઢ મિનિટ સુધી આ છોડ-વળગ ચાલી. આખરે બચ્ચાનો વિજય થયો. માએ જોઈ લીધું કે બચ્ચું સમજે એમ નથી. એટલે જીવને જોખમે તે ત્યાં જ થોભી ગઈ. બચ્ચાને ધાવવા દીધું. ભૂખ્યા સિપાઈઓ રણાંગણ પર શિરને સાટે પણ ભોજન કરે છે એના જેવો આ પ્રસંગ હતો. બચ્ચાની ભૂખ જરા ભાંગી એટલે માએ દૃઢતાથી બચ્ચાને એના પેટની ચામડી વતી ઝાલ્યું. બચ્ચાએ તરત જ પોતાના ચારે પગ અને પૂંછડી માને ગળે વીંટાળી દીધાં. માના ગળાની આસપાસ આ એના હૃદયનું ધન અમૂલ્ય હારની પેઠે વીંટળાઈ રહ્યું. તેને સાચવી માથું ઊંચું કરીને મા આંગણું વટાવી ઓટલા પર આવી. અમે કૂંડાળું નાનું કર્યું. ઓટલાની કોર આગળ જ્યાં દીવાલનો ખૂણો બહાર આવ્યો હતો તેની ધાર ઉપરથી ખિસકોલી ડગુમગુ કરતી ચડવા લાગી. શી એની સંભાળ ! શી એની એકાગ્રતા ! ઉપર લગભગ છાજ સુધી પહોંચી ગઈ.

ત્યાંથી કૂદકો મારીને જ લાકડાના પીઢિયા સુધી પહોંચાય એમ હતું. કૂદકો મારશે કે નહિ ? કૂદકો મારવાની હિંમત કરી મા આખા શરીરનો સંકોચ કરે, પણ કૂદતાં પહેલાં જ હિંમત હારી જાય : નિરાશ થઈ નિસાસો મૂકે. ફરી બીજી રીતે પ્રયત્ન કરે. દસેક વાર તો જમણી બાજુથી ડાબી બાજુ ને ડાબી બાજુથી જમણી બાજુ ગઈ હશે. ઉપરથી પડી જાય તો બચ્ચું જીવતું ન રહે. જેટલા-જેટલા નિષ્ફળ પ્રયત્ન થાય તેટલી શક્તિ ઓછી થાય અને



પ્રયત્ન સફળ થવાની આશા પણ ઓછી થાય. બિચારીએ એકવાર હતાશ થઈને ચીસ પાડી. કયો ભક્ત આથી વધારે વ્યાકુળ પ્રાર્થના કરી શકે ? અમે આટલા જણ આસપાસ ઊભા હતા. પણ એની શી સેવા કરીએ ? માણસ જાતે આજ સુધીમાં ક્યાં ખિસકોલીનો વિશ્વાસ સંપાદન કર્યો છે કે આજે એ તમને પાસે આવવા દે ?

મને એક વિચાર સૂઝ્યો. દોડતો જઈને હું મારો ખેસ લઈ આવ્યો. બે છેડા મારા હાથમાં ને બે શામળભાઈના હાથમાં એમ કરી જમીનથી એક-બે હાથ ઊંચે અમે ખેસ પહોળો કરી પકડી રાખ્યો. ઉદ્દેશ એ કે ખિસકોલી કે એનું બચ્ચું પડે તો તેમનો છૂંદો ન થઈ જાય. આખરે ઈશ્વરે ખિસકોલીની ધા સાંભળી. એના શરીરમાં અસાધારણ બળ આવ્યું. શ્વાસ રોકી એણે વિશ્વાસપૂર્વક એક કૂદકો માર્યો અને એક પળમાં તે મુકામે પહોંચી ગઈ : બે છાપરાંની સાંધમાં મોભનાં નળિયાં નીચે ખિસકોલીનું નિવાસસ્થાન હતું.

તે રાતે મા અને બચ્ચાએ કેવી મીઠી ઊંઘ લીધી હશે ! સાચે જ માને થયું હશે કે જગ જીતી. ત્યાર પછી કેટલાય દિવસ એ માને અને બે બચ્ચાને અમે જોતા અને ઓળખતા.

### અધ્યાપન સંકેત

પ્રસ્તુત પાઠનું અધ્યાપન કરાવવાની શરૂઆત કરતાં પહેલા લેખક કાકાસાહેબ કાલેલકર વિશે સંક્ષિપ્તમાં જરૂરી માહિતી આપવી. નાનાં-મોટાં પાળેલાં જંગલી પ્રાણીઓ વિશે તેમની બોલી, રહેઠાણ, ખોરાક, વિશિષ્ટતા, બચ્ચાં વગેરે વિશે પૂર્વજ્ઞાનને આધારે ચર્ચા કરવી. પાઠનું પ્રકટવાંચન દરેક વિદ્યાર્થીઓ પાસે ક્રમિક રીતે કરાવવું. તે દરમ્યાન લઘુપ્રશ્નો પૂછી વિદ્યાર્થીઓને સક્રિય રાખવા આવશ્યક જણાય ત્યાં વિસ્તૃત માહિતી આપવી. ખિસકોલી વિશે વધારે ને વધારે માહિતી મેળવવા પ્રવૃત્ત કરવા. મૂંગાં પ્રાણીઓ પ્રત્યે વિદ્યાર્થીઓમાં પ્રેમ પ્રગટાવવાનો આડકતરો - પરોક્ષ પ્રયત્ન કરવો. જીવદયા માટે પ્રેરણા પૂરી પાડવી.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે પાઠમાં વપરાયેલા શબ્દો લખો :**

(૧) બંદીવાન (૨) કપડું (૩) દુનિયા (૪) સાવધાન
(૫) વાટ (૬) ઉપવાસ (૭) બેચેન (૮) ફળિયું

**સ. ૨. રૂઢિપ્રયોગ અને અર્થને યોગ્ય રીતે જોડો :**

| વિભાગ 'અ' | વિભાગ 'બ' |
|---|---|
| (૧) કડાકા હોવા | (અ) હિંમત બતાવવી |
| (૨) કેડે પડવું | (આ) એકનજરે જોવું |
| (૩) હામ ભીડવી | (ઇ) ઝીણી છીણ થઈ જવી |
| (૪) ધા સાંભળવી | (ઈ) ઉપવાસ થઈ જવા |
| (૫) છૂંદો થઈ જવો | (ઉ) પાછળ પડવું |
| (૬) એકીટસે જોવું | (ઊ) મદદ માટેનો અવાજ સાંભળવો |

**સ. ૩. શબ્દસમૂહ માટે એક શબ્દ આપો :**

(૧) પગથી માથા સુધી (૨) આવક તથા ખર્ચનો અંદાજ
(૩) યુદ્ધનું મેદાન (૪) ખભે નાંખવાનું વસ્ત્ર
(૫) ક્રિકેટની રમતમાંનો ફિલ્ડર (૬) કેદીઓને રાખવામાં આવતી જગ્યા
(૭) છાપરાંના ટેકારૂપ રખાતું મુખ્ય આડું લાકડું (૮) શારીરિક શ્રમ કરીને જીવનાર

**સ. ૪. અક્ષરો ઉલટાવવાથી બનતો નવો શબ્દ લખીને તેનો અર્થ પણ લખો :**

દા.ત. : યાદ–દયા, દયા – મહેરબાની, કૃપા.

(૧) હામ (૨) ડબો (૩) જગ (૪) જરા

**સ. ૫. 'વાતાવરણ' શબ્દના અક્ષરોનો ઉપયોગ કરીને વધુમાં વધુ શબ્દો બનાવો. (ઓછામાં ઓછા ૧૦)**

**સ. ૬. પાઠના આધારે ખાલી જગ્યા પૂરો :**

(૧) એક ______________ દિવેટ બનાવી દૂધમાં બોળી એ બચ્ચાને ચૂસવાને આપી.
(૨) શામળભાઈ બિચારા ______________ થઈ ગયા.
(૩) ક્રિકેટની રમતમાં જેમ ઠેકઠેકાણે ______________ ઊભા રહે છે તેમ બધા દૂરદૂર ઊભા રહ્યાં.
(૪) આખરે ______________ ખિસકોલીની ધા સાંભળી.
(૫) નિરાશ થઈ ______________ મૂકે.
(૬) મને _________ દિવસો યાદ આવ્યા.
(૭) મારું ધ્યાન આ _________ તરફ હતું.

**સ. ૭.** **નીચેનાં વાક્યોને ક્રમ પ્રમાણે ગોઠવો :**

(૧) બીજે દિવસે તો એણે ચીસો પાડી-પાડીને આખું વાતાવરણ કરૂણ કરી મૂક્યું.

(૨) ગભરાયેલું બચ્ચું કેમે કર્યું દૂધ ચૂસે જ નહિ.

(૩) એક કાગડો ખિસકોલીના બચ્ચાને લઈ જતો હતો.

(૪) કેદીની ટોપીમાં નાનકડું ખિસકોલીનું બચ્ચું લાવવામાં આવ્યું.

(૫) શામળભાઈ બિચારા વ્યાકુળ થઈ ગયા.

**સ. ૮.** **યોગ્ય વિકલ્પ પસંદ કરી વાક્ય ફરીથી લખો :**

(૧) ખિસકોલીના બચ્ચાને______________________.

(અ) કાગડા બિલાડીથી બચાવવું જરૂરી હતું (આ) બચ્ચાંની માથી બચાવવું જરૂરી હતું

(ઇ) જેલના કેદી અને પોલીસોથી બચાવવું જરૂરી હતું

(૨) ખિસકોલીના બચ્ચાને દૂધ______________________.

(અ) બાટલીથી પીવડાવતા હતાં (આ) ચમચીથી પીવડાવતા હતાં

(ઇ) ચીંથરાની દિવેટ બનાવી પીવડાવતા હતાં

(૩) બચ્ચું અહીંતહીં ચીસો પાડી ભાગતું હતું. કારણ કે______________________.

(અ) તેને માટે જેલ અને ત્યાંના કેદીઓ અજાણ્યા હતાં (આ) તે તેની માને શોધતું હતું

(ઇ) તે ભૂખ્યું હતું અને તેને છૂપાઈ જવું હતું

(૪) બચ્ચું માની પાસે જતાં જ______________________.

(અ) મા ને ભેટી પડ્યું (આ) ભૂખ્યું હોવાથી ધાવવા લાગ્યું

(ઇ) મા કહે તેમ કરવા તૈયાર થઈ ગયું

**સ. ૯.** **ઓળખો :**

(૧) ખિસકોલીનું બચ્ચું લેખક પાસે લાવનાર -

(૨) ઝાડે-ઝાડે વ્યાકુળ થઈને ફરનાર -

(૩) મિનિટ-દોઢ મિનિટની છોડ-વળગમાં જીતી જનાર -

(૪) બચ્ચાંવાળા ડબ્બાને જોઈ જનાર -

(૫) બચ્ચાને ચીંથરાની દિવેટ દૂધમાં બોળી ચૂસવા આપનાર -

**સ. ૧૦.** **ખિસકોલીનું બચ્ચું અને તેની માતાનું મિલન તમારા શબ્દોમાં લખો.**

**સંભાષણ** ★ ઘાયલ અવસ્થામાં કોઈ પશુ-પક્ષી તમને મળે તો તમે તેની જે-જે કાળજી લેશો તેની વર્ગમાં સામૂહિક ચર્ચા કરો.

**પ્રકલ્પ** ★ વાંદરી અને માદા કાંગારું તેના બચ્ચાંની શી શી અને કેવી રીતે સંભાળ રાખે છે તેની સંપૂર્ણ માહિતી ઇન્ટરનેટ પરથી મેળવીને એક સરસ મજાનો પ્રકલ્પ તૈયાર કરો.

## ભાષિક સમજ

★ **યોગ્ય વિરામચિહ્ન મૂકી વાક્ય ફરીથી લખો :**

(૧) શી એની સંભાળ શી એની એકાગ્રતા

(૨) હવે એનું શું કરીએ

(૩) બચ્ચાનું દર્શન થયું એટલે બાકીની બધી સૃષ્ટિ એને માટે શૂન્ય થઈ ગઈ

(૪) આખરે ઠાકોરસાહેબ શામળભાઈ એક-બે પોલીસો ઠાકોર-સાહેબનો કેદી-રસોઈયો અને સૌએ મળી એક કાઉન્સિલ બેસાડી અને હામ ભીડી એક યોજના ઘડી કાઢી

★ **નમૂના પ્રમાણે કરો : દા.ત. :** નાહવું - નાહવાનું + ડબ્બો = નાહવાનો ડબ્બો.

(૧) બેસવું - બાંકડો

(૨) વાંચવું - ચોપડી

(૩) ધોવું - કપડાં

(૪) પહેરવું - ખમીસ

★ **રેખાંકિત શબ્દને ધ્યાનમાં રાખી વાક્યને પ્રશ્નાર્થ બનાવો.**

(૧) શામળભાઈએ <u>ચીંથરાની</u> દિવેટ બનાવી.

(૨) બચ્ચું <u>બે</u> દિવસથી ભૂખ્યું હતું.

(૩) <u>ખિસકોલીએ</u> બચ્ચા સાથે કૂદકો માર્યો.

### હું વાંચું ......... તમે પણ વાંચો.

#### ખિસકોલી

રામ બાંધે સાગરને સેતુ ખિસકોલી
જાણે લંકાનો કો પ્રલયકેતુ ખિસકોલી
કપિ પર્વત ઉપાડી લાવે કાંધે ખિસકોલી
કપિ સેતુ દિવસપાત બાંધે ખિસકોલી
એક નાની-શી આમતેમ કૂદે ખિસકોલી
કાંઠો સિન્ધુનો આખો દિ ખૂંદે ખિસકોલી
જરા વેળુમાં જઈ એ આળોટી ખિસકોલી
જઈ ખંખેરી સેતુએ રજોટી ખિસકોલી

સહુ વાનર ને રીંછ હસે જોઈ ખિસકોલી
ઘણો દરિયો પૂરવાની વાલામોઈ ખિસકોલી
જોઈ ગમ્મત ત્યાં રામ આવી જુએ ખિસકોલી
આંખે હરખનું આંસુ એક લુએ ખિસકોલી
મારો સૌથી નાનેરો સૈનિક તું ખિસકોલી
હવે પામીશ સીતાને ખચિત હું ખિસકોલી
એમ કહીને પસવારી હાથ મીઠે ખિસકોલી
પામી પટ્ટા તે દા'ડાથી પીઠે ખિસકોલી

– ઉમાશંકર જોશી

મૂંગાં પ્રાણીની વેદના સમજવી એ જ સાચી માનવતા-સંવેદનશીલતા.

8HM81G

# સંધિ - (૨)

વિજાતીય સ્વરસંધિ – મહત્ત્વની સ્વરસંધિ નીચે મુજબ છે.

(૧) અ + આ = આ કે આ + અ = આ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | વિવેક | + | આનંદ | = | વિવેકાનંદ | (૧) | વિદ્યા + અભ્યાસ | = | વિદ્યાભ્યાસ |
| (૨) | શિવ | + | આલય | = | શિવાલય | (૨) | ભિક્ષા + અર્થે | = | ભિક્ષાર્થે |

(૨) અ + ઇ = એ કે અ + ઈ = એ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | હર | + | ઇન્દ્ર | = | હરેન્દ્ર | (૧) | રસ + ઈશ | = | રસેશ |
| (૨) | નર | + | ઇન્દ્ર | = | નરેન્દ્ર | (૨) | દિન + ઈશ | = | દિનેશ |

(૩) આ + ઇ = એ કે આ + ઈ = એ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | મહા | + | ઇચ્છા | = | મહેચ્છા | (૧) | રમા + ઈશ | = | રમેશ |
| (૨) | મહા | + | ઇન્દ્ર | = | મહેન્દ્ર | (૨) | મહા + ઈશ | = | મહેશ |

(૪) અ + ઉ = ઓ કે અ + ઊ = ઓ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | સૂર્ય | + | ઉદય | = | સૂર્યોદય | (૧) | ભાગ્ય + ઊર્મિ | = | ભાગ્યોર્મિ |
| (૨) | પર | + | ઉપકાર | = | પરોપકાર | (૨) | આનંદ + ઊર્મિ | = | આનંદોર્મિ |

(૫) આ + ઉ = ઓ કે આ + ઊ = ઓ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | મહા | + | ઉત્સવ | = | મહોત્સવ | (૧) | ગંગા + ઊર્મિ | = | ગંગોર્મિ |
| (૨) | મહા | + | ઉદય | = | મહોદય | (૨) | બ્રહ્મા + ઊર્મિ | = | બ્રહ્મોર્મિ |

(૬) અ + એ = ઐ કે આ + એ = ઐ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | પુત્ર | + | એષણા | = | પુત્રૈષણા | (૧) | સદા + એવ | = | સદૈવ |
| (૨) | એક | + | એકતા | = | ઐકતા | (૨) | તથા + એવ | = | તથૈવ |

(૭) અ + ઓ = ઔ કે આ + ઓ = ઔ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | જલ | + | ઓઘ | = | જલૌઘ | (૧) | મહા + ઓઘ | = | મહૌઘ |
| (૨) | અધર | + | ઓષ્ઠ | = | અધરૌષ્ઠ | (૨) | મહા + ઓજસ્વી | = | મહૌજસ્વી |

# ૫. યા હોમ કરીને પડો...

## નર્મદાશંકર લાલશંકર દવે 'નર્મદ'

તેમનો જન્મ ૨૪ ઑગસ્ટ, ૧૮૩૩ના રોજ સુરતમાં થયો હતો. તેઓ કવિ, નિબંધકાર, આત્મકથાકાર, નાટ્યસંવાદ લેખક, કોશકાર, પિંગળશાસ્ત્રી, સંપાદક અને સંશોધક હતાં. અર્વાચીન સાહિત્ય યુગનો પ્રારંભ નર્મદથી થયો. ૨૩ વર્ષની ઉંમરથી કાવ્યલેખનની શરૂઆત કરી હતી. ૧૮૫૮માં કલમને ખોળે માથું મૂકી શિક્ષકની નોકરી કાયમ માટે છોડી દીધી. તેમના નોંધનીય પુસ્તકોમાં 'નર્મગદ્ય' નિબંધસંગ્રહ, 'નર્મકવિતા', કાવ્યસંગ્રહ 'નર્મકોશ', 'મારી હકીકત' આત્મકથા વગેરેનો સમાવેશ થાય છે. તેમણે સુધારક વિચારો ધરાવતું 'દાંડિયો' નામનું પાક્ષિક શરૂ કર્યું હતું. 'જય જય ગરવી ગુજરાત' તેમનું ખૂબજ પ્રચલિત સર્જન છે. ૨૫ ફેબ્રુઆરી, ૧૮૮૬માં સુરતમાં તેમનું અવસાન થયું હતું.

## સૂર કૃતિનો

પ્રસ્તુત શૌર્યકાવ્યમાં નર્મદે આપણને સાહસ કરવાની પ્રેરણા આપી છે. જીવનમાં જોખમ ખેડી આગળ વધીએ તો જીત આપણી જ છે. પણ જો ડર રાખીને આગળ જ ન વધીએ તો જીત કેવી રીતે મળે? જિંદગી એક લડાઈ જ છે તેમાં ઈશ્વર અનેક સંકટો રૂપી હાકલ કરતાં જ હોય છે. આપણે તો તે જીતવા માટે કટિબદ્ધ બનવાનું છે. કોઈ કાર્યમાં ઢીલ કરવી પાલવે જ નહિ. મનમાં ભય કે શંકા કરીએ તો હિંમત પડી ભાંગે છે. હજી વાર છે – વાર છે તેમ કરી સમય પસાર કરે તેનો કોઈ કાળે ઉદ્ધાર થતો નથી. સાહસપૂર્વક ઝંપલાવવાથી જ સિદ્ધિ મળે છે. ઐતિહાસિક તેમજ પુરાણોના પાત્રોના ઉદાહરણો આપીને કવિએ જોમભરી શૈલીમાં પ્રેરણા પૂરી પાડી છે. જાતિભેદના બંધન કાપવાનું, પરદેશમાં જઈ લાખોનો વેપાર કરવાનું તેમજ પાખંડ છોડી દેવાનું સાહસ કરવાથી દેશમાંથી દુઃખ દૂર થઈ જશે તેવી કવિને શ્રદ્ધા છે.

યા હોમ કરીને પડો ફતેહ છે આગે,
સહુ ચલો જીતવા જંગ, બ્યૂગલો વાગે.
કેટલાંક કર્મો વિષે, ઢીલ નવ ચાલે,
શંકા ભય તો બહુ રોજ, હામને ખાળે,
હજી સમય નથી આવિયો, કહી દિન ગાળે,
જન બ્હાનું કરે, નવ સરે અર્થ કો કાળે;
ઝંપલાવવાથી સિદ્ધિ જોઈ બળ લાગે.... યા હોમ...
સાહસે કર્યો પરશુએ પૂરો અર્જુનને,
તે પરશુરામ પરસિદ્ધ, રહ્યો નિજ વચને;
સાહસે ઈંદ્રજિત શૂર, હણ્યો લક્ષ્મણે,
સાહસે વીર વિક્રમ, જગત સહુ ભણે;
થઈ ગર્દ જંગમાં મર્દ હક્ક નિજ માગે.... યા હોમ...

સાહસે કોલંબસ ગયો, નવી દુનિયામાં,
સાહસે નેપોલિયન ભીડ્યો યુરોપ આખામાં;
સાહસે લ્યુથર તે થયો પોપની સામા,
સાહસે સ્કાટે દેવું રે, વાળ્યું જોતામાં;
સાહસે સિંકદર નામ અમર સહુ જાગે.... યા હોમ...
સાહસે જ્ઞાતિનાં બંધ કાપી ઝટ નાખો,
સાહસે જાઓ પરદેશ બીક નવ રાખો;
સાહસે કરો વેપાર, જેમ બહુ લાખો,
સાહસે તજી પાખંડ, બ્રહ્મરસ ચાખો;
સાહસે નર્મદ દેશ-દુઃખ સહુ ભાગે.... યા હોમ...

### અધ્યાપન સંકેત

પ્રસ્તુત કૃતિનું અધ્યાપન કરાવતા પહેલાં આપણાં રાષ્ટ્રીય તહેવારો વિશે ચર્ચા કરવી, દેશભક્તિનું એકાદ ગીત ગવડાવવું. કાવ્યમાં આપેલા સાહસવીરો ઉપરાંત અન્ય વીરો વિશે પણ સક્રિય ચર્ચા કરવી. તે દરમ્યાન લઘુ પ્રશ્નો દ્વારા કાવ્યની પંક્તિઓનું સ્પષ્ટીકરણ કરતાં જવું. રોજિંદા જીવનમાં આવતા નાના-મોટા પ્રસંગોના ઉદાહરણ આપી વિદ્યાર્થીઓના મંતવ્ય જાણી તેના આધારે સાહસ કરવા પ્રેરણા આપવી. દા.ત. વાંદાથી ડરતા બાળકોના મનમાંથી તે ડર કાઢી નાંખવાનો પ્રયત્ન કરવો. જાતિભેદ, વર્ણભેદ દૂર કરવા માટે પણ પર્યાપ્ત પ્રેરણા આપવી.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલાં શબ્દ શોધો :**

(૧) લડાઈ (૨) વહેમ (૩) દિવસ (૪) અધિકાર
(૫) કરજ (૬) તરત (૭) દંભ (૮) વિદેશ

**સ. ૨. રૂઢિપ્રયોગ અને તેના અર્થને યોગ્ય રીતે જોડો :**

| વિભાગ 'અ' | વિભાગ 'બ' |
|---|---|
| (૧) ઢીલ થવી | (અ) કંઈ જ ન વળવું |
| (૨) હામ ખાળવી | (આ) વિરોધ કરવો |
| (૩) અર્થ ન સરવો | (ઇ) કરજ ચૂકવવું |
| (૪) સામે થવું | (ઈ) દંભ છોડી દેવો |
| (૫) દેવું વાળવું | (ઉ) વાર લગાડવી |
| (૬) પાખંડ તજવો | (ઊ) હિંમત હારી જવી |

**સ. ૩.** **આડાઅવળા અક્ષરોને યોગ્ય ક્રમમાં ગોઠવીને અર્થપૂર્ણ શબ્દ બનાવો :**

(૧) લં કો સ બ (૨) શુ મ પ રા ર (૩) ય ને લિ પો ન

(૪) વ ઝં વું લા પ (૫) ર બ્ર સ હ્મ (૬) કં ર દ સિ

**સ. ૪.** **નીચેના શબ્દોના અક્ષરોમાંથી ચાર-ચાર શબ્દ બનાવો :**

(૧) વિક્રમરાજા (૨) પરદેશ

**સ. ૫.** **નીચેના શબ્દના બે-બે સમાનાર્થી શબ્દ લખો : દા.ત. :** ફતેહ – જીત, સફળતા

(૧) જંગ (૨) શંકા (૩) શૂર (૪) ભય (૫) ઢીલ

**સ. ૬.** **નીચેના અર્થ દર્શાવતી પંક્તિ લખો :**

(૧) જીવનરૂપી લડાઈમાં હિંમતપૂર્વક ઝંપલાવવાથી જીત નક્કી જ મળે છે.

(૨) કેટલાંક કામ પછી કરશું એમ વિચારી સમય પસાર કરે તેઓ કોઈ દિવસ સફળ થતાં નથી.

(૩) જાતિભેદ કે વર્ણભેદના બંધનો તોડી નાંખવાનું સાહસ દરેકે કેળવવું જોઈએ.

(૪) કોઈપણ બહાના કાઢવાથી કંઈ જ વળતું નથી. પણ ઝંપલાવવાથી સિદ્ધિ અવશ્ય મળે છે.

**સ. ૭.** લખો :

(૧) કાવ્યમાં આવતાં ઐતિહાસિક પાત્રો (૨) કાવ્યમાં આવતાં પુરાણોનાં પાત્રો

**સ. ૮.** **ઓળખો :**

(૧) અર્જુનને મારનાર – (૨) યુરોપમાં ભીડનાર – (૩) પોપની સામે થનાર –

(૪) દેવું વાળનાર – (૫) નવી દુનિયા શોધનાર – (૬) લક્ષ્મણને હણનાર –

**સ. ૯.** **યોગ્ય વિકલ્પ પસંદ કરી વાક્ય ફરીથી લખો :**

(૧) સાહસથી જ ______________ અર્જુનને પૂરો કર્યો.

(અ) કોલંબસે (આ) કર્ણએ (ઇ) પરશુએ

(૨) સાહસ થકી જ નેપોલિયન આખા _____________________ ભીડી ગયો.

(અ) અમેરિકામાં (આ) યુરોપમાં (ઇ) રશિયામાં

(૩) _____________ નામ સાહસને લીધે જ અમર બન્યું.

(અ) સિકંદરનું (આ) કોલંબસનું (ઇ) નેપોલિયનનું

(૪) બધાં જંગ જીતવા ચાલો _____________________ વાગી રહ્યાં છે.

(અ) ઢોલ (આ) બ્યુગલ (ઇ) નગારાં

સ. ૧૦. કાવ્યનો ભાવાર્થ તમારા શબ્દોમાં લખો.

**સંભાષણ** ★ 'સાહસે જાઓ પરદેશ, બીક નવ રાખો' : આ પંક્તિની નર્મદના સમયગાળા સંદર્ભે વર્ગમાં સમૂહચર્ચા કરો.

**પ્રકલ્પ** ★ દેશભક્તિ તેમજ શૌર્યગીતો(ઓછામાં ઓછા ૫)નો સંગ્રહ કરી નાની પુસ્તિકા બનાવો.

## ભાષિક સમજ

★ **નીચેનાં વાક્યો બહુવચનમાં ફેરવો.**

(૧) મને ગુલાબ ગમે છે.
(૨) તું ફરવા જઈશ કે ?
(૩) તેની શાળામાં આજે રજા છે.
(૪) હું નાટકમાં ભાગ લઈશ.

★ **કાળ ઓળખો.**

(૧) બગીચામાં રંગબેરંગી પતંગિયાં હતાં.
(૨) હું મિત્રો સાથે વેકેશનમાં ફરવા જઈશ.
(૩) સૂર્યાસ્તનું દૃશ્ય અતિ મનોહર છે.

## હું વાંચું ......... તમે પણ વાંચો.

### સાચને પડખે...

સાચને પડખે રહીને ઝૂઝતાં
આપણે પળવાર પણ ખસવું નથી;
સંકટો, દુઃખો, પધારો સ્વાગતમ્ !
લેશ પણ આ માર્ગથી ચસવું નથી.

જૂઠની જીતે ચણેલા માંડવે
પ્રાણ મારા લાલચે રમવું નથી;
જાલિમો ને ધૂર્તના પાયે પડી
કોઈ દી કોઈ મિશે નમવું નથી.

મર્દની મોકાણમાં જાવું ભલે
કાયરોની જાનમાં ચડવું નથી;
મોતની મુસકાન મીઠી માણશું,
જિંદગીમાં જીવવા રડવું નથી.

પ્રાણ મારા, એકલા આગે બઢો;
આજ બોલો : 'ના, હવે ડરવું નથી.'
જંપ ક્યાં છે ? ચેન ક્યાં છે ? દંભનાં
દંગલો તોડ્યા વિના ઠરવું નથી.

સાચને પડખે પરાજય હો ભલે
તે છતાં પાછું હવે ફરવું નથી.

– મકરંદ દવે

8QLYUL

સિદ્ધિ તેને જઈ વરે, જે પરસેવે ન્હાય.

# ૬. વિશ્વાસનું વાવેતર

**પન્નાલાલ પટેલ**

૭ મે, ૧૯૧૨ના રોજ રાજસ્થાનમાં આવેલા ડુંગરપુર જિલ્લાના માંડલી ગામમાં તેમનો જન્મ થયો હતો. ઈડરની શાળામાં તેમણે ચાર ધોરણ સુધીનો જ અભ્યાસ કર્યો હતો. તેમણે ૬૧ નવલકથાઓ, ૨૬ ટૂંકી વાર્તાના સંગ્રહો અને અન્ય સર્જન પણ કર્યું છે. તેમનું મોટા ભાગનું લખાણ ઉત્તર-ગુજરાતના સાબરકાંઠા જિલ્લાની તળપદી ભાષામાં લખાયું છે. તેમની નોંધપાત્ર કૃતિઓમાં 'માનવીની ભવાઈ', 'વળામણાં', 'મળેલાં જીવ' જેવી નવલકથા અને 'પન્નાલાલ પટેલની શ્રેષ્ઠ વાર્તાઓના સંગ્રહ'નો સમાવેશ થાય છે. તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક અને સાહિત્યનું સર્વોચ્ચ પુરસ્કાર જ્ઞાનપીઠ એવૉર્ડનું સન્માન મળ્યું છે. ૬ એપ્રિલ, ૧૯૮૯માં અમદાવાદમાં તેમનું અવસાન થયું હતું.

**સૂર કૃતિનો**

પ્રસ્તુત કૃતિમાં વિશ્વાસનું બીજ રોપવાની વાત જીવનના રોજિંદા પ્રસંગના ઉદાહરણ દ્વારા માર્મિક રીતે સૂચવવામાં આવી છે. શાળામાં આવેલા અતિથિ-સંત બાળકોને પોતાના જીવનનો પ્રસંગ કહે છે. તેની ભાવવાહી શૈલીમાં આપણે આપણી જાતને અનુભવી શકીએ છીએ. પિતાનું, માતાનું, સંતનું કે પછી નંદાનું દરેક પાત્ર સમાજના સામાન્ય વર્ગને આબેહૂબ રીતે રજૂ કરે છે. પિતા બાળકોને ઉત્તમ નાગરિક બનાવવાના શ્રેષ્ઠ પ્રયત્ન કરે છે તો માતા સામાન્ય ગૃહિણી તરીકે સંતાનોનો યોગ્ય રીતે ઉછેર કરી સંસ્કારના બીજ રોપે છે. સંતનું પાત્ર પિતાની સાથેની વાતચીતમાં ઉપસી આવે છે. તો તદ્દન ભોળી, માસૂમ અને નિખાલસ નંદાનું પાત્ર સૌ કોઈને સ્પર્શી જાય છે.

નંદા પિતા પાસે પોતાની ટિકિટના પૈસા પોતાને જ આપવાની વાત કરે છે ત્યારે પિતા પોતાના પુત્રને માત્ર એક જ વાક્યમાં જે ટકોર કરે છે તે આપણે સૌએ સમજવાની જરૂર છે. કે 'જગતમાં અવિશ્વાસના બીજ ન વાવવા માટે 'સત્ય'ને વળગી રહેવું જરૂરી છે'.

અમારી શાળામાં એક સંત માણસનો આજે વાર્તાલાપ હતો. સમય થતાં હું મારા વર્ગનાં બાળકોને પ્રાર્થના-મંદિરમાં લઈ ગયો. પાંચેક મિનિટ થઈ હશે ને આચાર્યશ્રી મહેમાન સાથે આવી પહોંચ્યા.

આચાર્યશ્રીએ મહેમાનની ટૂંકી ઓળખાણ આપી પછી એ મહેમાન ઊભા થયા અને કહેવા લાગ્યા :

પ્યારાં બાળકો,

જ્યારે જ્યારે તમારા જેવાં બાળકો આગળ બોલવાનું આવે છે ત્યારે મારા બચપણનો એક પ્રસંગ યાદ આવતોકને ઊભો રહે છે.

એ વખતે મારી ઉંમર અગિયાર-બારની હતી. મારા પિતા એક સારાં કેળવણીકાર હતાં. અમે લોકો મુંબઈના એક પરામાં રહેતાં હતાં.

મારે એક ચાર-પાંચ વર્ષની નંદા નામે બહેન હતી. અમને બેઉને જોડેના પરામાં બાપુજીના એક મિત્રની સંસ્થામાં ભણવા માટે મૂક્યાં હતાં. નંદાનું બાલમંદિર પણ મારી શાળા ભેગું જ હતું. એટલે હું તથા નંદા બસમાં સાથે જતાં ને સાથે જ પાછાં આવતાં.

આમ તો જો કે, બસભાડું તથા વાપરવાના પૈસા બા જ મને આપતાં. પણ એ દિવસે બા બહારગામ ગયાં હતાં. એટલે હું તથા નંદા ખભે બસ્તા ભરાવી બાપુજી પાસે પૈસા માગવા ગયાં. મેં કહ્યું : 'લાવો બાપુજી, પૈસા.'

'શું ?' કહેતાં બાપુજીએ ટેબલ ઉપર મૂકેલા એક મોટા પુસ્તકમાંથી નજર ઉઠાવી ચશ્મા કાઢી આંખો ચોળી, જાણે કોઈ ઓરડામાંથી બહાર આવીને જોતા હોય તેમ અમારી સામે જોયું. હસીને પૂછ્યું : 'કેમ બેટા, શું છે ?'

મેં કહ્યું : 'લાવો ત્રણ આના.'

'કેમ ત્રણ આના ?'

'કેમ તે – બે આના મારા જતા-વળતાના, ને એક આનો ચવાણાનો !'

'ને નંદાને ?'

બાપુજીના આ અજાણપણા ઉપર મને હસવું આવ્યું : 'હા... હા... નંદાને શું વળી ?'

'કેમ ? એને નાસ્તાના નહિ, પણ બસના તો ખરા ને ?'

વળી પાછું મને હસવું આવ્યું : નંદાને બાલમંદિર તરફથી નાસ્તો મળતો હતો એ બાપુજી જાણતા હતા, પણ એનું બસભાડું નથી પડતું એ વાતની એમને એક વર્ષ થવા આવ્યું તોય ખબર ન હતી ! મેં કહ્યું : 'એની ક્યાં ટિકિટ પડે છે, બાપુજી ?'

બાપુજીને કાં તો થયું હશે : કાયદો બદલાઈ ગયો કે શું ? નવાઈ પામતાં બોલ્યા : 'કેમ ? ચાર-સાડાચાર વર્ષના બાળકની અડધી ટિકિટ કેમ નહિ ?'

'અરે, પણ કંડક્ટર જ નથી માગતો ને ?'

બાપુજીએ બાજુની ભીંતે ભેરવેલા પહેરણમાંથી પાકીટ કાઢતાં કહ્યું :'એ ન માગે તોય આપણે સામેથી આપવું. એ શું જાણે કે આની ઉંમર ત્રણ વર્ષ કરતાં વધારે છે ?'

બસ ચૂકી જવાની બીકને લીધે મેં બોલ્યા-ચાલ્યા વગર પાંચ આના લઈને ખિસ્સામાં મૂક્યા, ને નંદાને આગળ કરી ચાલતો થયો.

મને હતું કે બે દિવસ પછી બા આવશે ત્યારે એને નંદાની ટિકિટના પૈસા આપતાં, બાપુજીએ આ પૈસા બઝાડ્યા છે એની ગમ્મતભરી વાત કરીશ.


પણ બસમાં બેઠો ત્યાં જ નંદાએ એની લૂલી હલાવવી શરૂ કરી : 'ભાઈ, મારી ટિકિટ મને આપજે.'

ટિકિટો આપતો કંડક્ટર બાજુમાં આવ્યો ત્યાં વળી બોલી ઊઠી : 'ભાઈ, લઈ લે ને આપણી ટિકિટો !'

મને એના ઉપર એવી તો ચીઢ ચડી ! પણ બસની અંદર એને દબડાવવા જાઉં તો ઊલટાની વાત ફૂટી જાય. ને મેં એને પટાવી : 'જો, હમણાં તું ચૂપચાપ બેસી રહે. નીચે ઊતરીને હું તને...'

ને પછી કંડક્ટર પાસેથી મારી એકલાની ટિકિટ લઈ નંદાને એ આપી રાખી, 'લે, રાખ તારી પાસે.'

'પણ તારી ?'



મેં એના કાનમાં કહ્યું : 'હમણાં ચૂપ બેસ. પછી નીચે ઊતરીને તને ગમ્મતની વાત કરીશ.'

ને નંદા બિચારી ચુમાઈને બેસી રહી.

પણ નીચે ઉતરતાં વળી એણે વાત ઉપાડી : 'ભાઈ, બાપુજીએ તો આપણા બેઉની ટિકિટ લેવાનું કહ્યું હતું ને?... ત્યારે તેં એક જ કેમ લીધી ?'

'આ બચેલા પૈસાની આપણે ચોકલેટ લઈશું.' આમ કહીને મેં એને સમજાવવાનો પ્રયત્ન કર્યો.

પણ નંદા ન માની. એને તો ચોકલેટ કરતાં પોતાના હાથમાં ટિકિટ આવે, ને તેય પાછી પોતાના નામની, એ વાતનો વધારે રસ હતો. અને મેં, શાળાનો દરવાજો આવતાં હાલ તુરત એને શાંત કરી : 'ઠીક છે, જતી વખતે લઈશું...'

ને જતી વખતે વળી પાછો નંદાએ, બસમાં બેસતાંની સાથે એનો ટકટકારો શરૂ કરી દીધો : 'ભાઈ, લે જે હાં ટિકિટ !... મને આપજે હાં, ભાઈ...'

ને કંડક્ટર આવ્યો ત્યારે તો એણે, મને જાણે કાનમાં કહેતી હોય તેમ, ધીમે બોલતાં આંગળીઓ પણ ખોસવા માંડી : 'લે ને ભાઈ; ભાઈ, બે લેજે, હાં !'

પણ જ્યારે મેં એક જ ટિકિટ લીધી ત્યારે તો એ એટલી બધી નિરાશ થઈ ગઈ ! અરે રડવા આડે એક આંસુ આવવાં જ બાકી હતાં. આ વખતે તો મારી ટિકિટ પણ એણે ન લીધી, મેં એના હાથમાં થમાવી તો એણે મારા ખોળામાં પાછી ફેંકી દીધી.

ને ઘેર જતાંમાં જ એણે ઑફિસમાંથી હમણાં જ આવેલા બાપુજીને ફરિયાદ કરી : 'ભાઈએ તો, બાપુજી, મારી ટિકિટ લીધી જ નો'તી.' આ વખતે તો એની આંખમાં આંસુ પણ આવી ગયાં.

બાપુજીએ પ્રેમપૂર્વક અમને બેઉને સામે બેસાડયાં ને પછી આખીય વાત અમારી પાસેથી જાણી લીધી.

શા માટે મેં ટિકિટ ન લીધી એનું કારણ અત્યાર સુધી મેં ગોઠવી દીધું હતું; કહ્યું : 'ટિકિટ તો લેત પણ પછી બા આવે ને નંદાની ટિકિટના પૈસા ન આપે તો ?'

મારો ભય અર્થ વગરનો છે એમ બાપુજીએ કહ્યું. એટલે પછી એમના કરતાં હું જાણે વધારે ડાહ્યો હોઉં એ જાતની મેં બીજી વાત કરી : 'કંડક્ટર માગે નહિ, પછી આપણે સામે જઈને શું કામ આપવા?... બાએ પણ આમ જ કહી રાખ્યું છે કે માગે તો કે'જે કે, કાલથી લઈ આવીશ.'

પણ બાપુજીએ તો મારી આ હોંશિયારીની વાત જાણે કાને જ ન ધરી, સાટે એમણે મને લાંબીચોડી શિખામણ આપી, જેનો સાર કાઢીએ તો આમ કહેવાય : 'બસ આપણને વહી લઈ જાય એના બદલામાં આપણે એને એના કાયદા અનુસાર ત્રણ વરસ પછી અડધું ભાડું આપવું જ જોઈએ. ન આપીએ તો એ આપણે ચોરી કરી કહેવાય.'

પણ ખરું કહું તો એ વખતે બાપુની આ શિખામણ સાંભળવાનો, એટલે કે કાને ધરવાનો, કોણ જાણે કેમ પણ હું માત્ર ડોળ જ કરી રહ્યો હતો.

પરંતુ બીજી સવારે તૈયાર થઈને હું તથા નંદા બાપુજી પાસે પૈસા લેવા ગયાં એ વખતે એવી એક વાત બની કે એ ઉપરથી બાપુજીએ કરેલી એક નાનીશી ટકોર, મીણના ગઠ્ઠામાં તીર ખૂંપે એ રીતે, આજ દિવસ સુધી મારા હૃદયમાં ખૂંપી રહી છે !

મેં બસ-ભાડાના પૈસા માગ્યા એ સાથે જ નંદા બોલી ઊઠી : 'બાપુજી ! મારી ટિકિટના (પૈસા) મને આપો.'

આ સાથે જ બાપુજી જાણે કોઈ બૉમ્બ પડયો હોય એ રીતે સ્તબ્ધ થઈ ગયા. નંદા ઉપરથી નજર ઉઠાવી, મારી દયા ખાતા હોય એ રીતે મારી સામે જોતાં પૂછ્યું : 'શું સમજ્યો, બેટા ?'

પણ મને એમાં કંઈ સમજ ન પડી એટલે બાપુજી સામે ને નંદા તરફ, એમ હું જોવા લાગ્યો.

બાપુજીએ પૂછ્યું : 'શા માટે નંદા એની ટિકિટના પૈસા પોતે લેવાનો આગ્રહ રાખે છે?'

હું જાણે સમજી ગયો હોઉં તેમ બોલી ઊઠ્યો : 'હાં, બાપુજી...! એને બસની ટિકિટો રમવા જોઈએ છે ને એટલે !'

મારી વાત ન માનતા હોય એ રીતે બાપુજીએ નંદા સામે જોયું.

નંદા બોલી ઊઠી : 'ના બાપુજી, ભાઈ મારી ટિકિટ લેશે જ નહિ !'

બાપુજીએ જરા દુઃખ સાથે મારી સામે જોયું, ને વળી મારી દયા ખાતા હોય એ રીતનું હસ્યા. કહ્યું : 'જોયું ને બેટા ! નંદાને તારો હવે વિશ્વાસ જ નથી પડતો !'

હું તો એવો લજવાઈ ઊઠ્યો કે બાપુજી સામે જોઈ જ ન શક્યો !

અલબત્ત, આ પછી નંદાને સમજાવીને એના પૈસા મને જ આપ્યા. પણ આ સાથે કહેલું વાક્ય એવું તો મારા હૈયામાં ઘર કરી ગયું છે !

ધીર ગંભીર અવાજે બાપુજીએ કહ્યું હતું, 'આમ કરતાં કરતાં જગતમાં તું અવિશ્વાસનાં બીજ વાવતો ન થઈ જાય એ વાત, આજના પ્રસંગ ઉપરથી ખૂબ ધ્યાનમાં રાખજે, બેટા.'

### અધ્યાપન સંકેત

પ્રસ્તુત કૃતિનું અધ્યાપન કરાવતા પહેલા પાઠના વિષયવસ્તુને વાર્તારૂપે સ્પષ્ટ કરવું. ઉત્તમ નાગરિકની ફરજો વિશે સમૂહમાં ચર્ચા કરવી. સાર્વજનિક સાધનો, વાહનો, સંપત્તિ તેમજ નાગરિકોને મળતી સુવિધાઓ વિશે વિદ્યાર્થીઓને જાગૃત કરવા. કોઈપણ અધિકાર મેળવતા પહેલા ફરજ બજાવવી જરૂરી છે તેનું વિસ્તૃત ઉદાહરણસહ સ્પષ્ટીકરણ કરવું. લઘુપ્રશ્નો પૂછીને તેના ઉત્તર મેળવ્યા પછી વિદ્યાર્થીઓને સંતની જગ્યાએ તેઓ પોતે હોય તો શું કરે તેવા વિચાર પ્રેરક પ્રશ્નો પૂછીને તેમની કલ્પનાશક્તિને ગતિ આપવાનો પ્રયત્ન કરવો.

નંદાના પાત્ર બાબત પણ વિદ્યાર્થીને તેમની જગ્યાએ મૂકી વિચારતા કરવા.

બીજાઓનો વિશ્વાસ સંપાદન કરવા માટેની મૂળભૂત શરત 'સત્ય' છે. માટે સત્યને હંમેશા વળગી રહેવાની વાત વિદ્યાર્થીઓના મનમાં દૃઢ કરવી.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો.**

(૧) અતિથિ (૨) દોસ્ત (૩) રાવ (૪) થેલો
(૫) અશ્રુ (૬) ચક્ષુ (૭) ઉર (૮) ડર

**સ. ૨. ઉલટા અર્થ ધરાવતા શબ્દોને યોગ્ય રીતે જોડો :**

| વિભાગ 'અ' | વિભાગ 'બ' |
|---|---|
| (૧) શત્રુ | (અ) દુરાગ્રહ |
| (૨) ભય | (આ) મિત્ર |
| (૩) મહેમાન | (ઇ) નિર્ભય |
| (૪) આગ્રહ | (ઈ) યજમાન |

**સ. ૩. આડાઅવળા અક્ષરોને યોગ્ય ક્રમમાં ગોઠવીને અર્થપૂર્ણ શબ્દ બનાવો :**

(૧) ટિ ટ કિ (૨) ર ગા મ હા બ (૩) ર કં ડ ટ ક
(૪) ર દિ બા મં લ (૫) સં સા ભા ર ળ (૬) શ્વા અ વિ સ

**સ. ૪. 'પણ' પ્રત્યય લગાડી કોઈપણ પાંચ શબ્દ બનાવો : દા.ત. નાનપણ**

**સ. ૫. નીચેના રૂઢિપ્રયોગોના અર્થ શબ્દકોશની મદદથી શોધો.**

(૧) ચીઢ ચડવી (૨) વાત ફૂટી જવી (૩) ચુમાઈને બેસી રહેવું
(૪) ટકટકારો શરૂ કરવો (૫) હાથમાં થમાવી દેવી (૬) કાને ન ધરવું
(૭) ડોળ કરવો (૮) હૃદયમાં ખૂંપી જવું (૯) સ્તબ્ધ થઈ જવું

**સ. ૬.** લખો : (૧) સંતની બહેનનું નામ - (૨) બસમાં ટિકિટ આપનાર -
(૩) સંતને વિશ્વાસનું વાવેતર કરવાની શિખામણ આપનાર - (૪) મહેમાનને લઈને પ્રાર્થના મંદિરમાં આવનાર -
(૫) રોજ શાળામાં જતાં ભાઈ-બહેનને ત્રણ આના આપનાર -

**સ. ૭. યોગ્ય વિકલ્પ પસંદ કરી અધૂરાં વિધાન પૂર્ણ કરો.**

(૧) બાપુજીના આ અજાણપણા ઉપર મને _____________

(અ) રડવું આવ્યું (આ) હસવું આવ્યું (ઇ) શરમ આવી

(૨) મારી વાત ન માનતા હોય એ રીતે બાપુજીએ _____________

(અ) નંદા સામે જોયું (આ) બા સામે જોયું (ઇ) મારી સામે જોયું

(૩) નંદાએ બાપુજીને ફરિયાદ કરી, 'ભાઈએ તો બાપુજી _____________ '

(અ) મારી ટિકિટ લીધી જ નો'તી (આ) મને બસમાં બેસવા ન દીધી (ઇ) મને ચોકલેટ ખવડાવી

(૪) બાપુજીએ બન્ને બાળકોને તેમના મિત્રની સંસ્થામાં _____________

(અ) કામ કરવા મૂક્યા (આ) રમવા મૂક્યા (ઇ) ભણવા માટે મૂક્યા

**સ. ૮. નીચેનાં વાક્યોને ઘટનાના યોગ્ય ક્રમમાં ગોઠવો :**

(૧) નંદાને ભાઈએ ચોકલેટ ખવડાવવાની વાત કરી.

(૨) પોતાની ટિકિટ લેવા નંદાએ ભાઈને વારંવાર કહ્યું.

(૩) બાપુજીએ પુત્રને નંદાનો વિશ્વાસ ગુમાવી દીધાની વાત કરી.

(૪) ભાઈ-બહેન બાપુજી પાસે પૈસા માગવા ગયા.

(૫) નંદાએ પોતાની ટિકિટ ભાઈએ ન લીધી હોવાની બાપુજીને ફરિયાદ કરી.

**સ. ૯. સમજીને લખો :**

(૧) નંદાની બા ગયા હતાં - (૨) નંદાની તે વખતની ઉંમર -

(૩) નંદા ભણતી હતી - (૪) ભાઈ-બહેન શાળામાં સાથે જતા -

(૫) બચપણનો પ્રસંગ કહેતા મહેમાનની તે વખતની ઉંમર -

**સ. ૧૦. 'વિશ્વાસનું વાવેતર' શીર્ષકની યથાર્થતા તમારા શબ્દોમાં સમજાવો.**

**સંભાષણ** ★ તમને યાદ હોય તેવા તમારી શાળાના કોઈપણ એક કાર્યક્રમ કે પ્રસંગ વિશે વર્ગમાં બધાં જ મિત્રો સમૂહમાં ચર્ચા કરો.

**પ્રકલ્પ** ★ જુદાંજુદાં સાર્વજનિક વાહનોનાં ચિત્રો લગાડીને તેની સામે તેનો ઉપયોગ કરતી વખતે ધ્યાનમાં લેવાની બાબતોની નોંધ કરીને એક સુંદર ભીંતપત્રક બનાવીને વર્ગમાં લટકાવો.

## ભાષિક સમજ

★ **પાઠના આધારે યોગ્ય વિશેષણ મૂકો :**

(૧) _______________ મિનિટ થઈ હશે ને આચાર્યશ્રી મહેમાન સાથે આવી પહોંચ્યા.

(૨) મારા પિતા એક _______________ કેળવણીકાર હતાં.

(૩) હું જાણે વધારે _______________ હોઉં એ જાતની મેં બીજી વાત કરી.

(૪) બાપુજીએ _______________ અમને બેઉને સામે બેસાડ્યા.

(૫) બાપુજીએ તો મારી આ _______________ વાત જાણે કાને જ ન ધરી.

★ **યોગ્ય વિરામચિહ્નો મૂકી વાક્ય ફરીથી લખો :**

(૧) મેં કહ્યું લાવો બાપુજી પૈસા

(૨) અરે પણ કંડક્ટર જ નથી માગતો ને

(૩) ભાઈ લે જે હા ટિકિટ મને આપજે હાં ભાઈ

(૪) બાપુજી મારી ટિકિટના પૈસા મને આપો

(૫) હા બાપુજી એને બસની ટિકિટો રમવા જોઈએ છે ને એટલે

(૬) એની ક્યાં ટિકિટ પડે છે બાપુજી

★ **કાળ બદલો : (કૌંસમાંની સૂચના અનુસાર)**

(૧) બસભાડું તથા વાપરવાના પૈસા બા જ મને આપતા.(વર્તમાનકાળ)

(૨) મારી ટિકિટના પૈસા મને આપો. (ભવિષ્યકાળ)

(૩) ભાઈ, મારી ટિકિટ મને આપજે. (ભૂતકાળ)

(૪) નંદા બિચારી ચુમાઈને બેસી રહી.(ભવિષ્યકાળ)

(૫) ભાઈ મારી ટિકિટ લેશે જ નહિ. (ભૂતકાળ)

## હું વાંચું ......... તમે પણ વાંચો.

### વિશ્વાસ

એક આરબની પાસે મજાનો ઘોડો હતો. સુંદર ઘોડો. પાણીદાર ઘોડો.

એ ઘોડો લઈ લેવાની ઇચ્છા એક બીજા માનવીના મનમાં જાગી અને એણે પેલા આરબને કહ્યું કે હું તને એ ઘોડાને બદલે ઊંટ આપું, માગે તો બેચાર ઊંટ આપું પણ મને એ ઘોડો આપ.

આરબે ઘોડો આપવાની સ્પષ્ટ ના કહી.

પેલાને થયું કે આમ સીધેસીધો તો આ ઘોડો મળવાની કોઈ શક્યતા નથી અને મારે તો ઘોડો જોઈએ જ છે તો લાવ કંઈક યુક્તિ જ કરું. અને તે પેલા આરબના માર્ગમાં એક રોગી ફકીર-અશક્ત ફકીર બનીને બેઠો અને ઘોડાવાળા આરબની પ્રતીક્ષા કરવા લાગ્યો.

એક દિવસ એ જ રસ્તેથી પેલો આરબ એના ઘોડા સાથે નીકળ્યો. એને આવતો જોઈને ફકીરે બૂમો મારવા માંડી અને વેદનાભર્યા અવાજે કહેવા લાગ્યો : 'કોઈ દયા કરો મારા પર; હું રોગી છું, મારાથી ચલાતું નથી, મને કોઈ સામે ગામ પહોંચાડવાની મહેરબાની કરો...'

આ સાંભળીને આરબને દયા આવી અને તે બોલ્યો : જો આ ઘોડા પર હું તને સામે ગામ પહોંચાડીશ. આમ કહી પેલા ફકીરને ઘોડા પર બેસાડ્યો અને પોતે નીચે ઉતરી ઘોડા સાથે ચાલવા લાગ્યો. થોડેક ગયા હશે ત્યાં તો પેલો ફકીર ટટ્ટાર બેસી ગયો અને ઘોડાને તગડાવી મૂક્યો. તેની પાછળ પેલા આરબે બૂમ મારી. એને ખુદાના સોગંદ આપી રોક્યો ને કહ્યું : 'જો ભાઈ, આ ઘોડો તું જ લઈ જા. એ હવે તારો થયો. તું તેની સારસંભાળ બરાબર લેજે. પરંતુ આવી રીતે દગો કરીને, ધોખો દઈને વિશ્વાસઘાત કરીને તેં ઘોડો પડાવી લીધો છે, એ વાત કોઈને કરતો નહીં. આ વાત બીજા જાણશે તો લોકોનો ગરીબ પરનો, દુઃખી પરનો, સાધુ-સંત-ફકીર પરનો વિશ્વાસ જ ઊઠી જશે અને જરૂરિયાતવાળાને પણ કોઈ મદદ કરવા નહિ જાય.


આ સાંભળતાં જ પેલાનો આત્મા જાગ્યો અને ઘોડો પાછો આપીને ચાલી ગયો.

– રંભાબેન ગાંધી

8QVUH9

અતૂટ વિશ્વાસ સાચા પ્રેમની સાબિતી છે.

★ નીચેના ચિત્રનું નિરીક્ષણ કરીને વર્ણન કરો.



## સમાસ

★ **વાંચો અને વિચારો :**

(૧) દાદાદાદી - દાદા અને દાદી
(૨) લાભાલાભ - લાભ કે અલાભ
(૩) નામઠામ - નામઠામ વગેરે
(૪) પંચામૃત - પાંચ અમૃતનો સમૂહ
(૫) ઘોડાગાડી - ઘોડા વડે ચાલતી ગાડી
(૬) ચોમાસું - ચાર માસનો સમૂહ

- ઉપરના શબ્દો વાંચતાં ધ્યાનમાં આવે છે કે દરેક શબ્દમાં બે કે વધુ પદો છે. તેમની વચ્ચેનો સંબંધ જુદો છે અને એ પદોને જોડાવાની રીત પણ જુદી છે. યાદ રાખો એકબીજા સાથે સંબંધિત બે વધારે પદો ભેગા થવાથી બનતા સ્વતંત્ર પદને ‘સમાસ’ - ‘સામાસિક શબ્દ’ કહે છે.

★ **યાદ રાખો :**

- સામાસિક શબ્દના પદોને છૂટાં પાડી તેમની વચ્ચેનો સંબંધ દર્શાવાની રીતને સમાસનો વિગ્રહ કહેવાય છે.

★ **સામાસિક શબ્દના પદો વિશે સામાન્ય સમજ.**

- પહેલા પદને પૂર્વપદ અને બીજા પદને ઉત્તરપદ કહેવાય.
- બંને પદ સરખા મહત્ત્વના - દા.ત. દાદાદાદી - દાદા અને દાદી.
- બંને પદ ગૌણ - ત્રીજા પદ પર આધારિત. દા.ત. ઘોડાગાડી - ઘોડા વડે ચાલતી ગાડી.
- પૂર્વપદ સંખ્યાવાચક વિશેષણ - સમૂહનો અર્થ - ચોમાસું - ચાર માસનો સમૂહ.

આ વર્ષે દ્વન્દ્વ સમાસ, દ્વિગુ સમાસ અને મધ્યમપદલોપી સમાસ વિશે શીખવાનું છે.

(૧) **દ્વન્દ્વ સમાસ :**

દ્વન્દ્વ એટલે જોડકું - સરખા મહત્ત્વના શબ્દોનું જોડકું - દ્વન્દ્વ સમાસ.

**વિચારો :**

(૧) ભાઈબહેન - ભાઈ અને બહેન
(૨) જયપરાજય - જય કે પરાજય
(૨) ભૂલચૂક - ભૂલચૂક વગેરે

★ **યાદ રાખો :**

- દ્વન્દ્વ સમાસના શબ્દોના પદોનો વિગ્રહ એકસરખી રીતે થતો નથી.
- વિગ્રહ થાય તેના પરથી દ્વન્દ્વ સમાસના પેટા પ્રકાર પડે છે.

દા.ત. (૧) ભાઈ અને બહેન ‘અને’ ઈતરેતર દ્વન્દ્વ સમાસ
(૨) જય કે પરાજય - ‘કે’ વૈકલ્પિક દ્વન્દ્વ સમાસ
(૩) ભૂલચૂક વગેરે - ‘વગેરે’ સમાહાર દ્વન્દ્વ સમાસ


(૨) **દ્વિગુ સમાસ :**

પૂર્વ પદ સંખ્યાવાચક વિશેષણ હોય અને આખો સમાસ સૂમહનો અર્થ દર્શાવે તેને દ્વિગુ સમાસ કહેવાય.

દા.ત. (૧) ત્રિભુવન – ત્રણ ભુવનનો સમૂહ (૨) પંચપાત્ર – પાંચ પાત્રનો સમૂહ

(૩) નવરાત્રિ – નવ રાત્રિનો સમૂહ

(૩) **મધ્યમપદ લોપી સમાસ :**



વચ્ચેના પદનું લોપ થવું તે મધ્યમપદ લોપી સમાસ. લોપ થયેલા પદને વિગ્રહ કરતી વખતે મૂકવામાં આવે છે.

દા.ત. (૧) સિંહાસન – સિંહની આકૃતિવાળું આસન (૨) ગજગામિની – ગજ જેવી ગતિવાળી સ્ત્રી

(૩) ગોળધાણા – ગોળમાં ભેળવેલા ધાણા.

## સ્વાધ્યાય

સ. ૧. **સમાસનો વિગ્રહ કરી પ્રકાર ઓળખો.**

(૧) ત્રિમૂર્તિ (૨) પાંચપચીસ (૩) નીતિરીતિ (૪) હવાપાણી

(૫) પંચામૃત (૬) મધમાખી (૭) ચાંદોસૂરજ (૮) આગબોટ

સ. ૨. **વિગ્રહ પરથી સામાસિક શબ્દ બનાવો :**

(૧) ઓછું કે વત્તું (૨) પાંચ વડનો સમૂહ (૩) ઇચ્છા પૂરી કરનાર ધેનુ

(૪) શત્રુ અને મિત્ર (૫) સુખ કે દુઃખ (૬) દાણો પાણી વગેરે

સ. ૩. **યોગ્ય રીતે જોડીને અર્થપૂર્ણ સામાસિક શબ્દ બનાવીને લખો. તેનો વિગ્રહ કરો અને પ્રકાર ઓળખો :**

| ‘અ’ વિભાગ | ‘બ’ વિભાગ | શબ્દ | વિગ્રહ | પ્રકાર |
|---|---|---|---|---|
| (૧) રાધા | (અ) તોટો | | | |
| (૨) ષટ્ | (આ) વૃક્ષ | | | |
| (૩) શાક | (ઇ) કૃષ્ણ | | | |
| (૪) કલ્પ | (ઈ) દર્શન | | | |
| (૫) નફો | (ઉ) ભાજી | | | |

❖❖❖

# ૭. હું એવો ગુજરાતી

## વિનોદ જોશી

૧૩ ઑગસ્ટ, ૧૯૫૫ના રોજ અમરેલીના ભોરિંગડા ગામે તેમનો જન્મ થયો હતો. તેમણે પ્રાથમિક શિક્ષણ બોટાદમાં તથા માધ્યમિક શિક્ષણ સુરેન્દ્રનગરમાં લીધું હતું. ઉચ્ચશિક્ષણ બોટાદ અને ભાવનગરમાં લીધું. પ્રાધ્યાપક વિનોદ જોશી ભાવનગર યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર રહી ચૂક્યા છે.

તેમના જાણીતા સંગ્રહોમાં 'પરંતુ', 'શિખંડી', 'ઝાલર વાગે જૂઠડી' વગેરે ઉલ્લેખનીય છે. આ સંગ્રહોમાં દીર્ઘકાવ્યો તથા ગીતોનો સમાવેશ થયો છે. જયન્ત પાઠક પુરસ્કાર, કવિશ્વર દલપતરામ એવોર્ડ, સાહિત્ય ગૌરવ પુરસ્કાર, નરસિંહ મહેતા પુરસ્કાર જેવા અનેક સન્માનોથી તેઓ સન્માનિત થયા છે.

## સૂર કૃતિનો

પ્રસ્તુત કાવ્યમાં ગુજરાત રાજ્યની વિશેષતા અને ગુજરાતી લોકોની વિશેષતા તેમજ ગરિમાનું કવિએ ખૂબજ સરળ ભાષામાં વર્ણન કર્યું છે. જે રીતે ગુજરાત રાજ્યને પ્રકૃતિએ નદી, પહાડ, રણ, સમુદ્ર જેવી ભેટ આપી છે તે જ રીતે ગુજરાતી પ્રજા પણ ખમીરવંતી છે. ગાંધીજી અને સરદાર જેવાં રત્નો ગુજરાતે જ ભારતમાતાને અર્પણ કર્યાં છે. તે રત્નોની જ્યોત સમગ્ર વિશ્વમાં આજે પણ ઝળહળી રહી છે. સંતોએ પણ ગુજરાતની ગરિમા સાથે સાંસ્કૃતિક વારસો આપવામાં ક્યાંય પાછી પાની કરી નથી.

સૌથી વધારે અગત્યની વાત એટલે ગુજરાતી હોવાનું પ્રાદેશિક અભિમાન નહિ પણ ભારતમાતાના સંતાન હોવાનું ગૌરવ એ જ ગુજરાતની ખરી લાક્ષણિકતા – મહાનતા છે એ આ કાવ્ય સ્પષ્ટ કરે છે.

હું એવો ગુજરાતી,
જેની;
હું ગુજરાતી એ જ વાતથી ગજ ગજ ફૂલે છાતી...
અંગે અંગે વહે નર્મદા, શ્વાસોમાં મહીસાગર,
અરવલ્લીનો પિંડ, પ્રાણમાં ધબકે છે રત્નાકર;
હું સાવજની ત્રાડ, હું જ ગરવી ભાષા લચકાતી ...હું એવો ગુજરાતી

નવરાત્રિનો ગર્ભદીપ હું, હું શત્રુંજય-શૃંગ,
સૂર્યમંદિરે ગુંજરતો હું ધવલ તેજનો ભૃંગ;
હું ગિરનારી ગોખ, દ્વારિકા હું જ સુધારસ પાતી ...હું એવો ગુજરાતી

દુહા-છંદની હું રમઝટ, હું ભગવું ભગવું ધ્યાન,
મીરાંની કરતાલ હું જ, હું નિત્ય એક આખ્યાન;
વિજાણંદનું હું જંતર, હું નરસૈંની પરભાતી ...હું એવો ગુજરાતી

હું ગાંધીનું મૌન, હું જ સરદાર તણી છું હાક,
હું જ સત્યનું આયુધ જેની દિગ્દિગંતમાં ધાક;
હું સંતોનું સૌમ્ય સ્મિત, તલવાર શૂરની તાતી ...હું એવો ગુજરાતી

હું મારી માટીનો જાયો, હું ગુર્જર અવતાર,
મારે શિર ભારતમાતાની આશિષનો વિસ્તાર;
હું કેવળ હું હોઉં છતાં, હું સદા હોઉં મહાજાતિ ...હું એવો ગુજરાતી

**અધ્યાપન સંકેત**

પ્રસ્તુત કાવ્યનું અધ્યાપન કરાવવાની શરૂઆત કરતાં પહેલાં ગુજરાત રાજ્યની, ગુજરાતી પ્રજાની વિશેષતાઓ બાબત સમૂહચર્ચા કરવી. સાંઈરામ દવે લિખિત ગુજરાત વિશેના સાહિત્યનો પરિચય કરાવવો અને તે વાંચવા માટે પ્રેરિત કરવા. ગુજરાતની કલાઓ વિશે માહિતી આપવા સાથે કલાકારો વિશે ચર્ચા કરવી.

ભારતીય સંસ્કૃતિના મૂળમાં રહેલો ગુજરાતનો સાંસ્કૃતિક વારસો જાળવવા માટે વિદ્યાર્થીઓને પ્રેરણા આપવી. દેશ-વિદેશમાં ગુજરાતીઓના ડંકા વાગી રહે છે તેમાં ઐતિહાસિક નેતાઓની જેમ વેપારીઓ અને કલાકારો તેમજ વૈજ્ઞાનિકોનું યોગદાન પણ અનન્ય છે તેની માહિતી આપવી. લઘુપ્રશ્નોની મદદથી કાવ્યની પંક્તિઓ સ્પષ્ટ કરવી - અર્થાત્ સરળ શબ્દોમાં કાવ્યનો ભાવાર્થ સમજાવવો.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધો.**

(૧) સમુદ્ર (૨) હથિયાર (૩) સિંહ (૪) ભમરો
(૫) માથું (૬) સફેદ (૭) શિખર (૮) જાદુ

**સ. ૨. કાવ્યમાંથી ઓછામાં ઓછા ૧૦ (દસ) જોડાક્ષરયુક્ત શબ્દો શોધીને લખો.**

**સ. ૩. નીચેના શબ્દોના પ્રાસયુક્ત શબ્દો કાવ્યમાંથી શોધીને લખો :** (૧) ધ્યાન (૨) શૃંગ (૩) હાક

**સ. ૪. શબ્દસમૂહ માટે એક શબ્દ કૌંસમાંથી પસંદ કરો.** [પિંડ, દ્વારિકા, કરતાલ, આખ્યાન, પ્રભાતિયું]

(૧) હાથ વડે તાળી આપવી તે, ઝાંઝ, કાંસી જોડાં - (૨) ભાવને શબ્દરૂપે રજૂ કરતું પદ, કથા -
(૩) સવારમાં ગાવાનું એક પ્રકારનું પદ - (૪) કૃષ્ણની રાજધાની -
(૫) પિતૃઓ નિમિત્તે લોટ કે ભાતનો વાળેલો ગોળો -

**સ. ૫. કાવ્યમાં આપેલા નામ લખો :**

(૧) નદી - (૨) પર્વત - (૩) નેતા - (૪) સંતકવિ - (૫) તહેવાર - (૬) તીર્થસ્થળ -

**સ. ૬. કાવ્યપંક્તિમાં ખૂટતાં શબ્દો લખો :**

(૧) હું _____ એ જ વાતથી _____ ફૂલે છાતી. (૨) હું ગિરનારી ____ દ્વારિકા હું જ ____ પાતી.
(૩) મીરાંની ______ હું જ, હું _____ એક આખ્યાન. (૪) હું મારી _____ નો જાયો, હું ____ અવતાર.

સ. ૭. **નીચેની પંક્તિમાંથી ખોટા શબ્દો શોધી રેખાંક્તિ કરો અને સાચા શબ્દો લખો :**

(૧) વિજાણંદનું હું જંતર, તું નરસૈંની રાત્રિ –
(૨) હું જ સત્યનું આયુધ જેની દિગ્દિગંતમાં હાક –
(૪) હું સાવજની ત્રાડ, હું જ ગરવી ભાષા મચકાતી–
(૩) દુહા–છંદની હું રમઝટ હું ભગવું ભગવું માન–

સ. ૮. **નીચેના અર્થ દર્શાવતી પંક્તિ લખો :**

(૧) ગુજરાતની ધરતીમાં નર્મદા અને મહીસાગરનું પાણી ખમીર બનીને વહે છે.
(૨) દીવાના મૂળસ્રોત સમા નવરાત્રિનું પ્રતીક અને શત્રુંજય પર્વતના શિખરની જેમ ગુજરાત ઉર્ધ્વગામી છે.
(૩) ગુજરાત સાધુની જેમ ધ્યાન ધરી શકે છે અને છંદ તેમજ દુહાની રમઝટ પણ બોલાવી શકે છે.
(૪) ગાંધીજીના સત્યના હથિયારની દશે દિશાઓમાં બોલ–બાલા છે.

સ. ૯. **કાવ્યનો ભાવાર્થ તમારા શબ્દોમાં લખો.**

**સંભાષણ** ★ દરેકના પોતાના વતનની વિશેષતાઓ વિશે વર્ગમાં સામૂહિક ચર્ચા કરો.

**પ્રકલ્પ** ★ ગુજરાતના જોવાલાયક સ્થળોના ચિત્રો લગાડી તેની નીચે સંક્ષિપ્ત માહિતી લખી ચાર્ટ બનાવો.

## ભાષિક સમજ

★ **કાવ્યમાંથી યોગ્ય વિશેષણ શોધીને લખો :** (૧) _____ ભાષા (૨) _____ સ્મિત (૩) ____ તેજ

★ **‘નું’ નું યોગ્ય રૂપ લખો :** (૧) અરવલ્લી ___ પિંડ (૨) સાવજ ____ ત્રાડ (૩) વિજાણંદ ___ જંતર (૪) નરસિંહ ____ પ્રભાતિયાં

★ **વચન બદલો :** (૧) સાવજ (૨) ભાષાઓ (૩) દુહો (૪) અમે (૫) પ્રભાતિયું (૬) આયુધો

### હું વાંચું ......... તમે પણ વાંચો.

### એવી આ ગુજરાતી છે

દેશ હોય કે વિદેશ પણ, મારી ભાષા મારી ઓળખ છે,
નસ–નસમાં ગુજરાતી સૌરભ, બે કંઠે છલકાતી છે.
એવી આ ગુજરાતી છે.
માતૃભૂમિ હો, માતૃભાષા હો, જન્મ દેનારી માતા હો,
જે એથી શરમાયા એથી, સભ્યતા પણ શરમાતી છે.
એવી આ ગુજરાતી છે.
આજ કરો સૌ સાથ પ્રતિજ્ઞા, ‘મા’નું થાયે ના અપમાન,
ગરવથી બોલો સૌ સંગાથે, મારી ભાષા ગુજરાતી છે...
એવી આ ગુજરાતી છે.

– તુષાર શુક્લ

સદા સૌમ્ય શી વૈભવે ઊભરાતી,
મળી માતૃભાષા મને ગુજરાતી.

8R5QXH

# ૮. સોનાનો થાળ

## હરભાઈ ત્રિવેદી

૧૪ નવેમ્બર, ૧૮૯૧ના રોજ ભાવનગરના વરતેજ ગામે તેમનો જન્મ થયો હતો. તેમણે ભાવનગરની દક્ષિણામૂર્તિ સંસ્થાના છાત્રાલયમાં ગૃહપતિ તરીકે ફરજ બજાવી હતી. વિનય મંદિરમાં આચાર્ય તરીકે કામગીરી બજાવી હતી. તેઓ ઉત્તમ કેળવણીકાર હતાં. જીવનના બધા પાસાના સર્વાંગી વિકાસ માટે કેળવણીને તેઓ જરૂરી માનતા હતાં. શિક્ષણમાં તેઓ વિવિધ સફળ પ્રયોગ કરતાં, 'દક્ષિણામૂર્તિ', 'છાત્રાલય', 'નૂતન શિક્ષણ', 'ઘરશાળા', જેવા વિવિધ સામયિકોનું તેઓ પ્રકાશન કરતાં હતાં. બાળકો માટે તેમણે તથાગત અને જાતક કથાઓ લખી. બાળ મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ 'મૂંઝવતું બાળક', 'બાળકની કથની', 'કોઈને નહોતું કીધું' જેવા પુસ્તકોનું સર્જન પણ કર્યું છે. ૧૯૭૯માં તેમનું અવસાન થયું હતું.

## સૂર કૃતિનો

પ્રસ્તુત કૃતિમાં બે ફેરિયાની વાત છે. બન્ને વાસણ વેચવાનો ધંધો કરે છે. બંને ફેરિયાના સ્વભાવમાં આસમાન-જમીનનો ફરક છે. એક બોધિસત્ત્વ છે તે પ્રામાણિક, શાંત અને ગ્રાહકને સંતોષ આપનારો છે. જ્યારે બીજો ફેરિયો તેનાથી તદ્દન વિપરીત સ્વભાવ ધરાવે છે. એટલે કે તે અપ્રામાણિક, ઉદ્ધત, લોભી અને ગ્રાહકોને છેતરનારો છે. પ્રામાણિક માણસોના વર્તનથી સૌ કોઈને આનંદ મળે. પરંતુ લોભી માણસો બીજાઓ માટે પણ નડતર બને છે. પરંતુ જયાં બંને માણસો ભેગા મળે છે, ત્યાં હંમેશાં પ્રામાણિક માણસની જ જીત થાય છે. તે બાબત લેખકે અહીં નાનાં નાનાં વાક્યો દ્વારા તદ્દન સરળ શબ્દોમાં અને ભાવવાહી શૈલીમાં રજૂ કરી છે.

એક જમાનામાં બોધિસત્ત્વ ફેરિયાનું કામ કરતા હતા. તે જ ગામમાં તેમના જેવો એક બીજો ફેરિયો પણ રહેતો હતો. પરંતુ તે લોભી અને લુચ્ચો હતો. એક વખત બંને જણા એક શેરીમાં એકઠા થઈ ગયા. બોધિસત્ત્વે પેલા ફેરિયાને કહ્યું, 'ભાઈ, આપણે બંને એક જ પ્રકારનો ધંધો કરીએ છીએ. જો આપણે એક જ શેરીમાં સાથે ફર્યાં કરીએ, તો બંનેનો વેપાર ચાલે નહિ. માટે રોજ આપણે શેરીઓ વહેંચી લઈએ અને દરેક પોતપોતાની શેરીમાં ફરે એમ કરીએ. આવી શરત કરી બંને વેપારીઓ શહેરના જુદા જુદા લત્તામાં ફરવા લાગ્યા. હંમેશાં સાંજે લત્તાઓ વહેંચી લે અને બીજે દિવસે તે પ્રમાણે ફરે.

આ શહેરમાં એક વણિક કુટુંબ રહેતું હતું. પહેલાં તો તે કુટુંબ ખૂબ પૈસાદાર હતું. કુટુંબના મુખીને હંમેશાં સોનાનાં વાસણોમાં જમવાની ટેવ હતી. પરંતુ દૈવવશાત્ વેપારમાં ખોટ આવવાથી તે ગરીબ બની ગયું હતું. પછી તો થોડા વખતમાં કુટુંબનો મુખી મરણ પામ્યો. નસીબજોગે કુટુંબમાંથી એક પછી એક માણસ મરવા લાગ્યું. છેવટે એક વૃદ્ધ ડોશી અને એક દીકરી એમ માત્ર બે જણાં રહ્યાં. આખા ઘરનાં વાસણો એક મોટા ઓરડામાં એકઠાં કરેલાં. જ્યારે જરૂર પડે, ત્યારે તેમાંથી એકાદ બે કાઢીને વેચે અને પોતાનું ગુજરાન ચલાવે. આ વાસણોના ઢગલાની અંદર સોનાનો એક મોટો થાળ રહી ગયેલો. લાંબે દિવસે તેના ઉપર ખૂબ ધૂળ ચડી ગયેલી, અને તે સોનાનો છે તેવી ખબરે ન પડે તેવો તેનો દેખાવ બની ગયેલો.

એક દિવસ લોભી ફેરિયો એ શેરીમાં ફેરી માટે નીકળ્યો. જુદા જુદા ઘાટનાં વાસણો જોઈને પેલી છોકરીનું મન એકાદ નવું વાસણ લેવાનું થયું. તે તરત જ દાદીમા પાસે ગઈ અને કહ્યું, 'મને એક નવો ઘાટીલો કળશો અપાવોને, મા.'

'પણ બહેન, આપણી પાસે એટલા પૈસા ક્યાં છે ?'

'પણ મા, આપણે એક મોટું જૂનું ઠામ આપીએ, તો બદલામાં નવો નાનો કળશો ન આપે ? હું બોલાવી પૂછી જોઉં ?'

'પૂછી જો, પણ મને લાગે છે કે આપશે નહિ.'

છોકરી દોડતી દોડતી ખડકી બહાર ગઈ અને પેલા ફેરિયાને બોલાવી આવી. ડોશીમા બોલ્યાં, 'ભાઈ, આ દીકરીએ વેન લીધું છે એટલે એક નાનોશો કળશો જોઈએ છે. તેયે રોકડા પૈસાથી નહિ.'

'ત્યારે ?' લોભી ફેરિયાએ આશ્ચર્યથી પૂછ્યું.

'તેના બદલામાં તને એક મોટું જૂનું ઠામ આપીએ. તારી મરજી હોય તો આપ. અમે ગરીબ માણસ છીએ. આપીશ તો પાડ થશે.' ડોશીમા બોલ્યાં અને પછી દીકરીને કહ્યું, 'જા બેટા, પેલા ભંગારના ઓરડામાંથી થાળબાળ જેવું કંઈક લાવ જોઈએ.'

દીકરી તો દોડતી ગઈ અને અકસ્માત પેલો સોનાનો થાળ ઉપાડીને લઈ આવી. ડોશીમાએ તે પેલા વેપારીના હાથમાં મૂક્યો અને જવાબની વાર જોતાં બેઠાં. થાળ હાથમાં આવતાં જ પેલા ફેરિયાએ ઉપરથી ધૂળ ખંખેરી અને કાટલું હાથમાં લઈ તેના ઉપર મોટો લીંટો કાઢ્યો. થાળ સોનાનો હતો તેની તેને ખાતરી થઈ. આ ડોશી કે છોકરી તે જાણતાં નહોતાં એ પણ તેને સમજાયું. બહુ જ થોડા બદલામાં પડાવી લેવાની તેની દાનત થઈ. તેણે ડોશીમાને પૂછ્યું, 'શું લેવું છે આ ભંગારનું ? આ તો સાવ જૂનો અને કટાઈ ગયેલો છે.'

'ભાઈ, આ થાળના બદલામાં એક કળશો આપી જા.'

ગુસ્સે થયો હોય એવો ડોળ કરી ફેરિયો મોટેથી બોલ્યો, 'અરે કળશો શું, એક નાની ટબૂડી પણ નહિ આવે ! કહો તો ચાર આના રોકડા આપું.'

'ના રે ભાઈ, મારે વેચવો નથી. મારે તો બદલામાં કળશો જોઈએ છે.'

પેલા લોભિયાને મનમાં થયું કે આમ આજે આ ડોશી નહિ માને. થાળમાં કંઈ માલ નથી તેમ આજે તેના મન ઉપર ઠસાવું તો બે દિવસ પછી જરૂર સસ્તામાં આપી દેશે. આમ વિચારી તેણે ફરીથી થાળને આમતેમ ફેરવીને તપાસી જોવાનો ઢોંગ કર્યો અને થાળને પછાડીને બેદરકારીથી તે બહાર નીકળી ગયો.

બીજે દિવસે શરત પ્રમાણે બોધિસત્ત્વ એ શેરીમાં ફેરી કરવા નીકળ્યા. પેલી છોકરી મા પાસે દોડતી દોડતી ગઈ અને ફેરિયાને બોલાવી લાવવાનું પૂછવા લાગી.

'પણ બેટા, ગઈ કાલે જ એણે તો ના કહી હતી ને ?'

'મા, આ કાલવાળો ફેરિયો નથી. આ તો કોઈ બીજો છે.'

'તો એને પણ બોલાવી પૂછી જો.'



છોકરીને તો નવો કળશો લેવાની હોંશ હતી તેથી તે દોડતી દોડતી ઘર બહાર ગઈ, અને પોતાની મા બોલાવે છે એમ કહીને ફેરિયાને અંદર લઈ આવી.

બોધિસત્ત્વ એક પછી એક ઠામનો ઢગલો કરવા લાગ્યા. તેમના મનમાં આશા હતી કે અહીં માલ ઠીક પણ વેચાશે.પણ ત્યાં ડોશીમા બોલ્યાં, 'મારે તો એક નવો કળશો જોઈએ છે. એક જૂના થાળના બદલામાં આપી શકતો હોય તો આપ. આ તો મારી દીકરીએ વેન લીધું છે. બાકી મારી પાસે તો નવાં વાસણો ખરીદવાના પૈસા છે જ નહિ.'

આટલું કહીને તેણે છોકરીને થાળ લાવવાનું કહ્યું. દોડતી જઈને છોકરી થાળ લાવી. ડોશીમાએ તે ફેરિયાના હાથમાં મૂક્યો. થાળ પર નજર પડતાંની સાથે જ બોધિસત્ત્વ કળી ગયા કે થાળ સોનાનો છે. તેમણે થાળને ચારે કોરથી તપાસી લીધો. તેમણે ડોશીમાને કહ્યું, 'માતા, આ થાળ સોનાનો છે, અને તેની કિંમત લગભગ એક હજાર રૂપિયા થવા જાય તેમ છે. મારી પાસે તો એટલા બધા પૈસા છે પણ નહીં.'

ડોશીમા તો સાંભળીને દિગ્મૂઢ બની ગયાં ! તેમણે કહ્યું, 'પણ ભાઈ, ગઈ કાલે એક તારા જેવો કોઈ આવ્યો હતો. એ તો કહેતો હતો કે આની કિંમત પચીસ પૈસા જેટલી પણ નથી !'

'એમ કે !' બોધિસત્ત્વે કહ્યું, 'પણ માજી, આ થાળ સોનાનો છે. અને તેની કિંમત ખરેખર હજાર રૂપિયા જેટલી છે.'

'ભાઈ, ' ડોશીમાએ કહ્યું, 'મને તો આ વાસણોમાંથી તને ઠીક લાગે તે એક કળશો આપ. મારે તો છોકરીને રાજી કરવી છે.'

બોધિસત્ત્વે કહ્યું, 'મારી પાસે પાંચસો રૂપિયા રોકડા છે અને ત્રણસો રૂપિયા જેટલાનાં વાસણો છે. તે બધું જો તમે રાખી લો, તો જ આ થાળ હું લઈ જાઉં.' એમ કહીને બોધિસત્ત્વે પાંચસો રૂપિયા અને બધાં વાસણોનો ઢગલો કર્યો. ઘણી આનાકાની પછી ડોશીમાએ તે સ્વીકાર્યું. પોતાના ત્રાજવા અને તોલાં લઈ બોધિસત્ત્વ ચાલ્યા ગયા.

બીજે દિવસે પેલા લોભી ફેરિયાથી રહેવાયું નહિ. તેથી શરતનો ભંગ કરીને પણ સાંજના વખતે તે શેરીમાં આવ્યો અને ડોશીમાને કહ્યું, 'લાવો પેલો થાળ. તેમાં માલ તો નથી, પણ તમારી છોકરીની દયા આવે છે તે લો આ કળશો.'

'લુચ્ચા, લોભી,' ડોશીમા તાડૂક્યાં, 'મને છેતરી જવા ધારતો હતો ? એ થાળ તો સોનાનો હતો. બિચારો પેલો ફેરિયો આવ્યો, ત્યારે જ મેં તો જાણ્યું. ચાલ્યો જા અહીંથી. એ થાળના તો મને હજાર રૂપિયા ઊપજ્યા !'

ડોશીમાએ બધી હકીકત આ લોભી ફેરિયાને કહી દીધી અને તેની લુચ્ચાઈ માટે ઠપકો આપી તેને હાંકી કાઢ્યો.

### અધ્યાપન સંકેત

પ્રસ્તુત કૃતિના અધ્યાપનની શરૂઆત કરતાં પહેલાં પ્રામાણિકતાનું મૂલ્ય દર્શાવતી કોઈપણ એક વાર્તા કહીને ઉદાહરણ પૂરું પાડવું. આપણી આસપાસ જુદાજુદા સ્વભાવ દર્શાવતા અનેક લોકોમાંથી પ્રામાણિક લોકોને ઓળખી શકવાની જુદીજુદી યુક્તિ-પ્રયુક્તિઓ વિશે સમૂહમાં ચર્ચા કરવી. લઘુપ્રશ્નો દ્વારા પાઠના વિષયવસ્તુનું સ્પષ્ટીકરણ કરવું. જરૂરી લાગે ત્યાં વ્યાવહારિક સમજ આપવી. ઘણી વખત અપ્રામાણિક, લુચ્ચા અને ઉદ્ધત લોકો મીઠા શબ્દો બોલીને અથવા નિર્દોષતાનો દંભ કરીને આપણી પાસે સારા હોવાનો ડોળ કરતાં હોય છે. તેમને ઓળખવાની વિવેકબુદ્ધિ કેળવવાની પ્રેરણા આપવી. બોધિસત્ત્વ જેવા પ્રામાણિક વેપારીની કદર કરવી અને લોભી તેમજ લાલચી વેપારીને પાઠ શીખવવા હંમેશા તૈયાર રહેવું જોઈએ તેવી ભાવના દૃઢ કરવી.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે પાઠમાં વપરાયેલા શબ્દો શોધો.**

| | | | |
|---|---|---|---|
| (૧) કપટી | (૨) નગદ | (૩) લાલચી | (૪) નિર્વાહ |
| (૫) વાસણ | (૬) ખડકલો | (૭) મહોલ્લો | (૮) ચકિત |

**સ. ૨. રૂઢિપ્રયોગ અને તેના અર્થને યોગ્ય રીતે જોડો :**

| વિભાગ 'અ' | વિભાગ 'બ' |
|---|---|
| (૧) વેન લેવું | (અ) ભગાડી મૂકવું |
| (૨) કળી જવું | (આ) ખોટો દંભ કરવો |
| (૩) પડાવી લેવું | (ઇ) હા-ના કરવી |
| (૪) હાંકી કાઢવું | (ઈ) સમજી જવું |
| (૫) ડોળ કરવો | (ઉ) હઠ કરવી |
| (૬) આનાકાની કરવી | (ઊ) છીનવી લેવું |

**સ. ૩. અનુસ્વારથી બદલાતા અર્થ લખો :** દા.ત. હોશ - ભાન; હોંશ - ઉમંગ, ઇચ્છા

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | ઉદર - _____ | ઉંદર - _____ | (૨) બગલો - _____ | બંગલો - _____ |
| (૩) | મે - _____ | મેં - _____ | (૪) રગ - _____ | રંગ - _____ |
| (૫) | જગ - _____ | જંગ - _____ | (૬) લગડી - _____ | લંગડી - _____ |
| (૭) | ગાડી - _____ | ગાંડી - _____ | (૮) વાસ - _____ | વાંસ - _____ |

**સ. ૪. શબ્દસમૂહ માટે એક શબ્દ આપો :**

(૧) ગલીએ ગલીએ ફરીને માલ વેચનાર - ________________________

(૨) તૂટેલાં ફૂટેલાં વાસણો કે અન્ય સરસામાન - ________________________

(૩) તક ઝડપીને ફાયદો ઉઠાવનાર - ________________________

(૪) કદીયે ખૂટે નહિ તેવું - ________________________

(૫) જેને સંતોષ જ ન થાય તે - ________________________

**સ. ૫. અર્થ બદલ્યા વગર વાક્યનું રૂપાંતર કરો :**

**દા.ત.** : મૂર્ખ ફેરિયો આવું કામ કરે. **જવાબ** : શાણો ફેરિયો આવું કામ ન કરે.

(૧) લોભી ફેરિયાની વર્તણૂંક સારી નહોતી. (૨) બોધિસત્ત્વ બેઈમાન નહોતો.

(૩) બોધિસત્ત્વે જે કર્યું તે ભૂલવા જેવું નથી. (૪) સગવડભરી મુસાફરી બધાંને ગમે છે.

**સ. ૬. ઓળખો :**

(૧) વેપારમાં ખોટ આવવાથી ગરીબ બની જનાર - ______________________

(૨) દાદીમા પાસે કળશો લેવાની જીદ કરનાર - ______________________

(૩) થાળને પછાડીને બેદરકારીથી બહાર નીકળી જનાર - ______________________

(૪) પાંચસો રૂપિયા અને બધાં વાસણ આપીને થાળ લઈ જનાર - ______________________

(૫) ફેરિયાને ઠપકો આપી હાંકી કાઢનાર - ______________________

**સ. ૭. યોગ્ય વિકલ્પ પસંદ કરીને વાક્ય ફરીથી લખો :**

(૧) બન્ને ફેરિયાઓ __________________.

(અ) કપડાં વેચવાનું કામ કરતા (આ) શાકભાજી વેચવાનું કામ કરતા (ઇ) વાસણ વેચવાનું કામ કરતા

(૨) બોધિસત્ત્વ સ્વભાવથી __________________.

(અ) ઈમાનદાર, સમજુ, ઉદાર હતો (આ) સમજુ હતો, પણ દાનત ખરાબ હતી (ઇ) લોભી, કંજૂસ, કપટી હતો

(૩) વણિક કુટુંબ ઘસાઈ ગયું હતું. કારણ કે __________________.

(અ) કુટુંબમાંથી એક પછી એક બધાં મૃત્યુ પામ્યાં હતાં (આ) કુટુંબમાં કોઈ નોકરી કરનારું નહોતું

(ઇ) વેપારમાં ખોટ આવવાથી બધું જ ચાલી ગયું હતું

(૪) છોકરી ફેરિયાને બોલાવી લાવી. કારણ કે તેને ___________________.

(અ) ઘાટીલો કળશો જોઈતો હતો (આ) નવા વાસણો લેવા હતાં (ઇ) નવી થાળી જોઈતી હતી

**સ. ૮. ઘટનાને યોગ્ય ક્રમ પ્રમાણે લખો :**

(૧) લોભી ફેરિયો ચાર આના આપવા તૈયાર થયો.

(૨) ડોશીમાએ લોભી ફેરિયાને કાઢી મૂક્યો.

(૩) બન્ને ફેરિયાઓએ લત્તાઓ વહેંચી લીધા.

(૪) એકાદ – બે વાસણ વેચીને ડોશીમા ગુજરાન ચલાવતા

(૫) બોધિસત્ત્વે સોનાના થાળની કિંમત હજાર રૂપિયાની બતાવી.

**સ. ૯. નીચેનાં વાક્યો બોલનારને ઓળખી તેનું નામ કહો.**

(૧) 'ભાઈ, આપણે બન્ને એક જ પ્રકારનો ધંધો કરીએ છીએ.' – ________________________

(૨) 'મારી પાસે તો એટલા બધા પૈસા છે પણ નહિ.' – ________________________

(૩) 'તો એને પણ બોલાવી પૂછી જો.' – ________________________

(૪) 'મને એક નવો ઘાટીલો કળશો અપાવો ને, મા.' – ________________________

(૫) 'લાવો પેલો થાળ.' – ________________________

**સ. ૧૦. નીચેની કહેવતોમાંથી કૃતિને લાગુ પડતી કહેવત શોધો અને તે તમારા શબ્દોમાં સમજાવો :**

(૧) અક્કલનો ઓથમીર (૨) અતિ લોભ તે પાપનું મૂળ

(૩) બાંધી મૂઠી લાખની, ખુલી ગઈ તો ખાકની (૪) કરણી તેવી ભરણી

**સંભાષણ** ★ તમે બેમાંથી ક્યા ફેરિયાના વિચારો સાથે સહમત છો અને શા કારણથી તેની ચર્ચા સમૂહમાં કરો.

**પ્રકલ્પ** ★ પ્રાચીન સમયના કોઈપણ ચાર વાસણોના ચિત્રો ઇન્ટરનેટ પર જુઓ, ઓળખો અને તમારી પ્રોજેક્ટ બુકમાં દોરો.

## ભાષિક સમજ

★ **નીચેના વાક્ય ભૂતકાળમાં બદલો :**

(૧) ડોશીમા થાળ ફેરિયાના હાથમાં મૂકે છે. (૨) ફેરિયો થાળને આમતેમ ફેરવીને જુએ છે.

(૩) છોકરી દોડતી દોડતી ફેરિયાને બોલાવી લાવે છે. (૪) લોભી ફેરિયો બેઈમાની કરે છે.

★ **સર્વનામ ઓળખી તેને રેખાંકિત કરો :**

(૧) તે લોભી અને લુચ્ચો હતો. (૨) આટલું કહીને તેણે છોકરીને થાળ લાવવાનું કહ્યું.

(૩) લાંબે દિવસે તેના ઉપર ખૂબ ધૂળ ચડી ગયેલી. (૪) આપણે બન્ને એક જ પ્રકારનો ધંધો કરીએ છીએ.

★ **વિશેષણ કે વિશેષ્ય લખો :**

(૧) સોનાનો_____ (૨) _____રૂપિયા (૩) _____ફેરિયો

(૪) ઘાટીલો_____ (૫) પૈસાદાર_____ (૬) _____ડોશી

## હું વાંચું ......... તમે પણ વાંચો.

### જેવું કરીએ એવું ભરીએ

એક ગામમાં કોઈ એક બૅંકની મોટરકાર આવી. અંતરિયાળ ગામ હોવાથી ગામમાં ભાગ્યે જ મોટરકાર જોવા મળતી. આથી ઘણા લોકો ગાડી આવતા જ ભેગા થવા લાગ્યા. મોટરકારમાંથી ૪ અધિકારીઓ નીચે ઊતર્યા અને ગામલોકોને છગનભાઈ અને મગનભાઈનું સરનામું પૂછ્યું. લોકોએ બંનેના ઘર બતાવ્યા એટલે બે અધિકારીઓ છગનભાઈને ત્યાં ગયા અને બે અધિકારીઓ મગનભાઈને ત્યાં ગયા.

છગનભાઈને ત્યાં ગયેલા અધિકારીઓએ છગનભાઈને કહ્યું, ''ભાઈ, તમે અમારી બૅંકમાંથી લોન લીધી હતી. તમે લોનના હપ્તા નિયમિત ભરતા નથી માટે બૅંકે તમારું આ મકાન જપ્ત કરવાનો નિર્ણય કર્યો છે. અમે બૅંક તરફથી આપને ચેતવવા આવ્યા છીએ કે ૭ દિવસમાં બાકી હપ્તા સહિતની તમામ લોન ભરપાઈ કરી દો નહીંતર તમારા મકાનને જપ્ત કરી લેવામાં આવશે. નોટીસ આપીને અધિકારીઓ નીકળી ગયા.''

મગનભાઈને ત્યાં ગયેલા અધિકારીઓએ મગનભાઈને કહ્યું, ''ભાઈ, તમે અમારી બૅંકમાં અમુક રકમ ફિક્સ ડિપાઝીટ તરીકે મૂકી હતી. તમે મૂકેલી રકમ વ્યાજ સહિત બમણી થઈ ગઈ છે. અમારી બૅંક હવે ગ્રાહકોને હોમ સર્વિસ પૂરી પાડે છે અને માટે તમારી રકમ પરત કરવા માટે અમે આવ્યા છીએ. આ ડૉક્યુમેન્ટ પર સહી કરો અને આપની રકમ સ્વીકારો.''

બૅંકના અધિકારીઓ છગનભાઈના દુશ્મન નહોતા અને મગનભાઈના સગા નહોતા. આમ છતાં છગનભાઈને વ્યાજસહિત રકમ ભરવા માટે સૂચના આપી છગનભાઈને અને એના પરિવારને દુ:ખી કર્યા તથા મગનભાઈને વ્યાજસહિત રકમ પરત કરી મગનભાઈ અને એના પરિવારને આનંદ આપ્યો.

આપણી સાથે પણ આમ જ થાય છે. આપણે કોઈને સ્મિત આપીએ તો એ પણ વ્યાજસહિત પરત આવે છે અને આંસુ આપ્યા હોય તો એ પણ વ્યાજ સાથે પાછા આવે છે. જીવનમાં આવતું સુખ કે દુ:ખ આપણે ડિપૉઝિટ કરી છે કે લોન લીધી છે તેના પર આધાર રાખે છે.

– શૈલેષ સગપરિયા

8RELZJ

વાણી, વર્તન અને કાર્ય... વિચારોનું પ્રતિબિંબ છે.

# ૯. કૉમ્પ્યુટર વસંત

## ડૉ. હર્ષદેવ માધવ

ડૉ. હર્ષદેવ માધવનું મૂળ નામ હર્ષવદન મનસુખલાલ જાની છે. તેમનો જન્મ ૨૦ ઑક્ટોબર, ૧૯૫૪ના રોજ ભાવનગરના વારતેજ ગામમાં થયો હતો. તેમણે ગુજરાતી તથા સંસ્કૃત ભાષામાં સાહિત્ય સર્જન કર્યું છે. તેઓ અનુ આધુનિક યુગના કવિ છે. 'હાથ ફંફોસે આંધળા સુગંધને' તેમનો કાવ્યસંગ્રહ છે. તેમણે વિવેચન અને સંપાદનનાં પુસ્તકો પણ આપ્યા છે. ગુજરાત સંસ્કૃત એકેડેમી એવૉર્ડ, કાલીદાસ એવૉર્ડ, ભારતીય ભાષા પરિષદ એવૉર્ડ, સાહિત્ય ગૌરવ પુરસ્કાર જેવા અનેક સન્માનોથી તેઓ સન્માનિત થયા છે.

## સૂર કૃતિનો

પ્રસ્તુત કાવ્યમાં કવિએ વસંતઋતુનો વૈભવ કૉમ્પ્યુટરની ભાષામાં વર્ણવ્યો છે. આ વર્ણન આજના ટેક્નોલોજી યુગમાં મનભાવન બની રહે છે.

કૉમ્પ્યુટરની કોઈ ફાઈલ ખોલવા પાસવર્ડ નાંખીએ છીએ. તેમ ફાગણ મહિનાની ફાઈલ ખોલવા બગીચાઓ વસંતનો પાસવર્ડ નાંખે છે. વૃક્ષોને નવી નવી ડાળીઓ ફૂટવાથી તેની સ્ક્રીન રંગીન અને આકર્ષક લાગે છે. ડાળીઓ પર કળીઓરૂપી 'વિન્ડો' ખૂલતાંની સાથે પતંગિયાંના ટોળેટોળાં આવી ચડે છે. જેઓ ફૂલોનું મધ ચાખવાના 'મેનુ'થી ફૂલો તરફ આકર્ષાય છે. ભમરાઓ પણ ઉતાવળા બનીને ફૂલોની આસપાસ ગુંજન કરવા લાગે છે.

આંબાની મંજરીઓ મ્હોરી ઊઠે છે. પાનખરમાં પાંદડાંમાં ઘૂસી ગયેલો વાઈરસ વસંતમાં દૂર થઈ જવાથી વૃક્ષો નવપલ્લવિત બને છે. કોઈપણ જાતના રંગ કે બ્રશરૂપી કમાન્ડ આપ્યા વગર જ રંગબેરંગી ફૂલો ખીલી ઊઠે છે. તેમના સૌંદર્યરૂપી સંદેશાઓ કોયલ પોતાના ટહુકારૂપી મોબાઈલમાં ઝીલી લે છે.

વૃક્ષ કૉમ્પ્યુટરના 'માઉસ' પર મલયાનિલની લહેરખી આવતા તેની વેલીઓ સ્નેહથી લચી પડે છે. પક્ષીઓ આનંદથી નાચી ઊઠે છે. માણસો પણ મિત્રો સાથે વસંતની મજા માણે છે.

ઉપવન 'વસન્ત' એવો પાસવર્ડ મોકલે ત્યાં
 ફાગણની ખૂલી ગઈ ફાઈલ
વૃક્ષોનો સ્ક્રીન આજ એવો રંગીન
 જુઓ ડાળીઓની નવી નવી સ્ટાઈલ !
કળીઓએ વાસેલી 'વિન્ડો' ખોલી તો મળ્યાં
 સામે પતંગિયાનાં ટોળાં,
'મેનુ'માં ચાખવાનું મધનું ટીપું ને
 જરા ચૂમવાનાં ફૂલોને ભોળાં !
ભમરાઓ રઘવાયા-આપ્યું ઉદારતાથી

આંબાથી મંજરીએ સ્માઈલ !
પીળા પડવાનો ચલો વાઈરસ દૂર થયો,
ઝાડ ઝાડ પ્રગટ્યો ઉમંગ
'પેન્ટ બ્રશ' એવા કમાન્ડ વિના ખીલ્યા છે
ફૂલોના સાવ ફ્રેશ રંગ !
પુષ્પોના એસ.એમ.એસ. વાંચીને કોયલ પણ
જોડે છે સામે મોબાઈલ...
મલયાનિલ 'માઉસ' ઉપર આંગળીઓ ફેરવે ત્યાં
પ્રેમે લચી જતી વેલીઓ
ખૂણે લપાઈ જુઓ બેઠાં વિહંગ
અને અડકીને બેઠી સહેલીઓ;
વેબસાઈટ પુષ્પો ને પ્રેમની છે એક
અને મ્હેંકવું છે-એ છે પ્રોફાઈલ...

### અધ્યાપન સંકેત

પ્રસ્તુત કૃતિનું અધ્યાપન કરાવવાની શરૂઆતમાં આપણી મુખ્ય ઋતુઓ અને પેટા ઋતુઓ વિશે સક્રિય ચર્ચા કરીને વસંત ઋતુની જરૂરી માહિતી આપવી. વસંત ઋતુના વૈભવનું વર્ણન વિદ્યાર્થીઓને પ્રશ્નો પૂછીને તૈયાર કરવું.

ત્યારપછી કૉમ્પ્યુટરની ભાષામાં વસંતના વૈભવને વ્યક્ત કરવા માટે 'પાસવર્ડ', 'ફાઈલ', 'સ્ક્રીન', 'વિન્ડો', 'મેનુ', 'વાઈરસ', 'પેન્ટ બ્રશ', 'માઉસ', 'કમાન્ડ', 'એસ.એમ.એસ.' અને 'વેબસાઈટ' જેવા શબ્દોને કાવ્યમાં જે રીતે નિરુપ્યા છે તેને સરળ ભાષામાં સમજાવવા.

પુષ્પો અને પ્રેમની વેબસાઈટ એકસરખી અર્થાત સમાન જ છે. તેમની પ્રોફાઈલ બસ મહેક્યા કરવાની છે. જેમ પુષ્પોને મહેક્યા વગર ચાલે નહિ તેમ પ્રેમની સુવાસ પણ કદી છાની રહી શકતી નથી તે સમજાવવું.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધો.**

(૧) બગીચો (૨) ફુદું (૩) સખી (૪) મધુકર
(૫) મ્હોર (૬) કોકિલા (૭) સ્નેહ (૮) પક્ષી

**સ. ૨. નમૂના પ્રમાણે યોગ્ય ક્રમમાં લખો : દા.ત. :** મૂળ, થડ, ડાળી, ફૂલ, ફળ

(૧) વાદળાં, પાણી, વરસાદ, વરાળ, નદી (૨) માગશર, મહા, કારતક, ફાગણ, પોષ
(૩) વિન્ડો, ફાઈલ, સ્ટાર્ટ, પાસવર્ડ, મેનુ (૪) વાવવું, નીંદવું, બી, લણવું, ખેડવું

**સ. ૩. શબ્દની અંતાક્ષરી પૂર્ણ કરો :**

(૧) વસંતઋતુ → ______________ → ______________ → ______________
(૨) મલયાનિલ → ______________ → ______________ → ______________

(૩) વૃક્ષ → _______________ → _______________ → _______________

(૪) સહેલી → _______________ → _______________ → _______________

**સ. ૪. વિસંગત શબ્દ ફરતે ગોળ કરો :**

(૧) બગીચો ઉપવન વાડી બાગ (૨) ભમરો મધુકર મકરંદ ભ્રમર

(૩) પ્રેમ મમતા હેત સ્નેહ (૪) ડાળી વૃક્ષ તરુ ઝાડ

**સ. ૫. યોગ્ય રીતે જોડો :**

| વિભાગ 'અ' | વિભાગ 'બ' |
|---|---|
| (૧) કૉમ્પ્યુટર | (અ) સાંકેતિક શબ્દ |
| (૨) કમાન્ડ | (આ) પડદો |
| (૩) પાસવર્ડ | (ઇ) સંકેતસ્થળ |
| (૪) સ્ક્રીન | (ઈ) સંગણક |
| (૫) વેબસાઈટ | (ઉ) આદેશ |

**સ. ૬. યોગ્ય રીતે જોડો :**

| વિભાગ 'અ' | વિભાગ 'બ' |
|---|---|
| (૧) ઉપવન | (અ) મોબાઈલ જોડે |
| (૨) કળીઓ | (આ) સ્માઈલ આપે |
| (૩) મંજરી | (ઇ) એસ.એમ.એસ.મોકલે |
| (૪) પુષ્પો | (ઈ) પાસવર્ડ મોકલે |
| (૫) કોયલ | (ઉ) વિન્ડો ખોલે |

**સ. ૭. કાવ્યની પંક્તિઓને યોગ્ય ક્રમમાં ગોઠવો :**

(૧) વૃક્ષોનો સ્ક્રીન આજ એવો રંગીન (૨) ઉપવન 'વસન્ત' એવો પાસવર્ડ મોકલે ત્યાં

(૩) જુઓ ડાળીઓની નવી નવી સ્ટાઈલ ! (૪) ફાગણની ખૂલી ગઈ ફાઈલ

**સ. ૮. નીચેના અર્થ દર્શાવતી પંક્તિ લખો :**

(૧) કળીઓ જ્યારે 'વિન્ડો' ખોલે છે ત્યારે પતંગિયાંના ટોળેટોળાં સામે દેખાય છે.

(૨) પાનખર ઋતુમાં ઘૂસી ગયેલો 'વાઈરસ' વસંત ઋતુમાં દૂર થતાં જ વૃક્ષો નવપલ્લવિત બને છે.

(૩) રંગબેરંગી ફૂલોથી આકર્ષાઈને કોયલ મીઠા ટહુકા કરે છે.

**સ. ૯. ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ મૂકો :**

(૧) 'પેન્ટ બ્રશ' એવા _______________ વિના ખીલ્યા છે. ફૂલોના સાવ ફ્રેશ રંગ !

(૨) _______________ પુષ્પો ને પ્રેમની છે એક અને મ્હેંકવું છે-એ છે પ્રોફાઈલ...

(૩) ભમરાઓ _______________ આપ્યું ઉદારતાથી આંબાથી મંજરીએ સ્માઈલ !

**સ. ૧૦. કાવ્યનો ભાવાર્થ તમારા શબ્દોમાં લખો.**

**સંભાષણ** ★ વસંતઋતુને ઋતુઓની રાણી કહેવા પાછળના તર્ક-વિર્તક કરી વર્ગમાં સમૂહચર્ચા કરો.

**પ્રકલ્પ** ★ મુખ્ય ત્રણ ઋતુ અને છ પેટા ઋતુઓ વિશે માહિતી મેળવીને સુંદર પ્રકલ્પ તૈયાર કરો.

## ભાષિક સમજ

★ **સંધિનો વિગ્રહ કરો :**

(૧) મલયાનિલ (૨) સ્વાધ્યાય (૩) વિવેકાનંદ (૪) ચિંતાતુર (૫) રામેશ્વર (૬) મંત્રોચ્ચાર

★ **રેખાંકિત શબ્દ પરથી ભાવવાચક નામ બનાવી ખાલી જગ્યા પૂરો :**

(૧) ઉદાર માનવીની _____ મનને સ્પર્શી ગઈ. (૨) ભોળાં બાળકોનું _____ બધાંને આકર્ષે છે.

(૩) મહાન વૈજ્ઞાનિકોની ___ તેમની નવી શોધોને આભારી છે. (૪) કડવાં કારેલાંની _____ બધાંને ગમતી નથી.

★ **કૌંસમાં આપેલાં ક્રિયાપદને '....વાનું'નું રૂપ લગાવી ખાલી જગ્યા પૂરો :**

દા.ત. : મેનુમાં (ચાખવું) _______ મધનું ટીપું હતું. જવાબ : મેનુમાં ચાખવાનું મધનું ટીપું હતું.

(૧) વસંતઋતુને (મહાલવું) _____________ આનંદ અનેરો છે.

(૨) દીપ (પ્રગટાવવું) _____________ કાર્ય મુખ્ય અતિથિ કરશે.

(૩) પાનખરમાં પાંદડાં પીળાં (પડવું) _____________ અને (ખરવું) _____________ શરૂ થાય છે.

(૪) વસંતઋતુમાં છોડ પર કળીઓ (ખીલવું) _____________ શરૂ થાય છે.

★ **વાક્યો બહુવચનમાં ફેરવો.**

(૧) પુષ્પનો એસ. એમ. એસ.વાંચી કોયલ ટહુકે છે.

(૨) ભમરો ફૂલ પર ગુંજારવ કરે છે.

(૩) કળીએ વિન્ડો ખોલી તો પતંગિયાંનું ટોળું મળ્યું.

(૪) ડાળીની નવી સ્ટાઈલ જોવા મળી.

## હું વાંચું ......... તમે પણ વાંચો.

### પંચમી આવી વસંતની

કોકિલ, પંચમ બોલ બોલો
કે પંચમી આવી વસંતની.
દખ્ખણના વાયરાનાં આ શાં અડપલાં !
ઊઘડ્યાં લતાઓનાં યૌવનનાં સપનાં,
લાગ્યો જ્યાં એક વાયુઝોલો –
કે પંચમી આવી વસંતની
મંજરી, મત્ત થઈ ડોલો
કે પંચમી આવી વસંતની.
આંબે આંબે હસે રસની કટોરીઓ,
ગાતાં ભમતાં ભૃંગ પ્રેમ તણી હોરીઓ.
આછો મકરંદ મંદ ઢોળો
કે પંચમી આવી વસંતની
આતમ, અંતરપટ ખોલો, કે પંચમી આવી વસંતની
ચેતના આ આવી ખખડાવે છે બારણાં,
હેતે વધાવી એને લો રે ઓવારણાં.
ઝીલે શો સૃષ્ટિનો હિંડોળો ! કે પંચમી આવી વસંતની.

– ઉમાશંકર જોશી

8RNI27

ટેક્નોલૉજી યુગમાં પ્રકૃતિ ના ભૂલીએ.

# ૧૦. ડાયનેમો

## નગેન્દ્ર વિજય

ગુજરાતમાં જન્મેલા નગેન્દ્ર વિજયગુપ્ત મૌર્ય ગુજરાતી ભાષાના વિજ્ઞાન લેખક, પત્રકાર અને પ્રકાશક છે. તેમણે પ્રથમ ગુજરાતી વિજ્ઞાન સામયિક સ્કોપની શરૂઆત કરી હતી, અનેક પુસ્તકો પણ લખ્યા છે જેવા કે, 'ઈન્ડોપાક વૉર-૧૯૭૧', 'વર્લ્ડવૉર ૧ અને ૨', 'સફારી', 'નેચર એન્ડ એનિમલ' વગેરે. હાલ તેઓ ગુજરાતી ભાષાના પ્રથમ નામાંકિત વૈજ્ઞાનિક માસિકનું પ્રકાશક પદ સંભાળી રહ્યાં છે. ૧૪ વર્ષની ઉંમરથી જ તેમણે લખવાનું શરૂ કર્યું હતું. તેમણે મુંબઈ ખાતે બી.કોમ.ની પદવી મેળવી હતી. તેમના પુત્ર હર્ષલ પુષ્કર્ણા પણ વિજ્ઞાન લેખક છે.

## સૂર કૃતિનો

પ્રસ્તુત કૃતિમાં બ્રિટનના સ્ટીવન ફ્રેઈન નામના 'ડાયનેમો' વિશેની વાત કરવામાં આવી છે. જન્મથી જ તકલીફોથી ઘેરાયેલા સ્ટીવનને અન્ય બાળકોએ આપેલા ત્રાસને સહન કરવો પડયો હતો. હિણપતની લાગણી અનુભવતો સ્ટીવન માનસિક સધિયારો લેવા 'સુપરમેન', 'બેટમેન' કે 'સ્પાઈડર મેન' જેવી ફિલ્મો જોઈ પોતાની જાતને તેની સાથે તુલના કરી તેવી કલ્પનામાં રચ્યોપચ્યો રહેતો. તેના પરનાના ગ્રેમ્પ્સે તેને કેટલાંક જાદુ અને સામેની વ્યક્તિની શક્તિને ખેંચી લેતા શીખવ્યું પછી પોતાને હેરાન કરતાં છોકરાઓને તેણે પાઠ ભણાવ્યો. પોતાની જાદુઈ તાકાતનો પરચો બતાવ્યો. પછી તેના માનપાન વધી ગયા.

જાદુગરોના એક અધિવેશનમાં સ્ટીવને પોતાની એવી જાદુગરી પેશ કરી કે એક પ્રોફેશનલ જાદુગરે તેને 'ડાયનેમો' કહીને નવાજ્યો. આમ પોતાનામાં રહેલી નબળાઈને સ્ટીવને પોતાના આત્મવિશ્વાસથી વરદાનમાં ફેરવી નાંખી તે વાત લેખકે અસરકારક શૈલીમાં રજૂ કરી છે.

૨૫ જૂન, ૨૦૧૧ના દિવસે બ્રિટનના લંડન શહેરના વેસ્ટમિન્સ્ટર બ્રિજ પરથી પસાર થતા રાહદારીઓના પગ એકાએક થંભી ગયા. સ્તબ્ધ બની ગયેલા લોકો એ દશ્યને નજરે જોયા છતાં સાચું માનવા તૈયાર નહોતા કે જે થેમ્સનું અરાજક વહેણ દર વર્ષે લંડન શહેરના ૪૦-૫૦ લોકોનો ભોગ લે છે એ થેમ્સ નદીના પશ્ચિમકાંઠે ઊંડા શ્વાસ લેતા ઊભેલો એકવડા બાંધાનો યુવાન પોતાના બંને હાથ ફેલાવીને વહેણ તરફ આગળ વધ્યો અને નદીના તળિયે નહિ, પણ નદીની સપાટી પર ડગલાં ભરવા લાગ્યો. માત્ર તેનો પાનીનો ભાગ પાણીમાં ડૂબેલો હતો. 'અરે આ તો ડાયનેમો છે !' નો પોકાર ઊઠતા ત્યાં ઊભેલા લોકોમાં ચિંતાને બદલે અચરજનું મોજું ફરી વળ્યું.

ગ્રીષ્મઋતુ હોવા છતાં વાતાવરણમાં શરીરને કંપાવતી ઠંડી હતી. ૨૯ વર્ષીય ડાયનેમો તેના બેય પગે થેમ્સનો વેગવાન પ્રવાહ અનુભવી રહ્યો હતો. બાકીના શરીર પર પવનનું જોર વરતાતું હતું. ડાયનેમો સંતુલન જાળવવા બંને હાથ ફેલાયેલા રાખી પ્રયત્નપૂર્વક મથતો હોય એમ જણાતું હતું. ડાયનેમોએ ધીમી ચાલે લગભગ ૧૨૫ મીટરનું અંતર એટલે કે નદીનો અડધો પટ પાર કર્યો ત્યાં તો થેમ્સ નદી પર ચોકી કરતી પુલિસની બોટે આવી ડાયનેમોને બોટ



પર ખેંચી લીધો. આ જાદુગરે ભલે અડધી નદી કાપી પરંતુ એ પણ તેને વિશ્વમાં ખ્યાતિ આપવા પૂરતું હતું. જેનું મૂળ નામ સ્ટીવન ફ્રેઈન છે એવા ડાયનેમોનો જન્મ ૧૭ ડિસેમ્બર, ૧૯૮૨ના રોજ બ્રિટનના બ્રેડફોર્ડ શહેરમાં થયો હતો. જન્મ સમયે પોણા બે કિલોગ્રામ વજન અને ટચૂકડું કદ ધરાવનાર સ્ટીવનને વીસ દિવસ સુધી કાચની પેટીમાં રાખવો પડેલો. મોટા થયા પછી પણ ઉંમરના પ્રમાણમાં તેનો બાંધો અતિશય નબળો હતો. તેરમે વર્ષે ડૉક્ટરે નિદાન કર્યું કે સ્ટીવનને chrohn's disease નામનો રોગ છે જેનું મૂળ કારણ જિનેટિક ખામી છે અને તેની કોઈ દવા નથી. પણ મિતાહાર દ્વારા તેને નિયંત્રણમાં રાખી શકાય છે.

નબળો બાંધો અને વિવિધ શારીરિક તકલીફો ધરાવતા સ્ટીવનને રસ્તે રખડતા ગઠિયા છોકરાઓ અવાર-નવાર ધક્કે ચડાવતા હતા. પ્રતિકાર કરવાનું સ્ટીવનમાં જોર નહિ. એટલે દર વખતે ચૂપચાપ બધું સહી લેવું પડતું હતું. શાળામાં પણ એની એ જ હાલત થતી. હિણપતની લાગણી સતત તેના મનને કોરતી હતી, એટલે માનસિક સધિયારો લેવા તે 'સુપરમેન', 'બેટમેન' તેમજ 'સ્પાઈડરમેન' ફિલ્મોની વિડિઓ ફરીફરીને જોયા કરતો હતો અને પોતાની જાતને અસીમ શક્તિવાળું પાત્ર ધારી કલ્પનાસૃષ્ટિમાં ડૂબી જતો હતો.

એકવાર તોફાની છોકરાઓ દ્વારા પરેશાન થઈને આવેલા સ્ટીવનને તેના પરનાના જેને સ્ટીવન ગ્રૅમ્પ્સ કહેતો. તેમણે સ્ટીવનને પૂછ્યું : 'પરેશાન કરતા જોરાવર છોકરાઓ સામે તારે જીતવું છે, ખરું ? ચાલ, હું તને કંઈક બતાવું ! અગાઉ પણ સ્ટીવનને તેમણે અચરજમાં મૂકતા કેટલાંક જાદુ કરી દેખાડ્યાં હતાં. સામી વ્યક્તિનું શારીરિક જોર શી રીતે ખેંચી લઈ તેને કમજોર બનાવવી એ ગ્રૅમ્પ્સે પ્રેક્ટિકલ રીતે સ્ટીવનને શીખવ્યું. કેટલાક દિવસો બાદ પેલા તોફાની છોકરાઓએ સ્ટીવનને કચરાના ડ્રમમાં ટૂંટિયું વાળીને બેસી જવાનું ફરમાવ્યું ત્યારે એ મક્કમ રહ્યો. એક છોકરો તેને ધરાર ડ્રમમાં નાખવા આગળ થયો, પણ સ્ટીવનને ઊંચકવા માટે ઘણું મથ્યા છતાં ઊંચકી શક્યો નહિ. સ્ટીવને ત્યાર પછી શાળાના બીજા ઉપદ્રવી છોકરાઓને આવો જાદુઈ પરચો દાખવ્યો, એટલે તે સૌએ પણ તેને સતાવવાનું બંધ કર્યું. ઊલટું, શાળામાં તેના માનપાન વધ્યા. વર્ષો બાદ હટ્ટાકટ્ટા ટી.વી.સ્ટારને અને ત્યારબાદ હેવીવેઈટ



બોક્સિંગના વર્લ્ડ ચેમ્પિયન ડેવિડ હેઈનની એનર્જી ખેંચી લીધા બાદ તેઓ પોતાના કરતાં અડધા વજનના સ્ટીવનને ઉપાડવામાં અસમર્થ રહ્યા હતાં.

રોમાંચકારી અનુભવ થયા બાદ સ્ટીવન ફ્રેઈન જાદુનાં રસિયા બન્યા. ફુરસદના કલાકો દરમ્યાન ગંજીપાની જોડ પર પ્રેક્ટિસ ઉપરાંત પ્રયોગો કરતાં હતા. જમણા હાથમાં પકડેલી જોડના દરેક પત્તાને વારાફરતી જમ્પ મરાવી સહેજ દૂરની ડાબી હથેળી સુધી પહોંચાડી ત્યાં થપ્પી બનાવવાનો કસબ તેણે રોજિંદી પ્રેક્ટિસ દ્વારા શીખી લીધો. પત્તાનાં અવનવાં જાદુ પણ તેણે અજમાવ્યાં, જેમાં અમુક ખુદ તેના ભેજાની ઉપજ હતાં, ગંજીપા પછી સિક્કાના જાદુ પણ અજમાવ્યા.

સ્ટીવન ૧૭ વર્ષનો થયો ત્યાં સુધીમાં તેની મેજિશિઅન તરીકેની શાખ કમસેકમ તેના બ્રેડફોર્ડ શહેર પૂરતી જામી. બર્થ ડે પાર્ટીમાં ખેલ બતાવવા માટેના ઓર્ડર તેને મળવા લાગ્યા. સ્ટીવનનું માનવું હતું કે જાદુ તો રંગમંચને બદલે રસ્તા પર પ્રેક્ષકોની વચ્ચે રહીને કરવું જોઈએ. ચારેય દિશાઓ પ્રત્યક્ષ અવલોકન કરવા માગતા પ્રેક્ષકો માટે ખુલ્લી રહેવી જોઈએ. સ્ટીવન ભારતના મદારીની જેમ સ્ટ્રીટ મેજિક કરવા માગતો હતો, જેના માટે રંગમંચ ધરાવતા ઓડિટોરિયમની જરૂર નહોતી અને તેણે પોતે ફેન્સી કપડાં પહેરવાનું જરૂરી નહોતું. અમેરિકામાં માત્ર ટી-શર્ટ અને શોર્ટ્સ પહેરીને તે એક સામાન્ય રાહદારીની જેમ ફર્યો અને મરજી પડી ત્યાં લોકોને મેજિકનો કમાલ દાખવ્યો.

સ્ટીવન ફ્રેઈનને 'ડાયનેમો' શબ્દની મહોર રીતસરના સન્માન સમારંભને બદલે માત્ર વાતવાતમાં લાગી તે વર્ષ ૨૦૦૧નું હતું. વિખ્યાત જાદુસમ્રાટ હેરી હુડિનીએ સોસાયટી ઓફ અમેરિકન મેજિશિઅન્સ સ્થાપ્યાને સો વર્ષ પૂરા થતાં હતાં. તે માટે બધા અગ્રગણ્ય જાદુગરો ન્યૂયોર્કમાં અધિવેશનમાં ભાગ લેવા ભેગા થવાના હતાં.

ઊગતા જાદુગર તરીકે સ્ટીવનને પણ આમંત્રણ મોકલવામાં આવ્યું. અધિવેશનમાં સ્ટીવને પોતાની એવી જાદુગરી પેશ કરી કે અન્ય જાદુગરો અચંબો પામી તેની એક પછી એક મેજિક આઈટમ જોતા રહી ગયા. થોડા સિક્કા તેણે ત્રણ આમંત્રિત પાસેથી તેમના જ હસ્તે સ્કેચ પેન વડે નિશાની કરાવીને લીધા અને પછી અદશ્ય કરી

દીધા. સિક્કા અંતે પાછલી હરોળના અનુક્રમે ત્રણ  જણાના ગજવામાંથી, કાંડા ઘડિયાળના ડાયલ નીચેથી અને હેટ નીચેથી મળી આવ્યા. ત્રણેય જણા પોતે વ્યવસાયી જાદુગરો હતા. બીજા ખેલ દરમ્યાન સ્ટીવને પત્તાની જોડ પોતાની હથેળી પર રાખી. એક પછી એક પત્તા હવામાં આપોઆપ તરતાં થયાં અને સ્ટીવનની કેપ પર તેમની થપ્પી બનવા લાગી. એક પ્રોફેશનલ જાદુગર ત્યારે મોટા અવાજે બોલી ઊઠ્યાં : 'આ છોકરો તો ડાયનેમો છે !' બ્રેડફોર્ડમાં જ વર્ષો સુધી રહેલો અને કોલેજનું શિક્ષણ ન પામેલો સ્ટીવન ડાયનેમો શબ્દનો અર્થ જાણતો નહોતો. શબ્દાર્થ તેણે ડિક્શનરીમાં વાંચ્યો : 'A small generator that gives massive electrifying results'. ડાયનેમો નામ યથાર્થ હતું. સાઠીકડા સ્ટીવનનું મેજિક જોનારને સાચે જ આશ્ચર્યનો મોટો આંચકો મળતો હતો.

ડાયનેમોના ઘણાખરા જાદુ એવા છે કે જેમને વિજ્ઞાન કે લોજિક વડે સમજાવી શકાતા નથી. કેટલાંક તો ભૌતિકશાસ્ત્રના સ્થાપિત મૂળભૂત સિદ્ધાંતોને ડિંગો બતાવે છે. આવો જ એક અચરજ પમાડનાર પ્રયોગ ૨૦૧૩માં લંડનના વેસ્ટમિન્સ્ટર બ્રિજ પર ચાલતા લોકોએ જોયો. સામેથી આવી રહેલી ડબલ ડેકર બસની બહાર ડાયનેમો માત્ર જમણા હાથનો પંજો બસને અડકેલો રાખી જમીનથી લગભગ ૪.૫ મીટર ઊંચે લટકી રહ્યો હતો. કોઈ ગોપિત પ્લેટફોર્મ ન હતું. અને કોઈ પડદો ન હતો. રાહદારીઓ ગમે તે એન્ગલે તેની ફોટોગ્રોફી કે વિડિઓગ્રાફી કરી શકે તેમ હતા.

વિજ્ઞાન જેને પ્રતિબંધિત ગણે એવું બીજું મેજિક બ્રાઝિલના રિઓ દ'જાનેઈરો શહેરની મુલાકાત દરમ્યાન સાર્વજનિક પાર્કમાં કર્યું. સિમેન્ટ કોંક્રિટના બાંકડા પર ફક્ત જમણો હાથ ટેકવી શરીરને આડીલીટીમાં અદ્ધર કર્યું અને કેટલીકવાર સુધી એવો પોઝ જાળવ્યો. આ પોઝ અવલંબનનો હતો. અવલંબન વખતે બેલેન્સ જાળવવાનો તકાદો હોય છે. ડાયનેમોએ અવલંબન ધારણ કરી, અને એવી સ્થિતિમાં આધારબિંદુ છેક ડાબી તરફ હોય છે, જ્યારે ગુરૂત્વ મધ્યબિંદુ શરીરના centre of mass તરીકે વચ્ચે હોય છે. બૅલેન્સ હંમેશાં ત્યારે જળવાય કે જ્યારે આધારબિંદુની બન્ને તરફ mass દળ સરખું હોય, પણ ડાયનેમોના કેસમાં એ સ્થિતિ નહોતી. 'આમ કેવી રીતે બન્યું ?' એ પ્રશ્નનો ખુલાસો મળતો નથી. ખુલાસાની બાબતમાં જોસેફ ડનિંજર નામના જાદુસમ્રાટના શબ્દો યાદ આવે છે, 'જે લોકો જાદુમાં માને છે તેમને ખુલાસાની જરૂર નથી. જે લોકો ન માનતા હોય તેમને ગમે તેટલા ખુલાસા આપો તો પણ તેઓ માનવાના નથી.

### અધ્યાપન સંકેત

પ્રસ્તુત કૃતિનું અધ્યાપન કરાવવાની શરૂઆતમાં કે. લાલ જાદુગર વિશે વર્ગમાં ચર્ચા કરવી. નાના-મોટા જાદુ કરવાની રમત ઘણા વિદ્યાર્થીઓ રમતા હોય છે. તેવા જો કોઈ વિદ્યાર્થી વર્ગમાં હોય તો તે કરવાની તેમને વર્ગમાં તક આપવી. પછી 'જાદુ'ની સાચી, સ્પષ્ટ અને માન્ય સંકલ્પના દૃઢ કરાવવી.

લઘુપ્રશ્નો પૂછીને વિષયવસ્તુનું સ્પષ્ટીકરણ કરવું. સ્ટીવનના જન્મ અને તેના શારીરિક રોગ વિશે પણ ચર્ચા કરવી. તેને પરેશાન કરતાં વિદ્યાર્થીઓની વર્તણૂંકને અયોગ્ય ગણાવીને સ્ટીવન જેવા કોઈપણ બાળકને મદદ કરવા પ્રોત્સાહિત કરવા. તેમ છતાં અહીં પરનાના ગ્રેમ્પ્સે સામેવાળાની શક્તિ ખેંચી લેવાની જે જાદુઈ તાકાત દર્શાવી છે તેનો વિવેકબુદ્ધિપૂર્વક ઉલ્લેખ કરીને આવું ક્યારેય ન કરવા માટે ચેતવણી પણ આપવી. સ્ટીવનને પરેશાન કરતાં વિદ્યાર્થીઓને કાબુમાં લેવાના અન્ય નિર્દોષ ઉપાયો વિશે પણ ચર્ચા કરવી.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો :**

(૧) અચાનક (૨) નામના (૩) કાબુ (૪) સામનો
(૫) હેરાન (૬) નવરાશ (૭) આબરૂ (૮) ગાયબ

**સ. ૨. 'વજનદાર' શબ્દના અક્ષરો લઈને બની શકે તેટલા વધારે શબ્દો બનાવો.**

**સ. ૩. નમૂના પ્રમાણે શબ્દ બનાવો : દા.ત. જાડું – જાડાઈ**

(૧) મૂર્ખ (૨) સગું (૩) લાંબુ (૪) ભલું (૫) જુદું (૬) કંજૂસ

**સ. ૪. અંતે 'દાર' પ્રત્યય લખી તેવા શબ્દોની યાદી બનાવો. દા.ત. હવાલદાર**

**સ. ૫. ઓળખો :**

(૧) ડાયનેમોની જન્મભૂમિ – _________
(૩) સ્ટીવનને થયેલો રોગ – _________
(૪) સ્ટીવનના પરનાના – _________
(૫) વિખ્યાત જાદુ સમ્રાટ – _________

**સ. ૬. કહો.**

(૧) અમેરિકામાં જાદુ બતાવતી વખતે સ્ટીવને પહેરેલા કપડાં –
(૨) બ્રિટનનાં બે શહેરો –
(૩) પાઠમાં ઉલ્લેખ થયેલા જાદુસમ્રાટો –
(૪) સ્ટીવન જોતો તે વિડિયો ફિલ્મના પાત્રો –

**સ. ૭. ખાલી જગ્યા પૂરો :**

(૧) માત્ર તેનો ______________________ ભાગ પાણીમાં ડૂબેલો હતો.
(૨) લોકોમાં ચિંતાને બદલે ______________________ મોજું ફરી વળ્યું.
(૩) બાકીના શરીર પર ______________________ જોર વર્તાતું હતું.
(૪) જાદુમાં માનતા લોકોને ______________________ જરૂર નથી.

**સ. ૮. યોગ્ય વિકલ્પ પસંદ કરી વિધાન પૂર્ણ કરો :**

(૧) મોટા થયા પછી પણ ઉંમરના પ્રમાણમાં સ્ટીવનનો બાંધો ________________.
(અ) અતિશય નબળો હતો (આ) અતિશય પહોળો હતો (ઇ) સુડોળ અને યોગ્ય હતો

(૨) રોમાંચકારી અનુભવ થયા બાદ સ્ટીવન ________________.
(અ) બહાદુર બન્યો (આ) ખુશખુશાલ થયો (ઇ) જાદુનો રસિયો બન્યો

(૩) ગંજીફા પછી સ્ટીવને ________________.

(અ) દડાના જાદુ કર્યાં (આ) સિક્કાના જાદુ અજમાવ્યા (ઇ) કપડાંના જાદુ અજમાવ્યા

(૪) સ્ટીવન ભારતના મદારીની જેમ ________________.

(અ) સ્ટ્રીટ મેજિક કરવા માંગતો હતો (આ) દોરડા પર ચાલવા માંગતો હતો

(ઇ) વાંદરાના ખેલ કરવા માંગતો હતો

**સ. ૯. આડાઅવળા શબ્દોને યોગ્ય ક્રમમાં ગોઠવી અર્થપૂર્ણ વાક્ય બનાવો :**

(૧) બતાવું તને કંઈક હું ચાલ

(૨) સિક્કાના અજમાવ્યા પણ પછી ગંજીફા પ્રયોગો

(૩) જીતવું છે સામે તારે કરતા, ખરું જોરાવર છોકરાઓ પરેશાન

(૪) છે આ ડાયનેમો તો છોકરો

**સ. ૧૦. 'શારીરિક નબળાઈ હોવા છતાં માણસ ધારે તે કરી શકે છે.' સ્ટીવનના ઉદાહરણને ધ્યાનમાં રાખીને તમારા શબ્દોમાં સમજાવો.**

**સંભાષણ** ★ તમે જોયેલા જાદુના પ્રયોગો વિશે વર્ગમાં સમૂહ ચર્ચા કરો.

**પ્રકલ્પ** ★ ભારતીય જાદુગરો વિશે માહિતી મેળવીને એક પ્રોજેક્ટ તૈયાર કરો.

## ભાષિક સમજ

★ **વિશેષણ ઓળખી રેખાંકિત કરો :**

(૧) નીલાએ ચાર રમકડાં ખરીદ્યા.

(૨) ઝાડ પર ઘણાં પંખી હતાં.

(૩) આ સુંદર ઘોડો છે.

(૪) રાહુલ તોફાની છોકરો છે.

★ **યોગ્ય વિરામચિહ્નો મૂકો.**

(૧) પરેશાન કરતાં જોરાવર છોકરાઓ સામે તારે જીતવું છે ખરું

(૨) અરે આ તો ડાયનેમો છે

(૩) આમ કેવી રીતે બન્યું એ પ્રશ્નનો ખુલાસો મળતો નથી

★ **કાળ ઓળખો :**

(૧) જાદુગર જાદુના ખેલ બતાવે છે.

(૨) તમે જાદુના ખેલ કરવાનો પ્રયત્ન કરશો ખરાં ?

## હું વાંચું ......... તમે પણ વાંચો.

### કઠપૂતળી

પ્રેક્ષકોની નજરે ન પડે એ રીતે પાછળથી દોરીસંચાર કરી માનવ કે પ્રાણીપાત્રોનાં સંચાલનથી કથા-પ્રસંગોની મનોરંજક રજૂઆત કઠપૂતળીઓ દ્વારા કરવામાં આવે છે.

દરેક યુગમાં વિશ્વના જુદા જુદા દેશોમાં કઠપૂતળી રાજા તથા રંક, બાળક તથા વૃદ્ધ, સર્વેનું મનોરંજન કરતી આવી છે. સંપૂર્ણ વિશ્વમાં આ લોકકળાનો જુદા જુદા સ્વરુપે વિકાસ થયો છે. સામાન્ય રીતે કઠપૂતળીઓનો ઉપયોગ લોકકથા, ધાર્મિક કથા અને બાળકોને ગમતી વાર્તાઓ પ્રત્યક્ષ રજૂ કરવામાં થાય છે.

આમ તો લાકડાની બનાવેલી પૂતળીઓને જ 'કઠપૂતળીઓ' કહેવાય. પરંતુ હવે તો લાકડા સિવાય ચીંથરા અથવા કાગળના માવામાંથી પૂતળાં બનાવવામાં આવે છે. છાયાપૂતળી બનાવવા કાગળ, ચામડું, વગેરે વપરાય છે તો પ્રાણીના પૂતળાં બનાવવા માટે કાપડ, રૂ વગેરે વાપરવામાં આવે છે. કઠપૂતળીઓના હલનચલન, હાવભાવ, કથન પ્રગટ કરવા માટે પૃષ્ઠભૂમિમાં રહીને સૂત્રધાર તેમનું સંચાલન કરે છે. પૂતળીઓના પરસ્પર સ્નેહ, વાદવિવાદ, સંઘર્ષ વગેરે તેમજ જુદા-જુદા અવાજો અને સંગીત પણ સૂત્રધાર જ પડદા પાછળથી પૂરાં પાડે છે.

કઠપૂતળીના ઘણા પ્રકારો છે; જેમાં મુખ્યત્વે આંગળી-પપેટ (finger puppet) હાથ વડે ચાલતાં ગ્લવ પપેટ, દોરી વડે સંચાલિત કઠપૂતળી, છાયાપૂતળી અને જાપાની બુનરાકુ છે.


– અંજના ભગવતી



અખંડ પુરુષાર્થીઓ જ નવી કેડી કંડારી શકે.


8RXE3U

★ નીચેના ચિત્રનું નિરીક્ષણ કરીને વર્ણન કરો.




## ધોરણ : આઠમું - ગરવી ગુજરાતી - અધ્યયન નિષ્પત્તિ


| અધ્યયન - અધ્યાપન પ્રક્રિયા | અધ્યયન નિષ્પત્તિ |
|---|---|
| **દરેક વિદ્યાર્થીઓને (જુદી રીતે સક્ષમ વિદ્યાર્થીઓ સહિત) વ્યક્તિગત અથવા સામૂહિક સ્વરૂપે નીચેની બાબતો માટે પ્રોત્સાહિત કરવા.**<br>• પોતાની ભાષામાં બોલવાની તેમજ ચર્ચા તથા વિશ્લેષણ કરવાની તક આપવી.<br>• જૂથમાં કાર્ય કરતી વખતે એકબીજાના કામો વિશે ચર્ચા કરવી, મત લેવો - આપવો, પ્રશ્ન પૂછવાનું સ્વાતંત્ર્ય આપવું.<br>• ગુજરાતીની સાથે પોતાની ભાષાનું સાહિત્ય વાંચવાનું સ્વાતંત્ર્ય આપવું.<br>• પોતાના પરિવાર અને સમાજ સાથે સંબંધિત વિવિધ સાહિત્યનું વાંચન અને તેના વિશે ચર્ચા કરવાની તક આપવી.<br>• પોતાની ભાષા વાંચતી વખતે લખવાના સંદર્ભમાં કૃતિઓ આયોજિત કરવી. જેમ કે - શબ્દ રમત, કવિતા, ગીત, પત્ર વગેરે.<br>• વિદ્યાર્થીઓને સક્રિય અને જાગૃત બનાવવા માટે તૈયાર કરવામાં આવતું સાહિત્ય જેમકે- વર્તમાનપત્ર, પત્રિકા, ચલચિત્ર, દશ્યશ્રાવ્ય સાહિત્ય વગેરે) જોવાની, સાંભળવાની, વાંચવાની, લખવાની તક આપવી.<br>• કલ્પનાશક્તિ અને સર્જનાત્મકતાનો વિકાસ કરનારી ક્રિયા જેમકે - અભિનય, મૂક અભિનય, કવિતા, પાઠ, સર્જનાત્મક લેખ, વિવિધ પરિસ્થિતિઓમાં સંવાદ વગેરેનું આયોજન કરવું અને તેની તૈયારી સંબંધિત લેખિત સાહિત્ય પૂરું પાડવું. | **વિદ્યાર્થીઓ**<br>08.19.01 વિવિધ પ્રસાર માધ્યમો દ્વારા પ્રસારિત થતી ચર્ચા, સંવાદ બાબત પોતાનો અભિપ્રાય આપી શકે છે.<br>08.19.02 સાર્વજનિક સ્થળો પરની સૂચના સમજપૂર્વક સાંભળે છે.<br>08.19.03 ઔપચારિક અને અનૌપચારિક સંવાદ, સંભાષણ સાંભળીને તેમાં ભાગ લે છે.<br>08.19.04 વિવિધ પ્રસંગે, વિવિધ ઉદ્દેશ માટે લખતી વખતે શબ્દ, વાક્ય, રૂઢિપ્રયોગ, કહેવતોનો યોગ્ય ઉપયોગ કરે છે.<br>08.19.05 કવિતા, ગીત વગેરે યોગ્ય આરોહ, અવરોહ સહિત ગાય છે, તેની ઓડિયો સીડી સાંભળે છે.<br>08.19.06 પાઠ્યપુસ્તક અને પુસ્તકેતર અન્ય સાહિત્યને સમજીને તેનું પ્રગટ વાંચન કરે છે.<br>08.19.07 વિરામચિહ્નોને ધ્યાનમાં રાખીને પ્રકટ વાંચન કરે છે.<br>08.19.08 સંદર્ભ માટે શબ્દકોશનો ઉપયોગ કરે છે.<br>08.19.09 આપેલા વિષયનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરીને પોતાનો સ્પષ્ટ અભિપ્રાય આપે છે.<br>08.19.10 શબ્દસમૂહ, રૂઢિપ્રયોગ, કહેવતોનો લેખન અને ભાષણ-સંભાષણમાં અસરકારક રીતે ઉપયોગ કરે છે.<br>08.19.11 વિવિધ સામાજિક સમસ્યાઓ વિશે પોતાના વિચારો સ્પષ્ટ પણે રજૂ કરે છે.<br>08.19.12 લખતી વખતે શુદ્ધલેખનના નિયમોનું પાલન કરે છે.<br>08.19.13 સાંભળેલી, અનુભવેલી માહિતી પોતાના શબ્દોમાં લખે છે.<br>08.19.14 ગુજરાતી ભાષાનું વિવિધ પ્રકારનું સાહિત્ય (વર્તમાનપત્રો, માસિકો, વાર્તા, ઇન્ટરનેટ પર પ્રસિદ્ધ થતું સાહિત્ય) સમજીને વાંચે છે.<br>08.19.15 વાંચેલા સાહિત્યનું ચિંતન કરીને આકલન માટે પ્રશ્ન પૂછે છે.<br>08.19.16 પોતાના શબ્દોમાં ચિત્રવર્ણન કરે છે.<br>08.19.17 વ્યાકરણના ઘટકોની માહિતી મેળવે છે અને તેનો યોગ્ય ઉપયોગ કરે છે. દા.ત. - સંધિ, જાતિ, વચન, નામ, સર્વનામ, વિશેષણ, ક્રિયાપદ, કાળ, વિરામચિહ્નો, જોડણીના નિયમો. |



































- पाठ्यपुस्तक मंडळाची वैशिष्ट्यपूर्ण पाठ्येत्तर प्रकाशने.
- नामवंत लेखक, कवी, विचारवंत यांच्या साहित्याचा समावेश.
- शालेय स्तरावर पूरक वाचनासाठी उपयुक्त.

पुस्तक मागणीसाठी www.ebalbharati.in, www.balbharati.in संकेत स्थळावर भेट द्या.

**साहित्य पाठ्यपुस्तक मंडळाच्या विभागीय भांडारांमध्ये विक्रीसाठी उपलब्ध आहे.**

ebalbharati

विभागीय भांडारे संपर्क क्रमांक : पुणे - ☎ २५६५९४६५, कोल्हापूर- ☎ २४६८५७६, मुंबई (गोरेगाव) - ☎ २८७७१८४२, पनवेल - ☎ २७४६२६४६५, नाशिक - ☎ २३९१५११, औरंगाबाद - ☎ २३३२१७१, नागपूर - ☎ २५४७७१६/२५२३०७८, लातूर - ☎ २२०९३०, अमरावती - ☎ २५३०९६५



મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે ૪૧૧ ૦૦૪.

गरवी गुजराती इयत्ता ८वी (संपूर्ण)

₹ 30.00